# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

23 APRIL, 2026 THURSDAY




પેજ 2



વૈદ્ય,વેદ સ્વરૂપ અને વેદ પુરુષ શિવ છેઃ પૂજ્ય મોરારિબાપુ

પેજ 3



ચાંદખેડા વિસ્તારમાં બ્રેક ફેલ થતા BRTS બસ સોસાયટીમાં ઘૂસી ગઈ

પેજ 7




ઈલેક્શન એક્સપ્લેનરઃ મુસ્લિમ બહુમતી વાળા 6 જિલ્લામાં વસે છે મમતાનો જીવ

પેજ 5



પોરબંદરમાં એસ.ઓ.જી.નો દરોડોઃ ૨૬૨ ગ્રામ સુકા ગાંજા સાથે બે ઈસમ ઝડપાયા



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 38 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## ઈસ્લામિક ગાર્ડે કબજામાં લીધું, રાજસ્થાનના મર્ચન્ટ નેવી ઓફિસર ફસાયા

# હોર્મુઝ સ્ટ્રેટથી ગુજરાત આવી રહેલા જહાજને ઈરાને રોક્યું

### પાકિસ્તાની આર્મી ચીફ મુનીર અને પીએમ શાહબાઝની અપીલ પર નિર્ણય

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) એ હોર્મુઝ સ્ટ્રેટમાં ભારત આવી રહેલા એક જહાજને અટકાવીને પોતાના કબજામાં લઈ લીધું છે. ઈરાને આરોપ લગાવ્યો છે કે આ જહાજ પરવાનગી વગર હોર્મુઝ પાસેથી પસાર થવાનો પ્રયત્ન કરી રહ્યું હતું.લાઈબેરિયાના ફ્લેગવાળું 'એપામિનોડેસ' નામનું આ કન્ટેનર શિપ ગુજરાતના મુન્દ્રા પોર્ટ તરફ આવી રહ્યું હતું. ઈરાની નૌકાદળના જણાવ્યા અનુસાર, જહાજની નેવિગેશન સિસ્ટમ સાથે છેડછાડ કરવામાં આવી હતી, જેનાથી દરિયાઈ સુરક્ષા માટે જોખમ ઊભું થયું હતું.કાર્યવાહી દરમિયાન IRGCએ જહાજને રોકીને પોતાના કબજામાં લીધું અને તેને કિનારા તરફ લઈ ગઈ. આ ઉપરાંત, ઈઝરાયેલ સાથે જોડાયેલા 'ફ્રાન્સેસ્કા' નામના બીજા જહાજને પણ કબજામાં લેવામાં આવ્યું છે. વધુમાં, 'યુફોરિયા' નામના જહાજ પર હુમલો પણ કરવામાં આવ્યો છે.




આ જહાજ પર રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લાના રહેવાસી મર્ચન્ટ નેવીમાં વાઈસ કેપ્ટન સંજય માહર હાજર છે. તેમણે દૈનિક ભાસ્કરને જણાવ્યું કે મારા શિપ પર ઈરાનની સેનાએ ફાયરિંગ કર્યું. ત્યારબાદ અમે બધા અંદર આવી ગયા. જહાજમાં મારા સહિત કુલ 21 ક્રૂ મેમ્બર્સ છે. સંજયે શિપની અંદરનો એક વીડિયો પણ મોકલ્યો છે.આ તસવીર લાઈબેરિયાના ધ્વજવાળા કન્ટેનર જહાજ એપામિનોડેસની છે, જેને ઈરાનની IRGCએ કબજામાં લીધું છે.ટ્રમ્પે જણાવ્યું હતું કે પાકિસ્તાનની વિનંતી પર અમેરિકા ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધવિરામને લંબાવી રહ્યું છે.જોકે, તેમણે કેટલા સમય માટે સ્પષ્ટ કર્યું નથી.ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાનમાં હાલમાં નેતૃત્વ અને સરકારમાં એકતાનો અભાવ છે. આ સમયે પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરે તેમને ઈરાન પર હુમલાઓ અસ્થાયી રૂપે બંધ કરવા અપીલ કરી હતી જેથી ઈરાનને સંયુક્ત દરખાસ્ત તૈયાર કરવા માટે સમય મળે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, આ વિનંતીના જવાબમાં તેમણે યુએસ સેનાને હાલ પૂરતો હુમલાઓ બંધ કરવાનો આદેશ આપ્યો છે. જોકે, સેનાને પણ સંપૂર્ણ રીતે તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે. આ સમય દરમિયાન નાકાબંધી ઈરાન પર દબાણ જાળવી રાખવા માટે ચાલુ રહેશે.તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી ઈરાન એક નક્કર અને એકીકૃત દરખાસ્ત રજૂ ન કરે અને વાટાઘાટો પૂર્ણ ન થાય ત્યાં સુધી યુદ્ધવિરામ ચાલુ રહેશે, પરિણામ ગમે તે હોય.પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે મંગળવારે અમેરિકી રાજદ્વારી નતાલી બેકર સાથે મુલાકાત કરી અમેરિકાને યુદ્ધવિરામ વધારવાની અપીલ કરી.પાકિસ્તાનમાં 21-22 એપ્રિલે અમેરિકા-ઈરાન વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત થવાની હતી, જેને લઈને રાજધાની ઈસ્લામાબાદમાં બેનરો લગાવવામાં આવ્યા હતા.ટ્રમ્પની ધમકીઃ ઈરાનને ચેતવણી આપી કે જો શાંતિ કરાર નહીં થાય, તો અમેરિકી સેના હુમલા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને આદેશ મળતા જ કાર્યવાહી કરી શકે છે. કહ્યું કે યુદ્ધવિરામને આગળ નહીં વધારશે.

હોર્મુઝ ખોલાવવા પર બેઠકઃ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે UK-ફ્રાન્સે 30 દેશોની બેઠક બોલાવવાનો નિર્ણય કર્યો છે.લંડનમાં આજે આ બેઠક યોજાશે. વેન્સની PAK યાત્રા ટળીઃ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સની પાકિસ્તાન યાત્રા ટાળી દેવામાં આવી છે. ઈરાને વાતચીત માટે ડેલિગેશનને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો, જેના પછી આ નિર્ણય લેવામાં આવ્યો.હુતી બળવાખોરોની ચેતવણીઃ યમનના હુતી બળવાખોરોએ ચેતવણી આપી છે કે યુદ્ધ હજુ સમાપ્ત થયું નથી. અમેરિકા અને ઈરાન વચ્ચે બનેલો યુદ્ધવિરામ નબળો છે. તેથી આગળ મોટો સંઘર્ષ થવાનો નિશ્ચિત છે.ફ્રાન્સની કડક ટિપ્પણીઃ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધીને અમેરિકાની ભૂલ ગણાવી છે. તેમણે કહ્યું કે આ નિર્ણય પછી ઈરાની અધિકારીઓએ પોતાનો પ્રારંભિક વલણ બદલી નાખ્યો.લેબનોનમાં ઈઝરાયલી હુમલામાં પત્રકાર અમલ ખલીલનું મોત થયું છે. લેબનોનના પ્રેસ ક્લબે ખલીલને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે તેમણે પોતાના વિશ્વાસની કિંમત પોતાનો જીવ આપીને ચૂકવી છે.પ્રેસ ક્લબના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ હુમલો ઈઝરાયલની તે સુનિયોજિત ઝુંબેશનો ભાગ છે, જેમાં પત્રકારો અને મીડિયા કર્મીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. અમલ ખલીલે જે મુદ્દા માટે કામ કર્યું, તે માટે જ તેમણે પોતાનો જીવ આપ્યો.

## જર્મન એરલાઈન લુફથાન્સાએ 20 હજાર ફ્લાઈટ્સ રદ કરી

### ઈરાન યુદ્ધથી ઈંધણ મોંઘું ; યુરોપમાં માત્ર 6 અઠવાડિયાનું જેટ ફ્યુઅલ બાકી

જર્મનીની એરલાઈન લુફથાંસાએ મેથી ઓક્ટોબર સુધી 20 હજાર શોર્ટ-હોલ ફ્લાઈટ્સ રદ કરવાનો નિર્ણય લીધો છે. ઈરાન યુદ્ધના કારણે યુરોપમાં જેટ ફયુઅલની કિંમતો લગભગ બમણી થઈ ગઈ છે. કંપનીના મતે, આનાથી લગભગ 40 હજાર ટન જેટ ફયુઅલની બચત થશે.કંપનીએ સોમવારથી દરરોજ લગભગ 120 ફ્લાઈટ્સ ઘટાડી છે.આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ રહેવાથી તેલ પુરવઠાને અસર થઈ છે અને યુરોપમાં જેટ ફયુઅલ પુરવઠાની ચિંતા વધી છે.આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA) એ ચેતવણી આપી છે કે યુરોપ પાસે ફક્ત 6 અઠવાડિયાનું જેટ ફયુઅલ બાકી છે.જર્મન એરલાઈન્સ લુફથાંસાએ ઉનાળાની ઋતુના અંત સુધીમાં ખોટ કરતા રૂટ્સ બંધ કરવાનો નિર્ણય લીધો છે.લુફથાન્સાએ મંગળવારે જણાવ્યું કે તે તેના નાના રૂટના નેટવર્કમાં ફેરફાર કરીને ઉનાળાનું ફ્લાઈટ શેડ્યૂલ સ્થિર રાખશે. કંપની એપ્રિલના અંતમાં અથવા મેની શરૂઆતમાં સંપૂર્ણ યોજના જાહેર કરશે. કંપનીએ તેના નેટવર્કમાં મોટા ફેરફારો કર્યા છે. ફ્રેન્કફર્ટ અને મ્યુનિકથી ખોટ કરતા રૂટ બંધ કરવામાં આવી રહ્યા છે, જ્યારે ઝુરિચ, બ્રસેલ્સ અને વિયેનાથી ફ્લાઈટ્સ વધારવામાં આવશે. આનાથી મુસાફરોને લાંબા અંતરની ફ્લાઈટ્સ સાથે વધુ સારું કનેક્શન મળશે.ઉનાળાના અંત સુધીમાં લાંબા અંતરની ફ્લાઈટ્સની ક્ષમતા થોડી ઓછી કરવામાં આવશે. 6 મોટા વિમાનો હટાવવામાં આવશે, 2 બોઈંગ 747 શિયાળામાં ઉડાન ભરશે નહીં અને 4 એરબસ A340-600 વિમાનો ઓક્ટોબરમાં કાયમ માટે બંધ કરી દેવામાં આવશે.




## ન્યૂઝ બ્રિફ

### PM મોદીને આતંકવાદી કહેવા પર ખડગેને ECની નોટિસઃકોંગ્રેસ અધ્યક્ષે નિવેદન પર સ્પષ્ટતા પણ કરી હતી

પંચ (EC) એ બુધવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. ભાજપે આજે પીએમ મોદીને આતંકવાદી ગણાવવાના મામલે ચૂંટણી પંચ સમક્ષ ખડગેની ફરિયાદ કરી હતી.ખડગેએ મંગળવારે ચેન્નઈમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પીએમ મોદીને આતંકવાદી કહ્યા હતા. જોકે, બાદમાં તેમણે નિવેદન પર સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે પીએમ મોદી લોકો અને રાજકીય પક્ષોને ડરાવી રહ્યા છે. મેં ક્યારેય કહ્યું નથી કે તેઓ આતંકવાદી છે. મારો મતલબ છે કે મોદી હંમેશા ધમકી આપે છે.બીજી તરફ, અમિત શાહે પશ્ચિમ બંગાળના દમદમ ઉત્તરમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું કે આતંકવાદને ખતમ કરનાર નરેન્દ્ર મોદીને ખડગે આતંકવાદી કહી રહ્યા છે. રાહુલ ગાંધી સાથે રહીને ખડગેની ભાષા બગડવા લાગી છે, પરંતુ મોદીને જેટલી ગાળો આપશો.

### સોનું 105 ઘટીને 1.52 લાખ પર આવ્યુંઃચાંદી 836 સસ્તી થઈ, 2.49 લાખ પર આવી

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 22 એપ્રિલે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 105 રૂપિયા ઘટીને 1,52,250 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા 21 એપ્રિલે તેની કિંમત 1,52,355 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.જ્યારે એક કિલો ચાંદી 836 રૂપિયા ઘટીને 2,49,677 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા મંગળવારે તેની કિંમત 2,50,513 રૂપિયા પ્રતિ કિલો હતી.ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટીઃ એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીનો જથ્થોઃ દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશનઃ રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે.

### ભીષણ હીટવેવનો હાહાકાર, પારો 45C ને પારઃમહારાષ્ટ્રમાં 7નાં મોત, આગ્રામાં 6 પ્રવાસીઓ બેભાન; ગરમીથી બચવા રીંછ માટે 8 કિલો આઈસ્ક્રીમની જયાફત!

ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ગરમીનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જેમાં રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઓડિશા અને બંગાળનો સમાવેશ થાય છે. છેલ્લા પાંચ દિવસથી તાપમાન સતત 40Cથી 45Cની વચ્ચે રહ્યું છે.તીવ્ર ગરમી જનજીવનને અસર કરવા લાગી છે. ઉદયપુર અને જયપુર સહિત રાજસ્થાનના પર્યટન સ્થળોમાં પ્રવાસીઓનું આગમન ઘટ્યું છે. ઉત્તરપ્રદેશના આગ્રામાં તાજમહેલની મુલાકાત લેનારા છ પ્રવાસીઓ બીમાર પડ્યા હતા.મહારાષ્ટ્રના વિદર્ભ અને ઉત્તર મહારાષ્ટ્રમાં પારો 45 ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે.સ્થિતિ એવી છે કે અહીં 7 લોકોના મોત થયા છે અને 31 લોકો બીમાર છે. હીટસ્ટ્રોકને તેનું કારણ માનવામાં આવી રહ્યું છે. પ્રશાસને હીટ એક્શન પ્લાન લાગુ કરી દીધો છે.

## સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ:પાક્કો ગુજરાત મહા-ખુલાસો

# સુરતના જિનાલય પર હુમલાનું મોટું ષડયંત્ર, ૨૦૦ ગુંડાઓની ફોજ તૈયાર!

### ૨૩ એપ્રિલના રોજ જિનાલયના નિર્માણને નુકસાન પહોંચાડવું અને શહેરમાં અશાંતિ ફેલાવવી

• સુરત

સુરતની પવિત્ર ધરતી પર 'શ્રી અભય પાર્શ્વનાથ જિનાલય' વિરુદ્ધ રચાયેલું કાવતરું હવે અત્યંત ખતરનાક વળાંક પર પહોંચ્યું છે. હાર્દિક હુડિયા, જગત પારેખ અને વિક્રમ બાફનાની ત્રિપુટીએ હવે માત્ર ખંડણી સુધી મર્યાદિત ન રહીને, સીધો ધર્મસ્થળ પર હુમલો કરવાની ખોફનાક યોજના બનાવી છે. એક વાયરલ ઓડિયોએ સમગ્ર જૈન સમાજ અને પોલીસ પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી છે.

ઓડિયો લીકઃ મધ્યપ્રદેશથી બોલાવાયા ભાડૂતી ગુંડાઓ

મળતી વિગતો અને વાયરલ ઓડિયો મુજબ, આગામી ૨૩ એપ્રિલના રોજ જિનાલય પર હુમલો કરવાની તૈયારીઓ થઈ રહી છે.




* લોહીયાળ ખેલઃ મધ્યપ્રદેશથી આશરે ૧૫૦ થી ૨૦૦ જેટલા ભાડૂતી ગુંડાઓને સુરત બોલાવવામાં આવ્યા છે.

* નિશાનઃ ૨૩ એપ્રિલના રોજ જિનાલયના નિર્માણને નુકસાન પહોંચાડવું અને શહેરમાં અશાંતિ ફેલાવવી.

* નિષ્ફળતાની હારઃ મુનિ ભગવંતોને ક્લીન ચીટ મળ્યા બાદ અને ૨.૫ કરોડની ખંડણીની ચાલ નિષ્ફળ ગયા પછી હુડિયા ગેંગ હવે હિંસા પર ઉતરી આવી છે.

પ્રશાસન સામે વેધક સવાલોઃ શું પોલીસ રક્ષણ આપશે?

ગાદીપતિ દ્વારા મુનિ ભગવંતોને નિર્દોષ જાહેર કર્યા હોવા છતાં આ ગેંગ કોના જોરે ખુલ્લેઆમ ફરી રહી છે?

૧. શું સુરત પોલીસ આ ૨૦૦ જેટલા બહારના હુમલાખોરોને શહેરમાં પ્રવેશવા દેશે?

૨. ડિજિટલ ટેરરિઝમ ફેલાવનાર હાર્દિક હુડિયા અને મેદાન તૈયાર કરનાર જગત પારેખ સામે કાર્યવાહી ક્યારે?

૩. આ ગુનેગારોને માહિતી પૂરી પાડતી 'મહિલા પત્રકાર' કોણ છે?

પાક્કો ગુજરાતનો હુંકારઃ ધર્મની રક્ષા માટે એકતા અનિવાર્ય

આજે જ્યારે જિનાલયનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ છે, ત્યારે જૈન સમાજ ભગવાન મહાવીરના ચરણોમાં નમન કરી પોતાની શ્રદ્ધા પ્રગટ કરી રહ્યો છે. આ સમયે સમાજની એકતા જ આ 'કાળા કામો' કરનારાઓ સામે સૌથી મોટું હથિયાર બનશે. પ્રશાસન પાસે માંગ છે કે તાત્કાલિક બોર્ડર સીલ કરવામાં આવે અને ષડયંત્રકારીઓની ધરપકડ કરવામાં આવે.

બ્યુરો રિપોર્ટ:પાક્કો ગુજરાત ન્યૂઝ

સત્યની જીત, અધર્મનો વિનાશ!

## બ્રિટનમાં 2008 પછી જન્મેલા બાળકો તમાકુ ખરીદી શકશે નહી

• લંડન

બ્રિટને ધૂમ્રપાન રોકવા માટે ખૂબ જ કડક પગલું ભર્યું છે. હવે ત્યાં નવી પેઢીના લોકો માટે સિગારેટ ખરીદવાનું કાયમ માટે બંધ કરવાની તૈયારી થઈ ગઈ છે. સરકારે ટોબેકો એન્ડ વેપ્સ બિલ પસાર કરી દીધું છે. આ અંતર્ગત 2008 પછી જન્મેલા લોકો જીવનભર તમાકુ સંબંધિત વસ્તુઓ ખરીદી શકશે નહીં.આ બિલ સંસદના બંને ગૃહો હાઉસ ઓફ કોમન્સ અને હાઉસ ઓફ લોર્ડ્સમાંથી પસાર થઈ ચૂક્યું છે. હવે માત્ર કિંગ ચાર્લ્સ III ની ઔપચારિક મંજૂરી બાકી છે, જે સામાન્ય રીતે માત્ર એક પ્રક્રિયા હોય છે.સરકારે આ બિલ 2024 માં રજૂ કર્યું હતું અને તેને પોતાની મોટી પ્રાથમિકતાઓમાં રાખ્યું હતું. નવા નિયમ અનુસાર, 1 જાન્યુઆરી 2027 થી આ કાયદો લાગુ થશે.લોકો 2009 કે તે પછી જન્મ્યા છે, તેઓ ક્યારેય પણ કાનૂની રીતે સિગારેટ ખરીદી શકશે નહીં.દુકાનદારોએ દરેક ગ્રાહકની ઉંમર તપાસવી પડશે. ઓછી ઉંમરના વ્યક્તિને સિગારેટ વેચવા પર દંડ લાગશે.તમાકુ વેચનારાઓએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે. જ્યારે જાહેરાત અને પ્રમોશન પર સખત પ્રતિબંધ રહેશે.વેપિંગ (ઈ-સિગારેટ) પર પણ કડકાઈ કરવામાં આવી છે. શાળા, હોસ્પિટલ અને બાળકોના રમવાના સ્થળોએ ધૂમ્રપાન સંપૂર્ણપણે બંધ રહેશે. ઘણી ઈન્ડોર જગ્યાઓ પર વેપિંગ પણ કરી શકાશે નહીં.

## કેદારનાથ દર્શનના પહેલા દિવસે વડોદરાના શ્રદ્ધાળુને હાર્ટએટેક:2 કલાક મૃતદેહ તડકામાં રઝળ્યો

• રુદ્રપ્રયાગ

કેદારનાથના કપાટ ખુલ્યાના પહેલા જ દિવસે વડોદરાથી આવેલા એક શ્રદ્ધાળુનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું. મૃત્યુ બાદ મૃતદેહને નીચે લઈ જવા માટે પણ પરિવારજનોને કલાકો સુધી ભટકવું પડ્યું. મૃતકના પુત્ર હેમંતે પ્રશાસન અને મેડિકલ ટીમ પર બેદરકારીના ગંભીર આરોપો લગાવ્યા છે.હેમંતે કહ્યું કે, મેં ઉત્તરાખંડના મુખ્યમંત્રી(પુષ્કરસિંહ ધામી) સાથે પણ વાત કરી અને તેમને કહ્યું કે, જો સીએમ સરને હેલિકોપ્ટર મળી શકે તો ડેડબોડી માટે કેમ નહીં?વડોદરાથી ટૂર ઓપરેટર હેમંતભાઈ માલી (ત્રિમૂર્તિ ટૂર્સ એન્ડ એડવેન્ચર્સ) પોતાના માતા-પિતા સાથે દર્શન કરવા આવ્યા હતા. તેમણે કહ્યું- પપ્પાને હાર્ટ એટેક આવ્યો અને તેઓ પડી ગયા. 100 નંબર પર ફોન કર્યો, મેડિકલ ટીમે 5-10 મિનિટમાં આવવાનું કહ્યું, પરંતુ દોઢ કલાક સુધી કોઈ આવ્યું નહીં. મજબૂરીવશ પિતાને પીઠ્ઠુ પર હોસ્પિટલ લઈ ગયો, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા.આખો પરિવાર 19 એપ્રિલના રોજ કેદારનાથ અને બદ્રીનાથ ટૂર પર ગયો હતો. 70 લોકોની ટૂર છે. હેમંતભાઈ તેમના પત્ની અને માતા-પિતા સાથે ટૂર પર ગયા છે. આ દરમિયાન હેમંતભાઈના પિતાનું અવસાન થયું છે. 13 દિવસની યાત્રા છે. યાત્રા આગળ વધશે અને હેમંતભાઈ તેમના પરિવાર સાથે વડોદરા પરત આવશે.મૃતકના પુત્ર હેમંત માલીની વડોદરાના રાજમહેલ રોડ પર આવેલી ત્રિમૂર્તિ ટ્રાવેલ્સની ઓફિસ.અંકુરે આગળ કહ્યું કે, 'મારા પિતાનો મૃતદેહ 2 કલાક સુધી હેલિપેડ પર તડકામાં પડ્યો રહ્યો. પ્રશાસન કહે છે કે પગપાળા લઈ જાઓ. પગપાળા લઈ જવામાં 5-6 કલાક લાગશે, મૃતદેહની શું હાલત થશે.' જો CM ને આવવા-જવા માટે હેલિકોપ્ટર મળી શકે છે, તો એક મૃત શ્રદ્ધાળુના મૃતદેહને નીચે પહોંચાડવા માટે કેમ નહીં?ડીએમ સાહેબ કહી રહ્યા છે કે DGCA સાથે વાત કરો. ગયા વર્ષે મૃતદેહ નીચે લઈ જવાની મંજૂરી હતી, તો આ વર્ષે અચાનક નિયમો કેમ બદલવામાં આવ્યા? શું મૃત્યુ પામેલા લોકો માટે કોઈ વ્યવસ્થા ન હોવી જોઈએ?અંકુરે ભાસ્કરને જણાવ્યું કે રુદ્રપ્રયાગ પ્રશાસન કોઈ મદદ કરી રહ્યું નથી. ઉપરથી પૈસા માંગવામાં આવી રહ્યા છે. રુદ્રપ્રયાગના DM વિશાલ મિશ્રાએ એમ્બ્યુલન્સનો નંબર આપ્યો, જે દિલ્હી એરપોર્ટ સુધી છોડવાના 16,000 રૂપિયા માંગી રહ્યા છે. હાલ તેઓ રુદ્રપ્રયાગની હોસ્પિટલમાં છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનો હુકમ

## વાવ-થરાદ: ચૂંટણી અધિકારીશ્રીઓ અને સેક્ટર ઓફિસરને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રીના અધિકારો અપાયા

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો-વ્યવસ્થા જાળવવા અધિકારીશ્રીઓને ધરપકડ અને જપ્તીની સત્તાઓ સોંપાઈ વાવ-થરાદ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૬માં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓને અનુલક્ષીને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.એસ. પ્રજાપતિ દ્વારા એક મહત્વનો હુકમ બહાર પાડવામાં આવ્યો છે. ચૂંટણી પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી જિલ્લા પંચાયત, તમામ ૮ તાલુકા પંચાયતો તથા ભાભર અને થરાદ નગરપાલિકાની ચૂંટણીમાં રોકાયેલા અધિકારીઓને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગના આદેશો મુજબ જિલ્લામાં તારીખ ૦૧/૦૪/૨૦૨૬થી આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ચૂક્યો છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણ નિયંત્રણ રાખવા માટે જે અધિકારીઓ પાસે અગાઉ મેજિસ્ટ્રિયલ પાવર નહોતા, તેવા નોન-રેવન્યુ ચૂંટણી અધિકારીઓ અને સેક્ટર ઓફિસરશ્રીઓને 'ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ' (Special Executive Magistrate) તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૫ મુજબ આ અધિકારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે એનાયત કરવામાં આવ્યા છે. આ હુકમ અન્વયે નિયુક્ત અધિકારીઓને વિવિધ મહત્વની સત્તાઓ સોંપવામાં આવી છે, જેમાં ગુનેગારની ધરપકડ કરવી (કલમ-૪૪), પોતાની હાજરીમાં જડતી લેવી (કલમ-૧૦૩), શંકાસ્પદ દસ્તાવેજો કે વસ્તુઓ કબજે કરવી (કલમ-૧૦૪) અને જરૂર જણાયે નાગરિક દળનો ઉપયોગ કરી ગેરકાયદેસર મંડળીઓને વિખેરવાની સત્તાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જાહેર શાંતિમાં ખલેલ પહોંચે તેવા તાકીદના સંજોગોમાં હુકમ કરવાની સત્તા (કલમ-૧૮૭) પણ આ અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, વાવ-થરાદ જિલ્લામાં મતદાન તારીખ ૨૬/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૦૭:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી યોજાશે અને તારીખ ૨૮/૦૪/૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે અંબાજી સરહદ છાપરી અને અમીરગઢ બોર્ડર પર સઘન ચેકિંગ હાથ ધરાયુ

• અંબાજી

ચૂંટણીના માહોલ વચ્ચે અંબાજી અને બનાસકાંઠાના સરહદી વિસ્તારોમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને બનાસકાંઠા પોલીસ એક્શન મોડમાં આવી છે, જેના ભાગરૂપે રાજસ્થાનને જોડતી છાપરી બોર્ડરને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. એસ.પી. પ્રશાંત સુમ્બેના આદેશથી સરહદી વિસ્તારોમાં પોલીસની 'બાજ નજર' ગોઠવવામાં આવી છે, જેથી ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળી શકાય અને સુરક્ષા જળવાઈ રહે.બોર્ડર પર સુરક્ષાની કમાન ડીવાયએસપી વી. બી. બારાડ અને પીઆઈ ડી.આર.પારગીની ટીમ દ્વારા સંભાળવામાં આવી રહી છે.

**ઝડપાઈ** માલ રાખનાર રાજકોટના એક સોની વેપારીની ધરપકડ કરી કુલ ૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે

# રામાપીરના ઉત્સવમાં ભીડનો લાભ લઈ સોનાના ચેઈન ચોરતી ટોળકી ઝડપાઈ

## રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી અને ઉદ્યોગનગર પોલીસે ૪ મહિલા અને ૨ પુરુષો સહિત કુલ ૭ ને દબોચ્યા: ૫.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

જેતપુર:જેતપુરના નવાગઢ બળદેવધાર વિસ્તારમાં રામાપીરના સ્તંભ રોપણ મહોત્સવ દરમિયાન ભીડનો લાભ લઈ મહિલાઓના ગળામાંથી સોનાના ચેઈન ચોરતી ટોળકીને જેતપુર ઉદ્યોગનગર પોલીસ અને રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડી છે. પોલીસે આ ગુનામાં ચાર મહિલા અને બે પુરુષો સહિત ચોરીનો માલ રાખનાર રાજકોટના એક સોની વેપારીની ધરપકડ કરી કુલ ૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ગત તારીખ ૧૩ના રોજ જેતપુરના નવાગઢ, બળદેવધાર વિસ્તારમાં રામાપીરના મંદિરના સ્તંભારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ કરી પરત ફરતી વખતે એક મહિલા ફરીયાદીને જાણ થઈ કે તેમના ગળામાં રહેલ ૩૦ ગ્રામનો સોનાનો ચેઈન (કિંતમ રૂ. ૩,૦૦,૦૦૦/-) ગુમ છે. તપાસ કરતા અન્ય એક મહિલાનો પણ ૧૦ ગ્રામનો સોનાનો ચેઈન અને પેન્ડલ (કિંમત રૂ.૧,૦૦,૦૦૦/-) ચોરાયા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ઉદ્યોગનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.



ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ એલ.સી.બી. પી.આઈ. શ્રી વી.વી. ઓડેદરા અને ઉદ્યોગનગર પી.આઈ. એસ.એચ. શર્માની ટીમે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને મેળાના વીડિયોગ્રાફીની ઝીણવટભરી તપાસમાં કેટલીક મહિલાઓ શંકાસ્પદ જણાઈ હતી. તપાસ દરમિયાન એલ.સી.બી પોલીસ અને ઉદ્યોગનગર પોલીસના સર્વેલન્સ સ્ટાફ ને સયુંક્ત હકીકત મળી હતી કે જેતપુર-જૂનો દેરડી રોડ પરથી એક ઈકો કાર અને રીક્ષા સાથે શંકાસ્પદ ઊભા છે પોલીસે હકીકતના આધારે સ્થળપર દરોડો પાડી એક ઈકો કાર અને રીક્ષા સાથે ઉભેલા ચાર મહિલાઓ અને બે પુરુષોને રાઉન્ડઅપ કર્યા હતા. પોલીસની કડક પૂછપરછમાં આ ટોળકીએ ચોરીની કબૂલાત કરી આપી હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલ આરોપી ૧. દિનેશ ઉર્ફે દિલો સામતભાઈ સોલંકી (રહે. ગોંડલ), ૨. રમેશ ઉર્ફે જેરામ બાબુભાઈ ચુડાસમા (રહે. રાજકોટ), ૩. દૈયાબેન રમેશભાઈ ચુડાસમા (રહે. રાજકોટ), ૪. શાંતિબેન કિશોરભાઈ સોલંકી (રહે. પોરબંદર), ૫. વિજયાબેન ઉર્ફે વિજુબેન દિનેશભાઈ સોલંકી (રહે. ગોંડલ), ૬. કિરણબેન જયભાઈ સોલંકી (રહે. ગોંડલ) આરોપીએ કબૂલાત આપી હતી કે ચોરેલા ચેઈન પૈકી એક ચેન રાજકોટના એક સોની વેપારી આશિષ જિતેન્દ્રભાઈ જોષી ને વેચ્યા હોવાનું જણાવતા પોલીસે તે વેપારીની પણ ધરપકડ કરી સોનાનો ઢાળીયો કબજે કર્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી ૩,૦૦,૦૦૦/- ની કિંમતની ઈકો કાર, ૭૦,૦૦૦/- ની રીક્ષા, ૧૬.૮૫૦ ગ્રામ સોનાનો ઢાળીયો (કિંમત ૨,૦૦,૦૦૦/-), ૨૫,૫૦૦/- રોકડા અને ચોરીમાં વપરાતી ૪ નંગ બ્લેડ મળી કુલ ૫.૯૫.૫૦૦ લાખનો મુદામાલ કબજે કર્યો હતો તેમજ ટોળકીના અન્ય બે સભ્યો હજુ ફરાર છે, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## ૧૮૨ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા

# ઝઘડિયાના વલી ગામે ધારાસભ્ય રિતેશભાઈ વસાવા દ્વારા આયોજિત ભવ્ય આદિવાસી સમૂહ લગ્નોત્સવ સંપન્ન

**લગ્નોત્સવ** આદિવાસી ઢોલ-નગારાના તાલે ભવ્ય વરઘોડો નીકળ્યો: હજારો જનમેદનીની ઉપસ્થિતિમાં આદિવાસી પરંપરા મુજબ લગ્નવિધિ યોજાઈ

• ઝઘડિયા,

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના વલી ગામે ધારાસભ્ય રિતેશભાઈ વસાવા દ્વારા પ્રેરિત અને આયોજિત ભવ્ય 'આદિવાસી સમૂહ લગ્ન મહોત્સવ' અત્યંત હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ મહોત્સવમાં આદિવાસી સમાજના ૧૮૨ નવયુગલોએ એકસાથે શાસ્ત્રોક્ત અને પરંપરાગત વિધિથી લગ્નગ્રંથિએ જોડાઈને નવું જીવન શરૂ કર્યું હતું. સાંજે કન્યા વિદાય વેળાએ ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા. સામાન્ય આદિવાસી પરિવારોને લગ્નના આર્થિક બોજમાંથી મુક્ત કરવાના ધારાસભ્યના આ સેવાકીય કાર્યને સ્થાનિક અગ્રણીઓ અને સમાજ દ્વારા મુક્ત કંઠે બિરદાવવામાં આવ્યું હતું. આ મહોત્સવ માત્ર લગ્ન પ્રસંગ નહીં, પરંતુ આદિવાસી સમાજની એકતા અને ભવ્ય સાંસ્કૃતિક વારસાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સાબિત થયો હતો. છેલ્લા બે દિવસથી ચાલતા આ



મહોત્સવના પ્રથમ દિવસે મંડપ મુહૂર્ત અને રાત્રે પરંપરાગત સાંસ્કૃતિક નાચગાનના કાર્યક્રમો યોજાયા હતા.બીજા મુખ્ય દિવસે સવારે હળદર વિધિ બાદ ૧૮૨ વરરાજાઓનો ભવ્ય સામૂહિક વરઘોડો નીકળ્યો હતો. આદિવાસી સંસ્કૃતિના પ્રતીક સમાન ઢોલ-નગારા અને વાજિંત્રોના તાલે યુવાનો અને વડીલો ઝૂમી ઉઠ્યા હતા, જેના કારણે સમગ્ર પંથકમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. બપોરે ૧૨:૦૦ કલાકે ધારાસભ્ય રિતેશભાઈ વસાવાના નિવાસસ્થાને આયોજિત લગ્ન મંડપમાં આદિવાસી રીત-રિવાજ મુજબ લગ્નવિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત હજારોની જનમેદનીએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. ધારાસભ્ય દ્વારા ઉમદા અભિગમ દાખવી તમામ ૧૮૨ યુગલોને ઘરવખરી અને કરિયાવર રૂપે જીવનજરૂરી ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી હતી.સાંજે કન્યા વિદાય વેળાએ ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા. સામાન્ય આદિવાસી પરિવારોને લગ્નના આર્થિક બોજમાંથી મુક્ત કરવાના ધારાસભ્યના આ સેવાકીય કાર્યને સ્થાનિક અગ્રણીઓ અને સમાજ દ્વારા મુક્ત કંઠે બિરદાવવામાં આવ્યું હતું. આ મહોત્સવ માત્ર લગ્ન પ્રસંગ નહીં, પરંતુ આદિવાસી સમાજની એકતા અને ભવ્ય સાંસ્કૃતિક વારસાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સાબિત થયો હતો.

# વૈદ્ય,વેદ સ્વરૂપ અને વેદ પુરુષ શિવ છે:પૂજ્ય મોરારિબાપુ

## છઠ્ઠા દિવસની કથામાં કેન્દ્રીય મંત્રી શ્રી માંડવીયા સહિતના મહાનુભાવોની હાજરી

• વેળાવદર
(તખુભાઈ સાંડસુર દ્વારા )

પાલીતાણાની સગાપરા ધાર કૈલાશ ટેકરી ખાતે ગવાઈ રહેલી 'માનસ શિવ સંકલ્પ' રામ કથા આજે પચંમ દિવસમાં પ્રવેશ પામી હતી. તા 22 એપ્રિલના આજના દિવસે વિજયગીરીબાપુના જીવન કવન આધારિત પુસ્તક 'અગોચર અટારા'સંપાદક શ્રી વંસતભાઈ બારોટ પૂ. મોરારિબાપુના શુધ્ધ હસ્તે લોકાર્પિત થયું હતું.આજની કથામાં કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું કે શાસ્ત્રો દર્શન અને દિશા આપે છે. આવું ભવ્ય આયોજન જીવનને સુધારવા માટે મહત્વનું બની રહેતું હોય છે. જૈન મુનિ પુ.હાર્દિક સુરેશ્વરજી મહારાજે પણ પ્રસંગિક ઉદબોધન કર્યું હતું. આજની કથામાં પ્રવેશ કરતા પૂ. મોરારિબાપુએ કહ્યું કે એક જિજ્ઞાસા છે કે મનોરથ અને શિવ સંકલ્પ વચ્ચે શું તફાવત છે. જીવના સંકલ્પો બૌદ્ધિક અને સ્વાર્થી હોય છે અને શિવ સંકલ્પ



તેનાથી પર છે. મનોરથ એટલે તે પૂર્ણ થાય તો પણ ભલે અને ન થાય તો કોઈ હરકત નથી.સંકલ્પ ન પાળી શકાય, ન નિભાવી શકાય તેથી મનોરથ કરવો. સિદ્ધિ માટેની સાધના પદ્ધતિ અલગ છે. પરમને પ્રાપ્ત કરવા મનોરથ કામ લાગે છે. વિશ્વામિત્ર રામને પામવા મનોરથ કરે છે. વૈદ્ય, વેદ સ્વરૂપ અને વેદ પુરુષ આ ત્રણેય શિવના સ્વરૂપો છે. કથા સાંપ્રત યુગમાં ખૂબ મહત્વની છે સંવેદના મુક્ત સમાજ થઈ રહ્યો છે ત્યારે કથા અવતાર કાર્ય કરે છે.આજની કથામાં રામચરિત માનસમાં તુલસીજીનો સંકલ્પ, શિવનો સંકલ્પ, વિષ્ણુનો સંકલ્પ, વાલી, સતિ,વિભીષણ વગેરેના સંકલ્પોનો સંવાદ થયો હતો. રામપુર અને ભાગવત કથામાં ચોકીદારના ભડાકાના ઉદાહરણ દ્વારા કથાનું મહત્વ બાપુ એ સ્પષ્ટ કર્યું હતું. કથાના ક્રમમાં આજે શિવ સતીને કથા સંભળાવે છે અને રામ બ્રહ્મ છે કે કેમ તેનો સંદેહ સતિ ન થાય છે. કુભંજ ઋષિના આશ્રમમાં ગવાયેલી પવિત્ર ગંગધારાનો ઉલ્લેખ કરીને કથા વિરામ પામે છે.આવતીકાલે રામજન્મોત્સવની કથા થશે.

# વાવ-થરાદ જિલ્લાની સરકારી કચેરીઓના ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ધરણાં-પ્રદર્શન પર પ્રતિબંધ

## જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.એસ.પ્રજાપતિ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું: પરવાનગી વગર ઉપવાસ કે હડતાલ પર બેસવા સામે મનાઈ

• વાવા-થરાદ

વાવ-થરાદ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.એસ. પ્રજાપતિ (આઈ.એ.એસ.) દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ મળેલી સત્તાની રૂએ એક મહત્વનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. રાજ્યમાં અને જિલ્લામાં વિવિધ જગ્યાએ પૂર્વ પરવાનગી વગર ગેરકાયદેસર મંડળી રચીને ઉપવાસ કે ધરણાં પર બેસવાની ઘટનાઓને ધ્યાને લેતા આ નિર્ણય લેવાયો છે. સરકારી કચેરીઓના પ્રાંગણ કે મુખ્ય માર્ગો પર ઓચિંતા આયોજનોને કારણે સરકારી કામકાજમાં બાધા સર્જાતી હોવાથી અને જાહેર જનતાની સુખાકારી માટે આ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે.

આ જાહેરનામા મુજબ, વાવ-થરાદ જિલ્લાની કલેક્ટર કચેરી, તમામ પ્રાંત કચેરીઓ, જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકની કચેરી, તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની કચેરીઓ સહિત તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રતિબંધ લાગુ રહેશે. આ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ, ધરણાં, ભૂખ હડતાલ કે ચાર કરતા વધુ વ્યક્તિઓએ એકત્રિત થવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત, સક્ષમ અધિકારીની મંજૂરી વગર સભા કે સરઘસ કાઢવા સામે પણ પ્રતિબંધ રહેશે. આ આદેશ વાવ-થરાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૧/૦૪/૨૦૨૬ થી તારીખ ૦૫/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જોકે, આ જાહેરનામું ફરજ પરના સરકારી કર્મચારીઓ, લગ્નપ્રસંગના સરઘસ કે મરણોત્તર વિધિના સરઘસ તેમજ સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ મંજૂરી મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં લાગુ પડશે નહીં. જિલ્લામાં શાંતિ, સલામતી અને સંવાદિતા જળવાઈ રહે તે માટે આ આદેશનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે.

# જંબુસરના પીલુદરા ગામના યુવકનું માર્ગ અકસ્માતમાં મોત: સારોદ-સીલેટીયા ચોકડી પાસે બાઈક સ્લીપ થતા સર્જાયો અકસ્માત



• જંબુસર,

જંબુસર તાલુકાના પીલુદરા ગામના એક ૨૨ વર્ષીય યુવકનું માર્ગ અકસ્માતમાં સારવાર દરમિયાન મોત નીપજયું છે. કાવીથી પરત ફરતી વખતે સારોદ-સીલેટીયા ચોકડી પાસે બાઈક સ્લીપ થઈ જતાં આ અકસ્માત સર્જાયો હતો.ઘટનાની વિગત મુજબ, પીલુદરા ગામનો રહેવાસી ચિરાગભાઈ મફતભાઈ મકવાણા (ઉં.વ.૨૨)ગત રાત્રે ૧૦થી ૧૧ વાગ્યાના સુમારે કાવીથી પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન સારોદ-સીલેટીયા ચોકડી પાસે અચાનક મોટરસાયકલ પરથી કાબૂ ગુમાવતા બાઈક સ્લીપ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ચિરાગને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.અકસ્માતને પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત યુવકને ખારસ સ્થિત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## ચૂંટણી ફરજ પર તૈનાત પોલીસ, હોમગાર્ડ અને GRD ના જવાનોએ ઉત્સાહપૂર્વક મતાધિકારનો ઉપયોગ કર્યો

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત પોલીસ હેડક્વોટર્સ ખાતે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન યોજાયું

• ભરૂચ,

ભરૂચ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૬ને અનુલક્ષીને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ કવાયતના ભાગરૂપે, ચૂંટણીના દિવસે કાયદો અને વ્યવસ્થા જાળવવાની મહત્વની જવાબદારી નિભાવનારા સુરક્ષાકર્મીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે ભરૂચ પોલીસ હેડક્વોટર્સ ખાતે ખાસ 'પોસ્ટલ બેલેટ' મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ મતદાન પ્રક્રિયામાં ભરૂચ પોલીસના ઉચ્ચ



અધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ તેમજ ગ્રામ રક્ષા દળ (GRD) ના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પોતાનો પવિત્ર મત આપ્યો હતો. ચૂંટણી ફરજને કારણે મતદાનના દિવસે પોતાના નિયત મતદાન મથક પર હાજર ન રહી શકનારા આ કર્મવીરો માટે ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ આ સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

મતદાન કેન્દ્ર પર વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત આયોજન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે તમામ સુરક્ષાકર્મીઓએ કોઈપણ અસુવિધા વગર શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ માહોલમાં મતદાન કર્યું હતું. પોતાની નૈતિક ફરજ નિભાવીને સુરક્ષાકર્મીઓએ લોકશાહીના આ મહાપર્વમાં પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકશાહીમાં દરેક મતનું મહત્વ છે અને ફરજ પરના કર્મચારીઓ પણ આ પ્રક્રિયાનો ભાગ બને તે હેતુથી આ સુવિધા ઊભી કરવામાં આવી છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન પોલીસ હેડક્વોટર્સ ખાતે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# એકલી જતી મહિલાઓને ભોળવીને સોનું સેરવી લેતો વોન્ટેડ આરોપી ઝડપાયો

### છેતરપિંડી કરતા આ શખસ પાસેથી પોલીસે રૂ. 1.75 લાખના સોનાના દાગીના જપ્ત કર્યા

અમદાવાદ : અમદાવાદ શહેરની LCB ઝોન-7 પોલીસે એક એવા રીઢા ગુનેગારની ધરપકડ કરી છે. જે પોતાની ભુવા તરીકેની ઓળખ આપી નિર્દોષ મહિલાઓને શિકાર બનાવતો હતો. આધ્યાત્મિક શક્તિના બહાને છેતરપિંડી કરતા આ શખસ પાસેથી પોલીસે રૂ. 1.75 લાખના સોનાના દાગીના જપ્ત કર્યા છે.

અમદાવાદ ઝોન-7 LCBની ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને મુકેશનાથ નટવરનાથ ચૌહાણ (27 વર્ષ, રહે. દહેગામ) નામના શખશને ઝડપી પાડ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી બનાસકાંઠાના પાલનપુર વેસ્ટ પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હતો. રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી છેતરપિંડીની ઘટનામાં પણ તે નાસતો ફરતો હતો. અગાઉ તેની સામે અમદાવાદના વાસણા અને રામોલ પોલીસ સ્ટેશનમાં પણ ચોરીના ગુના નોંધાઈ ચૂક્યા છે.

આ ઠગ ભુવો અત્યંત ચાલાકીથી મહિલાઓને ટાર્ગેટ કરતો હતો. રસ્તા પર એકલી જતી મહિલાઓને રોકીને વાતચીત શરૂ કરતો. પોતે આધ્યાત્મિક શક્તિ ધરાવે છે અને ભુવો છે તેવો ડોળ કરી મહિલાઓને વાતોમાં ભોળવતો. મહિલાઓને વિધિ કે ભક્તિના નામે ડર બતાવી તેમનો વિશ્વાસ જીતતો હતો. છેતરીને મહિલાઓ પાસેથી સોનાના દાગીના ઉતરાવી લેતો અને પળવારમાં ફરાર થઈ જતો.

ધરપકડ બાદ પોલીસે આરોપી પાસેથી રૂ. 1,75,000ની કિંમતની સોનાની કાન સેર સાથેની બે બુટ્ટીઓ રિકવર કરી છે. આ ધરપકડ સાથે પોલીસે પાલનપુર અને રાજકોટના બે વણઉકેલ્યા (અનડિટેક્ટ) ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે રસ્તા પર કોઈ અજાણ્યા વ્યક્તિની આવી વાતોમાં આવીને કિંમતી દાગીના કે રોકડ ગુમાવવી નહીં અને શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવો.

# વલસાડમાં કાળમુખો અકસ્માતઃ કપરાડામાં પીકઅપ વાન પલટતા 7નાં કરૂણ મોત, 28 લોહીલુહાણ

વલસાડ/કપરાડાઃ દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાંથી હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. એક સામાજિક પ્રસંગ પતાવીને પરત ફરી રહેલી પીકઅપ વાન પલટી જતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં માસૂમ બાળકો અને મહિલાઓ સહિત કુલ 7 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે 28 થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી વિગતો મુજબ, કપરાડાના અંતરિયાળ વિસ્તારમાં લોકો પીકઅપ વાનમાં સવાર થઈ સામાજિક પ્રસંગમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા. માર્ગમાં ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાન જોરદાર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ચીચીયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

**બ્રેક ફેલ** દીવાલને નુકસાન થતા સ્થાનિકોમાં રોષ, બસ ઓપરેટરને 2 લાખનો દંડ ફટકારાયો

# ચાંદખેડા વિસ્તારમાં બ્રેક ફેલ થતા BRTS બસ સોસાયટીમાં ઘૂસી ગઈ

### અમદાવાદ જનમાર્ગ લિમિટેડના અધિકારી રાહુલ શર્માએ જણાવ્યું હતું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં BRTS બસની બ્રેક ફેલ થઈ જવાના કારણે બસ ફ્લેટમાં ઘૂસી ગઈ હતી. ફ્લેટની દીવાલ તોડીને બસ અંદર જતી રહેતાં સ્થાનિક લોકોમાં ભય ફેલાયો હતો. જોકે સવારના સમયે ઘટના બની હતી જેના કારણે પાર્કિંગમાં કોઈ વ્યક્તિ ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. બસ દ્વારા ગંભીર અકસ્માત સર્જાવામાં આવતા સ્થાનિક લોકોમાં પણ ભારે રોષ ફેલાયો હતો અને સોસાયટીના લોકોએ બસની ચાવી લઈ લીધી હતી. બસની બ્રેક ન વાગી હોવાના કારણે આ ઘટના બની હોવાનું હાલ પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે BRTS તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ પગલા લેવામાં આવશે.અમદાવાદ જનમાર્ગ લિમિટેડના અધિકારી રાહુલ શર્માએ જણાવ્યું હતું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. ટ્રાવેલ ટાઈમ ઓપરેટરની બસ હતી અને જે પણ નુકસાન થયું છે તે કોન્ટ્રાક્ટર પોતાના ખર્ચે કરીને આપશે. બસ ઓપરેટરને 2 લાખ રૂપિયા નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.



મળતી માહિતી મુજબ આજે સવારે 8 વાગ્યાની આસપાસ ચાંદખેડા બીઆરટીએસ બસના સર્વિસ સ્ટેશન ડેપોમાંથી બસ બહાર કાઢી અને લઈ જવામાં આવી રહી હતી. બસ ડેપોમાંથી બહાર નીકળી હતી ત્યારે પ્રહલાદ પાર્ક પાસે બસ પહોંચતા તેની બ્રેક ફેલ થઈ ગઈ હોવાના કારણે બસ રોડ પરથી સીધી ફ્લેટના દિવાલ તરફ અથડાઈ ગઈ હતી. બસ ફ્લેટની દિવાલ તોડી અને ફ્લેટના મુખ્ય ભાગ પાસે અથડાઈ હતી જેના કારણે થઈને ફ્લેટનું ભારે નુકસાન થયું હતું. વહેલી સવારે જોરદાર અવાજ આવવાની સાથે જ સ્થાનિક લોકો દોડીને બહાર આવી ગયા હતા.અમદાવાદ જનમાર્ગ લિમિટેડના અધિકારી રાહુલ શર્માએ જણાવ્યું હતું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. ટ્રાવેલ ટાઈમ ઓપરેટરની બસ હતી અને જે પણ નુકસાન થયું છે તે કોન્ટ્રાક્ટર પોતાના ખર્ચે કરીને આપશે. બસ ઓપરેટરને 2 લાખ રૂપિયા નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે,થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચાંદખેડા વિસ્તારમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડનું વર્કશોપ આવેલું છે જે વર્કશોપમાં બસ ના કારણે અકસ્માતની આ ચોથી ઘટના બની છે અગાઉ પણ ત્રણથી ચાર વખત અકસ્માતની ઘટના બની છે. BRTS તંત્ર દ્વારા અગાઉ પણ આવી ઘટના બનતા દીવાલ ફરીથી બનાવી દેવામાં આવે છે પરંતુ આ વખતે પણ આ ઘટના બનતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. નવી દીવાલ બનાવી દેવા માટે તંત્ર દ્વારા જાણ કરવામાં આવી છે


### દસ્તાના ત્રણ ઘા મારી વૃદ્ધને પતાવી દીધાઃ ACP

# સોસાયટીમાં જ રહેતા એન્જિનિયર યુવકે માથામાં દસ્તાના 3 ઘા મારી પતાવી દીધા

**ખૂની ખેલ** મેમનગરના સામ્રાજ્ય ફ્લેટના પાર્કિંગમાં મોડી રાત્રે ખૂની ખેલ

• અમદાવાદ

અમદાવાદના મેમનગરના સામ્રાજ્ય ફ્લેટના H બ્લોકના પાર્કિંગમાંથી આજે સવારે મૂળ ગોધાવીના એવા 55 વર્ષીય કાનજીભાઈ નામના વૃદ્ધનો મૃતદેહ મળ્યો છે. તેઓ છૂટક મજૂરી કામ કરીને કોમન પાર્કિંગમાં જ રહેતા હતા. જો કે પોલીસ તપાસમાં તેની હત્યા કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. તેઓ 25 વર્ષથી સામ્રાજ્ય ટાવરમાં કામ કરતા હતા. સિક્યુરિટી ગાર્ડે પોલીસને નિવેદન આપ્યું હતું કે, રાતના સમયે કોઈ પણ અજાણ્યો શખ્સ સોસાયટીમાં આવ્યો નહોતો.જેથી પોલીસ દ્વારા ફ્લેટમાં રહેતા જ કોઈ વ્યક્તિએ હત્યા કરી હોવાની



દિશામાં તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં સોસાયટીના G બ્લોકમાં જ રહેતા 25 વર્ષીય ઋત્વિજ જયમલાણી નામનો યુવક જ આરોપી હોવાનું ખૂલ્યું હતું.

ત્યાર બાદ પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી હતી. મૃતક અવારનવાર H બ્લોકના બાથરૂમમાં નહાતો અને બાથરૂમ કરતો હતો. જે આરોપીના ઘરેથી દેખાતું હતું.જેથી આરોપીએ અવારનવાર ઝગડો કરીને મૃતકને સમજાવ્યો હતો. જો કે આમ છતાં મૃતક હરકત બંધ કરતો નહોતો. આરોપીએ એન્જિનિયરિંગ સુધીનો અભ્યાસ કર્યો છે. જ્યારે તેના પિતા એજ્યુકેશન કન્સલ્ટન્સીનો વ્યવસાય કરે છે, અને ઋત્વિજ પણ તેની સાથે જ કામ કરે છે.એસીપી એચ.એમ કણસાગરાએ જણાવ્યું હતું કે આરોપીના માતા અને બહેનને જોઈને મૃતક ચેનચાળા કરતો હોવાનો આક્ષેપ છે. જેથી આરોપીએ દસ્તા વડે મોડી રાતે મૃતકને માથામાં 3 ઘા મારી હત્યા કરી હોવાની કબૂલાત છે. આરોપી સીસીટીવી કેમેરામાં આવતો જતો દેખાય છે.

આ ઉપરાંત આ કેસ ઉકેલવા માટે સ્નિફર ડોગની મદદ લેવામાં આવી હતી. ડોગ ઘટના સ્થળેથી પોલીસને આરોપીને ઘર સુધી લઈ ગયો હતો. ઘરમાં તમામ સભ્યો હતા છતાં ડોગ આરોપી પાસે જઈને ભસવા લાગ્યો હતો. આ બનાવ અંગે સોસાયટીના રહીશોએ વહેલી સવારે પોલીસને જાણ કરી હતી.શરૂઆતમાં હત્યા કે અકસ્મિક રીતે મોત તેની તપાસ કરવામાં આવી રહી હતી.પરંતુ લાશની પાસેથી લોહીના છાંટા મળી આવ્યા છે. આ ઉપરાંત સીસીટીવી ફૂટેજ તપાસતા એક શખ્સ કાનજીભાઈ સાથે ઝઘડો કરીને તેને મારી રહ્યો હોવાનું પણ દેખાઈ રહ્યું હતું.

# મોબાઈલ સ્ટોરના મેનેજરે કંપનીને લાખોનો ચૂનો લગાવ્યો, છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

### આરોપી વરુણ ચંદુભાઈ ગજેરા ખાનગી ટેલિકોમમાં સ્ટોર મેનેજર તરીકે કાર્યરત હતો

અમદાવાદ : અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલી ખાનગી ટેલિકોમ કંપનીમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા શખસે કંપની સાથે લાખો રૂપિયાની ઉચાપત કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કંપનીના ઈન્ટરનલ ઓડિટમાં નાણાકીય અનિયમિતતાઓ અને સ્ટોકમાંથી કિંમતી મોબાઈલ ગાયબ હોવાનું બહાર આવતા પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ફરિયાદ મુજબ, આરોપી વરુણ ચંદુભાઈ ગજેરા ખાનગી ટેલિકોમમાં સ્ટોર મેનેજર તરીકે કાર્યરત હતો અને રોકડ વ્યવહારો તેમજ વેચાણની જવાબદારી સંભાળતો હતો. ગત 28 જાન્યુઆરીના રોજ કંપનીના ઝોનલ સેલ્સ મેનેજર દ્વારા સ્ટોરનું ઓડિટ કરવામાં આવ્યું હતું, જેમાં મસમોટી ગેરરીતિઓ પકડાઈ હતી.પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે, મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક એસેસરીઝના વેચાણ પેટે મળેલા રૂ.4.91 લાખ




નિયમ મુજબ બીજા દિવસે કંપનીના બેંક ખાતામાં જમા કરાવવાના હતા, પરંતુ વરુણે આ રકમ જમા કરાવી નહોતી. આ ઉપરાંત, કંપનીના ઈન્ટરનલ ટ્રાન્સફરના 50,000 રૂપિયા પણ સગેવગે કરવામાં આવ્યા હોવાનું ઓડિટમાં જણાયું હતું.માત્ર રોકડ જ નહીં, પણ સ્ટોક વેરિફિકેશન દરમિયાન રૂ.82,900ની કિંમતનો એક સ્માર્ટફોન પણ ગાયબ હતો. રેકોર્ડ પર આ ફોન સ્ટોકમાં હોવાનું બતાવવામાં આવતું હતું, પરંતુ પ્રત્યક્ષ તપાસમાં તે મળ્યો નહોતો. આમ, કુલ મળીને રૂ.6.24 લાખની માતબર રકમ અને માલસામાનની ઉચાપત સામે આવી છે.કંપનીના ફાઈનાન્સ પ્રોફેશનલ મુકેશકુમાર મોહનદાસે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આરોપી વરુણ પાસે ઉચાપત કરેલા નાણાં અને ગુમ થયેલા ફોન વિશે ખુલાસો માંગવામાં આવ્યો હતો, પરંતુ તેણે સંતોષકારક જવાબ આપ્યો નહોતો અને નાણાં પરત કર્યા ન હતા. આખરે કંપનીએ કાયદેસરના પગલાં ભરી પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ડભોઈ તાલુકાના સાઠોદ-શંકરપુરા માર્ગ પર વીજ થાંભલા મોતના માંચડા સમાન MGVCL ઘોર નિદ્રામાં

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના સાઠોદ અને શંકરપુરા ગામને જોડતા રસ્તા પર આવેલા ખેતરોમાં પસાર થતી વીજ લાઈનના થાંભલાઓ ભયજનક રીતે નમી ગયા છે ખેતરોની મધ્યમાં આવેલા આ થાંભલાઓ અને તેની પર રહેલી ભારેભરખમ ડીપી (DP) ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં હોવાથી ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે ચોમાસા પહેલા મરામતની તાતી જરૂરિયાત હાલ ઉનાળાની સીઝન ચાલી રહી છે, ત્યારે ખેડૂતોની માંગ છે કે ચોમાસું બેસે તે પહેલા જ આ કામગીરી પૂર્ણ કરવામાં આવે. જો અત્યારે આ નમી ગયેલા થાંભલા સીધા કરવામાં નહીં આવે, તો વાવાઝોડાનું જોખમ: ચોમાસામાં આવતા તેજ પવન કેવાવાઝોડામાં આ નબળા થાંભલાઓ તૂટી શકે છે જાનહાનીનો ભય: ખેતરમાં કામ કરતા શ્રમિકો કે ખેડૂતો પર વીજ લાઈન તૂટી પડે તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છેખેતીને નુકસાનઃ વીજ પુરવઠો ખોરવાતા ખેતીના પાકને પાણી પાવામાં મુશ્કેલી પડી શકે છેતંત્રની 'લાલિયાવાડી' સામે ખેડૂતોનો રોષ

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, સિંગલ થાંભલાઓ તો ઠીક પણ આખેઆખી ડીપી પણ નમી ગઈ છે. વારંવારની રજૂઆતો છતાં MG-VCL (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ) ના અધિકારીઓ આ બાબતે મૌન સેવી રહ્યા હોય તેવું જણાય છેશું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે જો સમયસર રિપેરિંગ નહીં થાય તો વાવાઝોડા વખતે મોટું આર્થિક નુકસાન અને જાનહાની થવાની પૂરેપૂરી શક્યતા છેસાઠોદ વિસ્તારના પીડિત ખેડૂતો નમી ગયેલા તમામ સિંગલ વીજ થાંભલાઓને તત્કાલ સીધા કરી મજબૂત કરવામાં આવે. જોખમી રીતે લટકતી ડીપી (DP) નું સ્ટેન્ડ નવું બનાવી તેનું યોગ્ય ફિટિંગ કરવામાં આવે.ચોમાસા પૂર્વેની મેન્ટેનન્સ કામગીરી કાગળ પર નહીં પણ ગ્રાઉન્ડ લેવલ પર કરવામાં આવે હવે જોવાનું એ રહે છે કે ખેડૂતોના આક્રોશ બાદ MGVCL નું તંત્ર જાગે છે કે પછી પોતાની જૂની ઢબ મુજબ કામગીરી ચાલુ રાખી કોઈ દુર્ઘટનાને આમંત્રણ આપે છે

# ઉમરગામઃ ફ્લેટમાં જોખમી રીતે ગેસ રિફિલિંગ કરતા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો, ૬,૧૦૦નો મુદ્દામાલ જપ્ત



વલસાડ :ઉમરગામ પોલીસની ટીમે બાતમીના આધારે રામેશ્વરપાર્ક વિસ્તારમાં દરોડા પાડી ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. કોઈપણ પ્રકારના પરવાના વગર અને જોખમી રીતે ગેસ રિફિલિંગ કરતા એક ઈસમને ત્રણ સિલિન્ડર તથા અન્ય સાધનો મળી કુલ ૬,૧૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરગામ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ઉમરગામના દામા રેસીડેન્સી સ્થિત રામેશ્વરપાર્કના એક ફ્લેટમાં ગેસ રિફિલિંગની ગેરકાયદે પ્રવૃત્તિ ચાલી રહી છે. આ પ્રવૃત્તિ કોઈપણ સુરક્ષા તકેદારી કે લાયસન્સ વગર અત્યંત જોખમી રીતે કરવામાં આવતી હતી. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક રેડ પાડતા સ્થળ પરથી ત્રણ ગેસના સિલિન્ડર અને રિફિલિંગ કરવા માટેની પાઈપ મળી આવી હતી.

પોલીસે સ્થળ પરથી કુલદીપ શ્રીકાંત ઉપાધ્યાય (ઉં.વ. ૪૮), રહે. ફ્લેટ નં. ૩૦૬, રામેશ્વરપાર્ક બિલ્ડીંગ, ગાંધીવાડી, ઉમરગામ (મૂળ રહે. રાજસ્થાન) ને ઝડપી પાડ્યો છે. આરોપી વ્યવસાયે લેબર કોન્ટ્રાક્ટર હોવાનું બહાર આવ્યું છે.

### ટુર્નામેન્ટનું આયોજન ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની પ્રેરણાથી ઓક્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું

# ગજેરા ગ્લોબલ સ્કૂલમાં જીજીએસ પ્રીમિયર લીગ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

ગજેરા ગ્લોબલ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ વધારવા અને નેતૃત્વ, ટીમ વર્ક તથા નિર્ણયક્ષમતાનો વિકાસ કરવા અનોખી પહેલ રૂપે "GGS પ્રીમિયર લીગ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટનું આયોજન ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની પ્રેરણાથી ઓક્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું.આ ટુર્નામેન્ટનું આયોજન તા. 18 થી 20 એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું હતું. ખાસ વાત એ રહી કે મેચો દિવસ અને રાત્રિ એમ બન્ને સમયે રમાવવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણમાં વધુ ઉત્સાહ અને રોમાંચ જોવા મળ્યો હતો.આ આયોજન અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા અને ઓક્શન પ્રક્રિયા દ્વારા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. દરેક ટીમ માટે કેપ્ટન અને મેનેજમેન્ટ ટીમ પણ નિમવામાં આવી હતી, જેના કારણે વિદ્યાર્થીઓમાં આયોજન કુશળતા અને જવાબદારીની ભાવના વિકસિત થઈ.આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ટીમ મેનેજમેન્ટ, લીડરશિપ, નિર્ણયક્ષમતા અને વ્યૂહાત્મક વિચારશક્તિ જેવા જીવનમૂલ્યોનો વિકાસ કરાવવાનો હતો. ઓક્શન પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓએ ખેલાડીઓની પસંદગી, બજેટ મેનેજમેન્ટ અને ટીમ ગઠન જેવી પ્રેક્ટિકલ સમજ મેળવી.ટુર્નામેન્ટના અંતે ગર્લ્સ અને બોયઝ બંને કેટેગરીમાં ઉત્સાહભર્યો ફાઈનલ મુકાબલો યોજાયા હતો. ગર્લ્સ કેટેગરીમાં, GGS Titans ટીમ ચેમ્પિયન બની હતી જીજીએસ ટાઈટન ટીમનું નેતૃત્વ કેપ્ટન સુહાની પરિવાર એ કર્યું હતું, જ્યારે કોચ ની ભૂમિકા ચેતસી દેસાઈએ ભજવી હતી, જ્યારે GGS Warriors ટીમ રનર-અપ રહી હતી.વ્યક્તિગત એવોર્ડ્સ: શ્રેષ્ઠ બોલર - નંદની ગાબાણી, શ્રેષ્ઠ બેટ્સમેન - સુહાની પરિહાર, શ્રેષ્ઠ ફિલ્ડર- આશિતા દુબે, મેન ઓફ ધ સિરીઝ - આર્ચી અંબાણી, શ્રેણીની સૌથી ઉત્સાહી ખેલાડી - સાચી શાહ, ટ્વિસ્ટ સર્જક - કિયારા ઠાકર બોયઝ કેટેગરીમાં, GGS Super King ટીમ ચેમ્પિયન બની હતી જીજીએસ સુપર કિંગ નું નેતૃત્વ કેપ્ટન જય અસનાની જ્યારે કોચની ભૂમિકા પાર્થ મીયાડ્રા એ કરી હતી, જ્યારે GGS Titans ટીમ રનર-અપ રહી હતી. વ્યક્તિગત એવોર્ડ્સ: શ્રેષ્ઠ બોલર - આર્યમન વસાણી, શ્રેષ્ઠ બેટ્સમેન- શ્રીમાન નચિકેત પટેલ, શ્રેષ્ઠ ફિલ્ડર- સાહિલ શંકર, મેન ઓફ ધ સિરીઝ - કુશ કોટડિયા, શ્રેણીનો સૌથી ઉત્સાહી ખેલાડી - આરુષ શાહ વિજેતા ટીમો અને ખેલાડીઓને શાળાના આચાર્ય શ્રીમતી શ્વેતા પરિહારના હસ્તે ટ્રોફી અને પુરસ્કારો આપવામાં આવ્યા હતા. આ અવસરે શાળાના ટ્રસ્ટી શ્રી ચુનીભાઈ ગજેરાએ સમગ્ર ટુર્નામેન્ટની સફળતા બદલ વિદ્યાર્થીઓ અને સ્ટાફને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી શ્વેતા પરિહાર જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. રમતગમત સાથે સાથે જીવન કૌશલ્યનો વિકાસ પણ થાય છે, જે ભવિષ્યમાં વિદ્યાર્થીઓને મદદરૂપ બને છે.

# દહેગામમાં બાઈક આડે કૂતરું ઉતરતા સર્જાયેલા અકસ્માતમાં યુવાનનું મોત

## 'ચાર-ચાર હોસ્પિટલમાં સારવાર કરાવી તોય જીવ ન બચ્યો'

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ - દહેગામ રોડ પર માર્ચ મહિનામાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા 30 વર્ષીય યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ઉલ્લેખનીય છે કે, અકસ્માત પછી ચાર ચાર હોસ્પિટલમાં સારવાર મેળવ્યા પછી પણ યુવકને કાળ ભરખી ગયો હતો. આ ઘટના અંગે મૃતકના ભાઈએ અકસ્માતના આશરે એક મહિના બાદ દહેગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ પંચમહાલના કાલોલ તાલુકાના મેદાપુરા ગામના વતની અને હાલ દહેગામ ખાતે ખેતરમાં મજૂરી કરતો 30 વર્ષીય કમલેશ નરવતભાઈ નાયક ગત તા.25 માર્ચના રોજ રાત્રિના સમયે બાઈક લઈને ખેતરેથી પરત જઈ રહ્યો હતો ત્યારે લવાડથી દહેગામ જતા રોડ પર જોગણી માતાના મંદિર પાસે અચાનક એક કૂતરું આડે આવી જતાં તેણે બ્રેક મારી હતી. જેના કારણે બાઈક સ્લીપ થઈ ગઈ હતી અને કમલેશને માથા તેમજ કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતા જ તેના મોટા ભાઈ અને મિત્રો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને રિક્ષા મારફતે તેને દહેગામ સરકારી દવાખાને લઈ ગયા હતા.ઈજાની ગંભીરતાને જોતા કમલેશને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિ ટ લ અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.બાદમાં પ્રાથમિક સારવાર બાદ તેને રજા આપવામાં આવી હતી. પરંતુ થોડા દિવસો બાદ પીઠના ભાગે અસહ્ય દુખાવો થતા તેને ગોધરાની સરકારી હોસ્પિટલમાં બતાવતા ખબર પડી હતી કે તેને મણકાના ભાગે ગંભીર ઈજા થઈ છે.ત્યારબાદ તેને વધુ ઓપરેશન માટે વડોદરાની SSG હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતા. જ્યાં મણકાનું ઓપરેશન સફળતાપૂર્વક થયા બાદ કમલેશ વધુ સારવાર હેઠળ હતો. જોકે ગત તારીખ 15 એપ્રિલના રોજ રાત્રિના સમયે અચાનક તેની તબિયત લથડી હતી અને ઉલટી થયા બાદ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આમ ચાર ચાર હોસ્પિટલમાં સારવાર મેળવ્યા પછી પણ કમલેશને કાળ ભરખી ગયો હતો. આ અંગે મૃતકના ભાઈની ફરિયાદના આધારે દહેગામ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

# અમદાવાદ મનપાની ચૂંટણી પહેલાં જ ગરમાયું રાજકારણઃ કતલખાનાના મુદ્દે કોંગ્રેસનું મોટું વચન

અમદાવાદ: આગામી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પડઘમ વાગતાની સાથે જ અમદાવાદમાં રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આગામી મનપા ચૂંટણીમાં કોંગ્રેસનું શાસન આવશે તો શહેરમાં અત્યાધુનિક કતલખાનું બનાવવાનું વચન આપીને વિવાદનો મધપૂડો છંછેડ્યો છે.ધારાસભ્ય ખેડાવાલાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, અગાઉ કોર્પોરેશનમાં કતલખાના માટે બજેટ ફાળવવામાં આવ્યું હતું, પરંતુ ભાજપે તેને રાજકીય મુદ્દો બનાવીને રદ કરાવી દીધું હતું. ખેડાવાલાએ આક્ષેપ કર્યો છે કે ભાજપ માત્ર ધર્મના નામે રાજકારણ ખેલે છે અને લોકોની પાયાની જરૂરિયાતોને નજરઅંદાજ કરે છે.

**ખંડણી** — ડો. કમલ નાઢા સહિત પત્રકાર ટોળકી વિરુદ્ધ ફરિયાદ દાખલ

# હોસ્પિટલના લેબર રૂમમાં સ્પાય કેમેરાથી અંગત વીડિયો બનાવી 25 લાખની ખંડણી માંગી

## લેબર રૂમની અંદર બલ્બ હોલ્ડરમાં એક સ્પાય કેમેરો ફિટ કરવામાં આવ્યો, 3000થી વધુ વીડિયો રેકોર્ડિંગ હોવાનું સામે આવ્યું

• રાજકોટ

રાજકોટ શહેર પોલીસ દ્વારા શહેરમાં ન્યુસન્સ બની પત્રકાર તરીકે ઓળખ આપી સામાન્ય લોકોને બ્લેકમેલ કરી ગેરકાયદે રીતે ખંડણી માંગતા પત્રકારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક તબીબ સહિત કુલ 12 લોકો સામે ખંડણી તેમજ ધમકી આપી રૂપિયા પડાવવા અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાં રાજકોટના એક નામાંકિત ડોકટરના ક્લિનક પર લેબર રૂમની અંદર હોલ્ડરમાં ગુપ્ત CCTV કેમેરો લગાવી બાદમાં ડોક્ટરની અંગત પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી રૂપે રૂપિયા 25 લાખની માંગણી કરી 50,000 પડાવવા અંગે ફરિયાદ નોંધી તમામ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આરોપીઓ દ્વારા વર્ષ 2024થી આજ દિન સુધી તબીબને ખોટી રીતે હેરાન કરી બદનામ કરવાના ઈરાદે સતત ત્રાસ આપી રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી જેનાથી કંટાળી આખરે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર




સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે BNS કલમ 308(5), 308(4), 351(2), 356(3), 61 અને આઈટી એક્ટની કલમ 66(E), 67, અને 67(A) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમના વિરુધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેમાં સાધુવાસવાણી રોડ પર ગૌતમ ક્લિનિકના ડો.કમલ નાંઢા, હિરેન મકવાણા, અજય ચુડાસમા, હાર્દિક ડોડીયા, જગદીશ તેરૈયા, જીગર સોઢા, ઘનશ્યામ પટેલ, જતીન નથવાણી, સ્વાતિ નથવાણી, અમિત ઠક્કર, ભરતભાઈ તેમજ તપાસમાં ખુલે તે તમામનો સમાવેશ થાય છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના ક્લિનિકમાં ડો. કમલ નાંઢા નામનો શખ્સ છે જેના દ્વારા ક્લિનિકમાં લેબર રૂમની અંદર બલ્બ હોલ્ડરમાં એક સ્પાય કેમેરો ફિટ કરવામાં આવ્યો હતો જે કેમેરાની અંદર મેમરી કાર્ડ ઈનબિલ્ટ હતું. જયારે પણ બલ્બ હોલ્ડરની સ્વીચ ચાલુ કરવામાં આવે ત્યારે તે સ્પાય કેમેરામાં રેકોર્ડિંગ ચાલુ થઈ જતું હતું અને મેમરી કાર્ડમાં તે સ્ટોરેજ થતું હતું.તેમને વધુમાં જણાવ્યું હતું કે, ડો. કમલ નાંઢા દ્વારા જે ક્લિનિક પર સ્પાય કેમેરો લગાવવામાં આવ્યો હતો તે સ્પાય કેમેરા મારફત ક્લિનિકના માલિક તબીબની અંગત પળોની વિડીયો ફૂટેજ સ્ટોર કરી બાદમાં કેટલાક કહેવાતા પત્રકારો સાથે શેર કરી બાદમાં તેની સાત મળી તબીબને બ્લેકમેલ કરી તેની પાસેથી ખંડણી રૂપે રૂપિયા 25 લાખની માંગણી પણ કરવામાં આવી હતી જે પૈકી રૂપિયા 50,000ની રકમ આરોપી દ્વારા સ્વીકારવામાં પણ આવી હતી. આ ગુનામાં પોલીસે ફરિયાદના આધારે આરોપી તરીકે સત્યની ગર્જના, ભારત ટાઈમ્સ, ભારત હેડલાઈન્સ, રાજકોટ હેડલાઈન્સ નામના મિડીયા પ્લેટફોર્મ સામે કાર્યવાહી કરી તબીબ સહિત બોગસ પત્રકારો મળી 12 લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.આ ઉપરાંત એવું પણ જાણવા મળ્યું હતું કે, સાધુ વાસવાણી રોડ પર આવેલા ગૌતમ ક્લિનિકમાં કામ કરતા ડો.કમલ નાંઢા નામના તબીબને મહિલા તબીબ સાથે એક તરફી પ્રેમ હતો, જેના કારણે તેને ફરિયાદીના ક્લિનિકમાં સ્પાય કેમેરો ઈન્સ્ટોલ કર્યો હતો. બાદમાં તેને તબીબ સાથેની અંગત પળોના ફૂટેજ જોતા દાંત બગડી હતી અને ખંડણી માટે પ્લાન બનાવ્યો હતો અને ખંડણીની માંગણી કરી હતી. આ તમામ અંગત પળોના વીડિયો 2023ના હતા.

## આજના આધુનિક યુગમાં માણસ સતત ભાગદોડમાં વ્યસ્ત રહ્યો છે

# રાણાવાવના ભરતભાઈ ઓડેદરાએ ઘરેજ ઉભી કરી અનોખી પુસ્તક લાયબ્રેરી: પુસ્તકોનો અઢળક ખજાનો

**૩૫ વર્ષથી પુસ્તકો** — અખબારી કટીંગ અને મેગેઝીનનો સંગ્રહ – મહેર સમાજના સાહિત્યિક વારસાને સાચવવાનો અનોખો પ્રયાસ

• ગોસા(ઘેડ) તા.૨૨

દરેક સમાજને પોતાની સંસ્કૃતિ, કલા અને પરંપરાનો ગૌરવ હોય છે. આ વારસાને જાળવી રાખનારા લોકો સમાજના સાચા ધન સમાન હોય છે, જે પોતાની લાગણી અને મહેનતથી પરંપરાને જીવંત રાખે છે. પોરબંદર જિલ્લાના રાણાવાવ ખાતે મહેર સમાજની સંસ્કૃતિ અને સાહિત્યિક વારસાને અનોખી રીતે સાચવી રાખનાર ભરતભાઈ ગીગાભાઈ ઓડેદરા એ તેનું જીવંત ઉદાહરણ છે.



આજના આધુનિક યુગમાં માણસ સતત ભાગદોડમાં વ્યસ્ત રહ્યો છે. સમયના અભાવે વાંચનની આદત ધીમે ધીમે ઘટતી જાય છે. છતાં પણ "સંગ તેવો રંગ" કહેવત મુજબ જો માણસ પુસ્તકો સાથે મિત્રતા કરે તો પુસ્તકો તેને જીવનમાં સાચી દિશા બતાવે છે. માણસના જીવનમાં પુસ્તકોનું મહત્વ ખૂબ વિશાળ છે. શ્રીમદ ભગવદ ગીતા જેવા મહાન ગ્રંથમાંથી અહિંસાનો માર્ગ અપનાવી Mahatma Gandhi એ દેશને આઝાદી તરફ દોરી ગયો હતો. ગીતા અને બાઈબલ જેવા ધાર્મિક ગ્રંથોએ અનેક લોકોને જીવનમાં સકારાત્મક માર્ગદર્શન આપ્યું છે. સારા પુસ્તકો સાથેનો સંબંધ માણસને પ્રતિકૂળ સમયમાં પણ મજબૂત રાખે છે અને જીવનના દુ:ખોને હળવા બનાવે છે.વિશ્વ પુસ્તક દિવસ (૨૩ એપ્રિલ) નિમિત્તે એવા જ એક પુસ્તકપ્રેમી વિશે વાત કરવી યોગ્ય છે, જેમણે પોતાના જીવનને પુસ્તકો માટે સમર્પિત કર્યું છે. પોરબંદર જિલ્લાના રાણાવાવમાં રહેતા અને શ્રી ઈન્ટરનેશનલ મહેર સુપ્રીમ કાઉન્સિલની ઓફિસમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ભરત ભાઈ ગીગાભાઈ ઓડેદરા નાનપણથી જ વાંચનપ્રેમી છે. તેઓએ વર્ષો સુધી વિવિધ પુસ્તકો, અખબારી અહેવાલોના કટીંગ, મેગેઝીન અને સાહિત્યનો વિશાળ સંગ્રહ કર્યો છે.ભરતભાઈએ પોતાના ઘરને જ એક નાની લાયબ્રેરીનું રૂપ આપી દીધું છે. છેલ્લા ૩૫ વર્ષથી વધુ સમયથી તેઓ મહેર સમાજના કાર્યક્રમો અંગેના અહેવાલો, અખબારી કટિંગો અને મેગેઝીનનો સંગ્રહ કરી રહ્યા છે. તેમની પાસે મહેર સમાજના જૂના તેમજ નવા પુસ્તકોનો અખૂટ ખજાનો છે. 'મહેર એકતા' જેવા સાપ્તાહિક મેગેઝીનમાં પ્રસિદ્ધ થયેલા ઐતિહાસિક લેખો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રકાશિત અંકોનો પણ તેઓએ સંગ્રહ કરી રાખ્યો છે.આ સંગ્રહનો મુખ્ય હેતુ માત્ર પોતાનો શોખ પૂરતો નથી, પરંતુ આવનારી પેઢીને ઉપયોગી થાય તેવો છે. તેમની લાયબ્રેરીમાં પુસ્તકો ઉપરાંત સીડી, વિડીયો કેસેટ અને સમાજના ઐતિહાસિક દસ્તાવેજો પણ ઉપલબ્ધ છે, જે ભવિષ્ય માટે મહત્વપૂર્ણ વારસો સાબિત થઈ શકે છે.રાણાવાવના ભરતભાઈ ઓડેદરા જેવા સામાન્ય માણસ પણ પુસ્તકો સાથે મૈત્રી રાખીને અસાધારણ કાર્ય કરી શકે છે, તે તેમની જીવનયાત્રા બતાવે છે. પુસ્તકોના પાનાંઓમાં જીવંત રહેલા મહાન પુરુષો, કવિઓ અને વિચારકો આજે પણ આપણને માર્ગદર્શન આપે છે.

# ગજેરા ગ્લોબલ સ્કૂલમાં જીજીએસ પ્રીમિયર લીગ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

## ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની પ્રેરણાથી ઓક્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું

ગજેરા ગ્લોબલ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ વધારવા અને નેતૃત્વ, ટીમ વર્ક તથા નિર્ણયક્ષમતાનો વિકાસ કરવા અનોખી પહેલ રૂપે "GGS પ્રીમિયર લીગ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટનું આયોજન ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની પ્રેરણાથી ઓક્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું.આ ટુર્નામેન્ટનું આયોજન તા. 18 થી 20 એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું હતું. ખાસ વાત એ રહી કે મેચો દિવસ અને રાત્રિ એમ બન્ને સમયે રમાવવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણમાં વધુ ઉત્સાહ અને રોમાંચ જોવા મળ્યો હતો.આ આયોજન અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ ટીમોમાં વહેંચવામાં આવ્યા હતા અને ઓક્શન પ્રક્રિયા દ્વારા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. દરેક ટીમ માટે કેપ્ટન અને મેનેજમેન્ટ ટીમ પણ નિમવામાં આવી હતી, જેના કારણે વિદ્યાર્થીઓમાં આયોજન કુશળતા અને જવાબદારીની ભાવના વિકસિત થઈ.આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ટીમ મેનેજમેન્ટ, લીડરશિપ, નિર્ણયક્ષમતા અને વ્યૂહાત્મક વિચારશક્તિ જેવા જીવનમૂલ્યોનો વિકાસ કરાવવાનો હતો. ઓક્શન પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓએ ખેલાડીઓની પસંદગી, બજેટ




મેનેજમેન્ટ અને ટીમ ગઠન જેવી પ્રેક્ટિકલ સમજ મેળવી.ટુર્નામેન્ટના અંતે ગર્લ્સ અને બોયઝ બંને કેટેગરીમાં ઉત્સાહભર્યો ફાઈનલ મુકાબલો યોજાયા હતો.ગર્લ્સ કેટેગરીમાં, GGS Titans ટીમ ચેમ્પિયન બની હતી જીજીએસ ટાઈટન ટીમનું નેતૃત્વ કેપ્ટન સુહાની પરિવાર એ કર્યું હતું, જ્યારે કોચ ની ભૂમિકા ચેતસી દેસાઈએ ભજવી હતી, જ્યારે GGS Warriors ટીમ રનર-અપ રહી હતી.વ્યક્તિગત એવોર્ડ્સ: શ્રેષ્ઠ બોલર - નંદની ગાબાણી, શ્રેષ્ઠ બેટ્સમેન - સુહાની પરિહાર, શ્રેષ્ઠ ફિલ્ડર- આશિતા દુબે, મેન ઓફ ધ સિરીઝ - આર્ચી અંબાણી, શ્રેણીની સૌથી ઉત્સાહી ખેલાડી - સાચી શાહ, ટ્વિસ્ટ સર્જક - કિયારા ઠાકર બોયઝ કેટેગરીમાં, GGS Super King ટીમ ચેમ્પિયન બની હતી જીજીએસ સુપર કિંગ નું નેતૃત્વ કેપ્ટન જય અસનાની જ્યારે કોચની ભૂમિકા પાર્થ મીયાડ્રા એ કરી હતી, જ્યારે GGS Titans ટીમ રનર-અપ રહી હતી. વ્યક્તિગત એવોર્ડ્સ: શ્રેષ્ઠ બોલર - આર્યમન વસાણી, શ્રેષ્ઠ બેટ્સમેન- શ્રીમાન નચિકેત પટેલ, શ્રેષ્ઠ ફિલ્ડર- સાહિલ શંકર, મેન ઓફ ધ સિરીઝ - કુશ કોટડિયા, શ્રેણીનો સૌથી ઉત્સાહી ખેલાડી - આરુષ શાહ વિજેતા ટીમો અને ખેલાડીઓને શાળાના આચાર્ય શ્રીમતી શ્વેતા પરિહારના હસ્તે ટ્રોફી અને પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

# ડભોઈ વેરાઈ માતા વસાહત પાસેનું નાળું અતિ બિસ્માર; મોટી દુર્ઘટનાની ભીતિ

## વરસાદી કાંસનું જોખમઃ નાળાની નીચેથી કાંસ વહેતી હોવાથી સ્ટ્રક્ચર નબળું પડ્યું છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈના વેરાઈ માતા વસાહતથી શહેર તરફ આવતા મુખ્ય માર્ગ પર આવેલું નાળું છેલ્લા ઘણા સમયથી બેસી જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ નાળાની નીચેથી વરસાદી કાંસ પસાર થતી હોવાથી, જો વહેલી તકે તેનું સમારકામ કરવામાં નહીં આવે તો ચોમાસામાં મોટી દુર્ઘટના સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે.તંત્રની કામચલાઉ નીતિથી હાલાકી ગત ચોમાસા દરમિ યાન આ નાળાનો એક મોટો ભાગ જમીનમાં બેસી ગયો હતો. તે સમયે તંત્ર દ્વારા માત્ર કપચી (મેટલ) નાખીને કામચલાઉ થીગડું મારવામાં આવ્યું હતું. હાલ પરિસ્થિતિ એવી છે કે:વાહનોને નુકસાનઃ રસ્તા પર વેરાયેલી કપચીના કારણે વાહનચાલકોના ટાયરમાં પંચર પડવાના કિસ્સાઓ વધી રહ્યા છે.અકસ્માતનો ભય: નાળું બેસી ગયેલું હોવાથી રાત્રિના સમયે અજાણ્યા વાહનચાલકો ખાડામાં પટકાય તેવી સ્થિતિ છે. વરસાદી કાંસનું જોખમ: નાળાની નીચેથી કાંસ



વહેતી હોવાથી સ્ટ્રક્ચર નબળું પડ્યું છે, જે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે.સ્થાનિકોની માંગ ચોમાસા પહેલા કાયમી ઉકેલ લાવો'વેરાઈ માતા વસાહતના રહીશોની સ્પષ્ટ માંગ છે કે આગામી ચોમાસું શરૂ થાય તે પહેલા આ નાળાનું મજબૂત રીપેરીંગ કરવામાં આવે અથવા તો નવું આર.સી.સી. નાળું બનાવવામાં આવે. જો તંત્રની બેદરકારીના કારણે અહીં કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના થશે, તો તેનો જવાબદાર કોણ સ્થાનિક રહીશ હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર ઊંઘમાંથી જાગીને વરસાદ પહેલા આ જોખમી નાળાનું કામ પૂર્ણ કરે છે કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવાય છે.

# માણસાના ધમેડા ગામે ડીજે વગાડવા બાબતે ઝઘડો:પૂર્વ સરપંચ સહિત 8 સામે ફરિયાદ, પોલીસ તપાસ શરૂ



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ધમેડા ગામે ડીજે વગાડવા બાબતે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં લાકડીઓ અને ગડદાપાટુનો માર મારવામાં આવતા બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ અંગે ઈજાગ્રસ્ત રાજેન્દ્રસિંહ હિરાજી રાઠોડે માણસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, મહેસાણાના મેઉ ગામથી ધમેડા ગામે આવેલી જાનમાં ડીજે વાગી રહ્યું હતું. રાજેન્દ્રસિંહ અને કનુજી ડીજે જોવા માટે ગામના મહાકાળી ચોક ખાતે ગયા હતા. તે સમયે ગામનો સચિન અને અન્ય એક વ્યક્તિ ત્યાં આવીને ઉશ્કેરાઈ ગયા હતા અને ડીજે કેમ બંધ કર્યું તેમ કહી ગાળો બોલી ઝપાઝપી કરી હતી.આ ઝઘડા દરમિયાન અન્ય લોકો પણ ત્યાં આવી ગયા હતા અને લાકડી વડે હુમલો કર્યો હતો.

## દરરોજ હજારોની સંખ્યામાં નાની-મોટી ગાડીઓ અને પ્રવાસીઓની બસો અહીંથી પસાર થાય છે

# ડભોઈ તાલુકાના કનાયાડ ગામડી રેલવે ઓવરબ્રિજ પર ખાડાનું સામ્રાજ્ય

• ફકીરા ખત્રી ડભોઈ

ડ ભોઈ તાલુકાના કનાયાડ ગા મડી રેલવે ઓવરબ્રિજ પર ખાડાનું સામ્રાજ્ય; હજારો વા હનચાલકોના જીવ જોખમમાં ડભોઈથી ચાણોદ, રાજપીપળા અને પ્રસિદ્ધ યાત્રાધામ પોઈચાને જોડતા મુખ્ય માર્ગ પર કનાયાડ ગામડી પાસે આવેલો રેલવે ઓવરબ્રિજ હાલ વાહનચાલકો માટે આશીર્વાદને બદલે આફત સમાન બન્યોસ છે બ્રિજ ઉતરતી વખતે જ હાઈવે પર પડેલા વિશાળ ખાડાઓના કારણે અકસ્માતની વણઝાર સર્જાઈ રહી છે, છતાં સ્ટેટ હાઈવેના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં હોય તેવું જણાય છે રોજના હજારો પ્રવાસીઓ માટે જોખમી સફર



આ માર્ગ માત્ર સ્થાનિક નથી પરંતુ ગુજરાતના પ્રવાસન નકશા માટે પણ અત્યંત મહત્વનો છે ડભોઈથી રાધિકા તરફ જતો આ માર્ગ ચાણોદ, રાજપીપળા અને પોઈચાને જોડે છે.

ટ્રાફિકનું ભારણ: દરરોજ હ જારોની સંખ્યામાં નાની-મોટી ગાડીઓ અને પ્રવાસીઓની બસો અહીંથી પસાર થાય છે રાત્રિના સમયે જોખમઃ રાત્રિ દરમિયાન પૂરતી લાઈટના અભાવે વાહનચાલકોને આ ખાડા દેખાતા નથી, જેના કારણે અચાનક બ્રેક મારતા પાછળ આવતા વાહનો અથડાવા કે ગાડી પલટી ખાવાના બનાવો બની રહ્યા છે બ્રિજ પરથી પૂરઝડપે ઉતરતી ગાડી જો અચાનક આ મોટા ખાડામાં ખાબકે, તો ટાયર ફાટવા અથવા બેલેન્સ બગડવાથી મોટી જાનહાનિ થઈ શકે છે.જો આ ખાડાઓના કારણે કોઈનો જીવ જશે, તો તેની જવાબદારી સ્ટેટ હાઈવેના અધિકારીઓ લેશે રોષે ભરાયેલા વાહનચાલકોતાત્કાલિક નિરાકરણની માંગ સ્થાનિક રહીશો અને વાહનચાલકોની એક જ માંગ છે કે સ્ટેટ હાઈવેના અધિકારીઓ તુરંત સ્થળ મુલાકાત લે બ્રિજની આસપાસના તમામ જીવલેણ ખાડાઓનું ગુણવત્તાયુક્ત પેચવર્ક કરવામાં આવે ભવિષ્યમાં આવા ખાડા ન પડે તે માટે કાયમી ધોરણે રસ્તાનું રિસર્ફેસિંગ કરવામાં આવે ચોમાસું માથે છે ત્યારે જો અત્યારે આ ખાડાઓ પૂરવામાં નહીં આવે, તો વરસાદમાં સ્થિતિ વધુ બદતર બનશે. શું તંત્ર કોઈ ગંભીર અકસ્માતની રાહ જોઈ રહ્યું છે?

# કોંગ્રેસની રાજ્ય ચૂંટણી આયોગને રજૂઆત

## સાંસદ મિતેશ પટેલના ગ્રાન્ટ ન ફાળવવાના નિવેદન મામલે કાર્યવાહી કરવા માંગ

ગાંધીનગર : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે રાજ્ય ચૂંટણી આયોગને પત્ર લખી મહત્વપૂર્ણ રજૂઆત કરી છે. આ પત્રમાં કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપના સાંસદ મિતેશ પટેલ દ્વારા આણંદ જિલ્લામાં યોજાયેલ જાહેર સભામાં આપેલા નિવેદનોથી ચૂંટણી આચારસંહિતાનો ભંગ થયો છે.

કોંગ્રેસના પત્ર મુજબ, 20 એપ્રિલે આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના એક કાર્યક્રમ દરમિયાન ભાજપના નેતાઓએ મતદારોને પ્રભાવિત કરવા માટે સરકારી સહાય અને ગ્રાન્ટ બાબતે ભ્રામક અને પ્રલોભન આપતા નિવેદનો આપ્યા હતા. કોંગ્રેસે આ નિવેદનને ગંભીર ગણાવી જણાવ્યું છે કે આવી ભાષા ચૂંટણી પ્રક્રિયાને અસર કરે છે અને મતદારો પર અયોગ્ય દબાણ સર્જે છે.

તાત્કાલિક તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં માંગ

પત્રમાં વધુમાં જણાવાયું છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજ્યમાં આદર્શ આચારસંહિતા અમલમાં છે, છતાં ભાજપના નેતાઓ દ્વારા જાહેરમાં આવા નિવેદનો આપવામાં આવતાં ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઊભા થાય છે. કોંગ્રેસે રાજ્ય ચૂંટણી આયોગને વિનંતી કરી છે કે આ મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદાર વ્યક્તિઓ સામે કડક પગલાં લેવામાં આવે.'મતદારોને ભયભીત કરવા અથવા લોભ આપવાનો પ્રયાસ' કોંગ્રેસે માંગણી કરી છે કે આ પ્રકારના નિવેદનો દ્વારા મતદારોને ભયભીત કરવા અથવા લોભ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે લોકશાહી પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે. અંતે, કોંગ્રેસે ચૂંટણી આયોગને નિષ્પક્ષતા જાળવવા માટે સખત કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

શું કહ્યું હતું સાંસદે? જાહેર સભામાં સંબોધન કરતાં સાંસદ મિતેશ પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો આંકલાવ વિસ્તારમાં કોંગ્રેસ એકપણ બેઠક જીતશે તો તે વિસ્તારોને ગ્રાન્ટ આપવામાં નહીં આવે. તેમણે વધુમાં જણાવ્યું કે જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયતની એકપણ બેઠક કોંગ્રેસ જીતશે તો તેઓ એક રૂપિયાની પણ ગ્રાન્ટ મંજૂર નહીં થવા દે.

# ડાંગ જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે પોસ્ટલ બેલેટ મતદાન ફેસીલીટેશન સેન્ટર કાર્યરત કરાયું


આહવા/ડાંગ : સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં જિલ્લા/તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે, ત્યારે ચૂંટણી ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી આહવા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોસ્ટલ બેલેટ મતદાન ફેસીલીટેશન સેન્ટર (સુવિધા કેન્દ્ર) શરૂ કરવામાં આવેલ છે. આ કેન્દ્રમાં પોલીસ, હોમગાર્ડ તેમજ જી.આર.ડી જવાનોના માટે પોસ્ટલ બેલેટ થી મતદાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી. જેમાં આજરોજ સુરક્ષા કર્મીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. આ સુવિધા કેન્દ્રનો હેતુ ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા તમામ લાયક મતદારો સરળતાથી અને પારદર્શક રીતે મતદાન કરી શકે તે સુનિશ્ચિત કરવાનો છે. સંબંધિત મતદારોને નિયત સમયે હાજર રહી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા જણાવાયું છે.ઉલ્લેખનીય છે કે, આગામી તારીખ ૨૪ ના રોજ આહવા સરકારી માધ્યમિક શાળા ખાતે પોલીસ સ્ટાફ સાથે જોડાયેલા આહવા તાલુકાના કર્મચારીઓ માટે સવારે ૧૦ વાંગ્યાથી મતદાન શરૂ થનાર છે.

**એમસીએક્સ** સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 13369.77 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 36894 પોઇન્ટના સ્તરે

# એમસીએક્સ પર કોટનના વાયદામાં રૂ.1040નો ઉછાળો: સોનાનો વાયદો રૂ.1479, ચાંદીનો વાયદો રૂ.3885 વધ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.31નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.20902.72 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.133818.51 કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.154721.67 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.20902.72 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.133818.51 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 36894 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2104.8 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 13369.77 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.153335ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153699 અને નીચામાં રૂ.153001ના સ્તરને સ્પર્શી, રૂ.151671ના આગલા બંધ સામે રૂ.1479 વધી રૂ.153150ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.661 વધી રૂ.122051ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.81 વધી રૂ.15301ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.1398 વધી રૂ.151674ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.150748ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.152275 અને નીચામાં રૂ.150748ના સ્તરને સ્પર્શી, રૂ.150537ના આગલા બંધ સામે રૂ.1237 વધી રૂ.151774 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.248717ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.250698 અને નીચામાં રૂ.248042ના મથાળે અથડાઈ, રૂ.244701ના આગલા બંધ સામે રૂ.3885 વધી રૂ.248586ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.3988 વધી રૂ.250474ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.3990 વધી રૂ.250570ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 3300.93 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.11.7 વધી રૂ.1276.75ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.5.85 વધી રૂ.349.3ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.5.9 વધી રૂ.371.2ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો 30 પૈસા ઘટી રૂ.196.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 4174.22 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4990ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4996 અને નીચામાં રૂ.4953ના મથાળે અથડાઈ, રૂ.11 ઘટી રૂ.4973ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.8391ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8604 અને નીચામાં રૂ.8240ના સ્તરને સ્પર્શી, રૂ.8437ના આગલા બંધ સામે રૂ.31 વધી રૂ.8468 થયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.25 વધી રૂ.8465ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.3.2 વધી રૂ.255.5 થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.3.2 વધી રૂ.255.6 થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.1009ના ભાવે ખૂલી, રૂ.1.7 ઘટી રૂ.1002ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.1040ના ઉછાળા સાથે રૂ.29550ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.2853ના ભાવે ખૂલી, રૂ.79 ઘટી રૂ.2859ના સ્તરે પહોંચ્યો હતો.

### અભયમ મહિલા હેલ્પલાઇનમાં તાજેતરમાં જ એક ઘટના ધ્યાન પર આવેલ હતી

# ઘરકંકાસ બાબતે પત્નીના હાથમાંથી ત્રણ માસના બાળકને ઝૂંટવીને ભાગતા પતિ પાસેથી પત્નીને પરત અપાવતી બોટાદ 181 અભયમ અને 112 જનરક્ષક ટીમ

**અભયમ** બોટાદની અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમે ફરી એકવાર માનવતા અને કર્તવ્યનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે

અભયમ મહિલા હેલ્પલાઈનમાં તાજેતરમાં જ એક ઘટના ધ્યાન પર આવેલ હતી જેમાં બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના એક ગામમાંથી એક પીડિત મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈન અને 112 જનરક્ષક ટીમને ફોન કરીને જણાવેલ કે તેણીનો પતિ ત્રણ માસના બાળકને હાથમાંથી બળજબરી પૂર્વક ખેંચીને ગામમાં ભાગે છે, મદદની જરૂર છે.



આ પ્રકારની માહિતી મળતા જ 181 ટીમના કાઉન્સેલર પટેલ ખુશ્બુબેન મહિલા પોલીસ કોન્સ્ટેબલ બારૈયા ભાવનાબેન તેમજ પાયલોટ સોલંકી હિતેશભાઈ ઘટના સ્થળ પર 112 જનરક્ષક ટીમ સાથે મહિલાની મદદ માટે પહોંચેલ હતા, મહિલાના પતિ જે દિશા તરફ ગયા હતા તેની વિગતો ગ્રામજનો પાસેથી મેળવીને તે દિશા તરફ આગળ વધી મહિલાના પતિ સુધી પહોચવામાં સફળતા મેળવેલ હતી. ત્રણ માસનું બાળકના આરોગ્યને ધ્યાનમાં રાખી પતિ પાસેથી બાળક છોડાવી હેમખેમ તેની માતાના ખોળામાં સોંપ્યું હતું. 181 અભયમ ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરતા ફરિયાદની વિગતોમાં જણાવેલ કે તેમને લગ્નને 15 વર્ષ જેટલો સમયગાળો થયેલ છે, સંતાનમાં ત્રણ બાળકો છે તેના પતિ સાત વર્ષથી અવાર-નવાર ચારિત્ર્ય પર કુશંકા કરી, ઘરમાં સી.સી.ટી.વી કેમેરા લગાવેલ હતા જેથી પત્નીની રોજ-બરોજની દિનચર્યાની માહિતી મળે ઉપરાંત સતત ધ્યાન નજર સમક્ષ રાખીને નાની નાની બાબતોમાં ટોકીને માનસિક પજવણી કરતા હતા. મહિલા પર શંકાનું પ્રમાણ એટલું વધી ગયું કે પડોશીઓ સાથે પણ કોઈપણ પ્રકારના વ્યવહારની મનાઈ ફરમાવવામાં આવેલ હતી. મહિલાના આત્મસન્માનને હાની પહોચતા અને પતિના આ વર્તનથી ખૂબ જ ત્રસ્ત થઈને તેના પિયરમાં જવાનો નિર્ણય લીધેલ હતો અને આ વાતની જાણ પતિને થતા બાળકને કાળઝાળ ગરમીમાં લઈને ગામમાં દોડધામ કરવા લાગેલ હતા.181 ટીમ અને 112 ટીમે મહિલાના પતિને સમજાવેલ ખોટી શંકાના કારણે તેમના લગ્નજીવનમાં આવતી સમસ્યાઓ અને બાળકના ભવિષ્ય અંગેની બાબતો વિષે સમજ કરેલ પિયર પક્ષ અને સાસરી પક્ષને સાથે રાખીને જીણવટપૂર્વક સમસ્યા અંગેની ચર્ચા કરી ભવિષ્યમાં ફરિવાર ઝઘડા ન થાય તે માટે ગઢડા PBSC સેન્ટર ખાતે લાંબા ગાળાના કાઉન્સેલિંગ માટે માર્ગદર્શન આપવામાં આવેલ અને સમગ્ર કેસ PBSC ગઢડા ખાતે મોકલી આપેલ હતો. આ ઘટનામાં PBSC ના કાઉન્સેલર બધેકા ક્રિષ્નાબેન એ આગળની કાઉન્સીલિંગની કાર્યવાહી હાથ

# પોરબંદરમાં એસ.ઓ.જી.નો દરોડો: ૨૬૨ ગ્રામ સુકા ગાંજા સાથે બે ઈસમ ઝડપાયા

### છાયાંના યુવાન અને જયુબેલીના વૃધ્ધ પાસેથી કુલ રૂ.૧૬,૧૦૦નો મુદ્દામાલ કબ્જે, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાયો

• ગોસા(ઘેડ) તા.૨૨

પોરબંદરના છાયા વિસ્તારના એક યુવાને બહારથી ગાંજો લાવી જ્યુબેલી ચાર રસ્તા પાસે ખાડીકાંઠે રહેતા વૃદ્ધના ઘરે પહોંચ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે દરોડો પાડી બે ઈસમોને ઝડપ્યા છે. પોલીસે ગાંજો, મોબાઈલ અને વજનકાંટા સહિત કુલ રૂ.૧૬,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લાના પોલીસ અધિક્ષક ભગીરથસિંહ યુ. જાડેજાનાઓનાં માર્ગદર્શન હેઠળ નશીલા પદાર્થો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.જેના અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. જાડેજાએ સ્ટાફને સક્રિય કરી બાતમી મેળવવા સૂચના આપી હતી.



દરમિયાન એસ.ઓ.જી. સ્ટાફના હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ ગોહિલ, ભીમાભાઈ ઓડેદરા તથા કોન્સ્ટેબલ દિલીપભાઈને ચોક્કસ માહિતી મળી હતી કે જયદીપ બાબુભાઈ ચાવડા ઉ.વ. ૨૮ રહે. ચામુંડા કૃપા ઘેડીયા કોળી સમાજ પાસે ગીતાનગર સોસાયટી છાયા, પોરબંદરવાળો સુકા ગાંજાનો જથ્થો લાવેલ છે અને હાલ તે જ્યુબેલી ચાર રસ્તા ખાડી કાંઠે જોશી સાયકલ સ્ટોરની પાછળના ભાગે રહેતા નારણભાઈ વરજાંગ ભાઈ વાજા ઉ.વ.૬૬ ના રહેણાંક મકાને ગાંજા સાથે હાજર છે તેવી બાતમીના આધારે એસ.ઓ.જી.ની પોલીસ ટીમે સરકારી પંચોની હાજરીમાં દરોડો પાડી બંને ઈસમોને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન કુલ ૨૬૨ ગ્રામ સુકા ગાંજા (કિંમત રૂ. ૧૩,૧૦૦), ઈલેક્ટ્રોનિક વજનકાંટો (રૂ. ૫૦૦) અને મોબાઈલ ફોન (રૂ. ૨,૫૦૦) મળી કુલ રૂ. ૧૬,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

બંને આરોપીઓ વિરુદ્ધ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# લાખણીમાં ફોર લેન હાઈવેના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપ, લોકોમાં ભારે રોષ

### વૈકલ્પિક માર્ગ વિના કામથી જનજીવન અસ્તવ્યસ્ત; સોસાયટીવાસીઓ, વેપારીઓ મુશ્કેલીમાં

લાખણી:- લાખણી ખાતે વાસણા ત્રણ રસ્તાથી જીઓ પંપ સુધી બની રહેલા નવા ફોર લેન હાઈવેના કામમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિના આક્ષેપો સામે આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. હાઈવેના નિર્માણ દરમિયાન કોન્ટ્રાકટર દ્વારા કોઈ વૈકલ્પિક માર્ગ બનાવવામાં આવ્યો નથી, જેના કારણે રોજિંદા અવરજવર તથા ધંધાકીય પ્રવૃત્તિઓ પર અસર પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ રસ્તા વચ્ચે રેતી અને કપચીના ઢગલા મુકાતા વાહન વ્યવહાર મુશ્કેલ બન્યો છે. ખાસ કરીને હાઈવે પર આવેલી સોસાયટીઓમાં રહેતા લોકો માટે પરિસ્થિતિ વધુ કઠિન બની છે. સોસાયટીના રસ્તાઓ પર વધેલી ધૂળ અને રેતી છતાં પાણી છાંટવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી, જેના કારણે મહિલાઓ માટે એક્ટિવા જેવા દ્વિચક્રી વાહન પર અવરજવર કરવું મુશ્કેલ બની ગયું છે.

આ ઉપરાંત ગટર લાઈનમાં મોટી તિરાડો જોવા મળતાં કામની ગુણવત્તા અંગે પણ પ્રશ્નો ઉભા થયા છે. લોકોના આક્ષેપ મુજબ કપચી સાથે રેતી મિશ્રણ કરીને રોડ બનાવવામાં આવી રહ્યો છે, જેના કારણે ભારે વાહનો પસાર થતાં રોડ દબાઈ જવાની અને ભવિષ્યમાં અકસ્માતની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.કોન્ટ્રાકટરનો સંપર્ક કરતા સંતોષકારક જવાબ મળતો નથી અને બેદરકારીભર્યો વલણ અપનાવવામાં આવતું હોવાનું લોકો જણાવી રહ્યા છે. કેટલાક લોકોએ કોન્ટ્રાકટર દ્વારા પ્રશ્નોના જવાબ આપ્યા વગર સ્થળ છોડ્યાનો પણ આક્ષેપ કર્યો છે.

સ્થાનિક લોકોની માંગ છે કે તાત્કાલિક તપાસ કરી ગુણવત્તાસભર કામ કરવામાં આવે અને લોકોને પડતી તકલીફો દૂર કરવામાં આવે. નહીં તો આ મુદ્દો આવનારી ચૂંટણીમાં અસરકારક સાબિત થઈ શકે છે.

# ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ રોકવા અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠનની મહત્વની રજૂઆત



આહવા/ડાંગ

ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ સામે કડક કાર્યવાહી કરવાના હેતુથી અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. સંગઠનના પ્રદેશ પ્રમુખ જેઠાભાઈ પટેલ અને ઉપપ્રમુખ વિજયકુમાર ગોયલે જણાવ્યું છે કે વર્તમાનમાં માત્ર આર્થિક દંડની જોગવાઈ હોવાથી ભેળસેળિયા તત્વોને છૂટો દોર મળ્યો છે.

સંગઠન દ્વારા મુખ્યત્વે નીચે મુજબની માંગણીઓ કરવામાં આવી છે:

કઠોર સજાની જોગવાઈ: ભેળસેળ કરનારાઓ સામે માત્ર આર્થિક દંડ નહીં, પરંતુ જેલની સજા અને દુકાન કે ડેરીના લાઈસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ કરવી.

### રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. અને ઉદ્યોગનગર પોલીસનું સંયુક્ત ઓપરેશન

# જેતપુરમાં રામાપીરના મહોત્સવમાં ભીડનો લાભ લઈ સોનાના ચેઈન ચોરતી ટોળકી ઝબ્બે

• જેતપુર

જેતપુરના નવાગઢ વિસ્તારમાં રામાપીરના સ્તંભારોપણ મહોત્સવ દરમિયાન ભીડનો ગેરલાભ ઉઠાવી મહિલાઓના ગળામાંથી સોનાના ચેઈન ચોરતી રીઢા તત્વોની ટોળકીને રાજકોટ ગ્રામ્ય પોલીસે દબોચી લીધી છે. પોલીસે ચાર મહિલાઓ, બે પુરુષો અને ચોરીનો માલ રાખનાર રાજકોટના એક સોની વેપારી સહિત કુલ સાત લોકોની ધરપકડ કરી સોનાનો ઢાળિયો અને વાહનો મળી કુલ રૂ. ૫,૯૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ગત તારીખ ૧૩/૦૪/૨૦૨૬ના રોજ જેતપુરના નવાગઢ બળદેવધાર વિસ્તારમાં રામાપીરના સ્તંભ ઉભા કરવાનો ધાર્મિક પ્રસંગ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દર્શન કરવા ગયેલા એક મહિલાના ગળામાંથી ૩૦ ગ્રામનો સોનાનો ચેઈન (કિ. રૂ. ૩,૦૦,૦૦૦) કોઈ અજાણ્યા શખ્સો સેરવી ગયા હતા. આ સાથે જ અન્ય એક મહિલાનો ૧૦ ગ્રામનો ચેઈન અને પેન્ડલ (કિ. રૂ. ૧,૦૦,૦૦૦) પણ ચોરાયો હોવાનું સામે આવ્યું હતું. આ મામલે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધાયો હતો.

રાજકોટ ગ્રામ્ય એસ.પી. વિજયસિંહ ગુર્જર અને ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાની સૂચના હેઠળ એલ.સી.બી. પી.આઈ. વી.વી. ઓડેદરા તથા ઉદ્યોગનગર પી.આઈ. એસ.એચ. શર્માની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ અને વીડિયોગ્રાફી તપાસતા કેટલીક મહિલાઓ શંકાસ્પદ જણાઈ હતી. દરમિયાન બાતમી મળી હતી કે જેતપુરના જૂના દેરડી રોડ પાસે એક ઈકો કાર અને રિક્ષા સાથે કેટલાક શંકાસ્પદ લોકો ઉભા છે. પોલીસે તુરંત દરોડો પાડી તેઓની પૂછપરછ કરતા ચોરીના ગુનાની કબૂલાત આપી હતી.

દિનેશ ઉર્ફે દિલો સામતભાઈ સોલંકી (રહે. વિઝીંવડ, ગોંડલ),રમેશ ઉર્ફે જેરામ બાબુભાઈ ચુડાસમા (રહે. માલીયાસણ, રાજકોટ), દૈયાબેન રમેશભાઈ ચુડાસમા (રહે. માલીયાસણ, રાજકોટ),શાંતિબેન કિશોરભાઈ સોલંકી (રહે. ખાપટ, પોરબંદર),વિજયાબેન ઉર્ફે વિજુબેન દિનેશભાઈ સોલંકી (રહે. વિઝીંવડ, ગોંડલ),કિરણબેન જયભાઈ સોલંકી (રહે. વિઝીંવડ, ગોંડલ),આશિષ જીતેન્દ્રભાઈ જોષી (સોની વેપારી, રહે. અવધ રેસીડેન્સી, રાજકોટ)પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૩ લાખની ઈકો કાર, રૂ. ૭૦ હજારની રિક્ષા, ૨૫,૫૦૦ની રોકડ અને ૧૬.૮૫૦ ગ્રામ સોનાનો ઢાળિયો (કિ.રૂ. ૨,૦૦,૦૦૦) તેમજ ચોરી માટે વપરાતી ૪ નંગ બ્લેડ કબજે કરી છે. હજુ આ ટોળકીના બે સભ્યો ફરાર હોવાથી પોલીસે તેઓની શોધખોળ હાથ ધરી છે.

# મનપાની ચૂંટણીમાં કોંગ્રેસનું અમદાવાદમાં કતલખાનું બનાવવાનું વચન: MLA ખેડાવાલાનું નિવેદન

### ભાજપે રાજકીય મુદ્દો બનાવી કતલખાનું રદ કરાવ્યું, 2 મહિનામાં જ ફરી મુદ્દો સળગ્યો

• અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ફરી સ્લોટર હાઉસનો મુદ્દો ઉઠ્યો છે. જમાલપુરમાં પેનલની જીત બાદ સ્લોટર હાઉસ(કતલખાનું) બનાવવાનું કોંગ્રેસે નાગરિકોને વચન આપ્યું છે. સ્લોટર હાઉસ બનાવવા માટેની અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે મંજૂરી આપી હોવાનો ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ દાવો કર્યો છે. પરંતુ ભાજપના નેતાઓએ ખોટી રીતે રાજકીય મુદ્દો બનાવી સ્લોટર હાઉસ રદ કરાવ્યું હોવાનો ખેડાવાલાએ આક્ષેપ કર્યો છે. 2 મહિનામાં જ ફરી સ્લોટર હાઉસનો મુદ્દો સળગ્યો છે.

ઉમેદવારોની જાહેરાત થયા બાદ કોંગ્રેસમાં કકળાટ ચાલી રહ્યો હતો. પરંતુ ગઈકાલે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ મિટિંગ કરી કાર્યકર્તાઓની નારાજગી દૂર કરી છે. જેથી હવે તમામ કાર્યકર્તા એકસાથે આવીને કોંગ્રેસની પેનલને જીતાડવા માટે કામે લાગ્યા છે. જમાલપુરમાં કોંગ્રેસની પેનલ જીતશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સ અમદાવાદમાં આવતી હોવાથી સ્લોટર હાઉસની જરૂર હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

તો બીજી તરફ ચૂંટણી પ્રચારમાં પાકિસ્તાનની વાત કરનાર ભાજપના નેતાઓને પણ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આડે હાથ લીધા છે. ભાજપના નેતાઓ પાસે




વિકાસનો કોઈ મુદ્દો ન હોવાનો પણ કોંગ્રેસે દાવો કર્યો છે. જેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં પાકિસ્તાન અને ચિકનની લારીઓ બંધ કરાવી લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહી હોવાનો પણ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું સ્લોટર હાઉસ ચલાવવા માટેનું વાર્ષિક બજેટ રૂપિયા 2થી 2.5 કરોડ છે.'30 વર્ષથી ભાજપનું શાસન, છતાં લોકો ઉમેદવારોને વિસ્તારમાં આવવા દેતા નથી'જમાલપુર ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, નાગરિકોની રજૂઆત સાંભળવા પણ કોઈ તૈયાર નથી. 30 વર્ષથી ભાજપનું શાસન છે છતાં ચૂંટણી દરમિયાન નાગરિકો ભાજપના ઉમેદવારોને વિસ્તારમાં જવા દેતા નથી. કોંગ્રેસને ગુજરાતની પ્રજાના આશીર્વાદ મળવાના છે. જમાલપુરમાં કોંગ્રેસના કોર્પોરેટરોએ અનેક વિકાસના કામ કર્યા છે. કોર્પોરેટર હતો ત્યારે અને ધારાસભ્ય છું ત્યારે પણ લોકોના મુદ્દા સરકાર સામે ઉઠાવુ છું. આ ચૂંટણીમાં અમે કોઈ વાદવિવાદમાં પડવા માંગતા નથી. રોજ લોકોને ચોખ્ખું પાણી મળવું જોઈએ, સારા રોડ હોય, ગાર્ડન હોય સહિતની વ્યવસ્થા અમે પૂરી કરી છે. સ્લોટર હાઉસ બનાવવાની વાત સાથે ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, અમારી રજૂઆત હતી કે જમાલપુરનું સુપ્રસિદ્ધ મંદિર જગન્નાથ મંદિર આવેલું છે ત્યારે બીજી તરફ ગીતા મંદિર આવેલું છે. જેની વચ્ચે સ્લોટર હાઉસ આવેલું છે અને તે દૂર કરવામાં આવે અને અન્ય સ્થળે તેને શિફ્ટ કરવામાં આવે. બહેરામપુરા વિસ્તારમાં પ્લોટ પણ ખાલી કરાવીને કોર્પોરેશનને આપ્યો હતો જે જગ્યા પર સ્લોટર હાઉસ બનાવવા માટેની વાત કરવામાં આવી હતી. પરંતુ ભાજપ એ ખોટો મુદ્દો બનાવીને તેને રદ કરાવી દીધું હતું.

**આક્ષેપ** એક જ વ્યક્તિ 50 સિક્કા મારતા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

# બાપુનગરમાં હોમગાર્ડ ઓફિસમાં બેલેટ પેપરથી મતદાનમાં વિવાદ

### એક જ વ્યક્તિ 50-50 સિક્કા મારતા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ, 5 સામે ફરિયાદ નોંધવા દેસાઈની અરજી

અમદાવાદ :અમદાવાદના બાપુનગરમાં હોમગાર્ડ ઓફિસમાં બેલેટ પેપરથી મતદાનમાં વિવાદ સર્જાયો હતો. હોમગાર્ડ ઓફિસમાં ખોટી રીતે બેલેટ પેપર પર સિક્કા કરવાની પ્રક્રિયા થતી હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. બેલેટ પેપરમાં એક જ વ્યક્તિ 50 - 50 સિક્કા મારતા હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.જેને લઈને કોંગ્રેસના ઉમેદવાર નાગજી દેસાઈએ પાંચ લોકો સામે નામજોગ ફરિયાદ દાખલ કરી તપાસ કરવા પોલીસ અરજી કરી છે. જેમાં હોમગાર્ડના કમાન્ડર સ્નેહલ પટેલ વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરવા માટે પોલીસ અરજી કરવામાં આવી છે. જોકે હોમગાર્ડની ઓફિસને તાળું મારીને ચાવી પણ પોલીસને સોંપવામાં આવી છે.વધુમાં નાગજી દેસાઈએ જણાવ્યું હતું કે, જો પોલીસ અધિકારી યોગ્ય રીતે તપાસ કરે તો ઘણું બધું સામે આવી શકે છે. અધિકારી હાજર ન હોવા છતાં મટીરિયલ કઈ રીતે આવ્યું તે સૌથી મોટો સવાલ છે. સિક્કા મરનાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવે તેવી અમારી માંગ છે. ચૂંટણી પંચના અધિકારી વગર મતદાન ન થઈ શકે તો આટલી હદે ખોટું ચાલી રહ્યું છે. હોમગાર્ડ ઓફિસમાં જ જો આ રીતે ખોટું ચાલતું હોય તો અમારું માનવું છે કે લોકશાહીનું હનન થઈ રહ્યું છે.પોલીસ ફરિયાદમાં ત્રણ સિક્કાવાળા વ્યક્તિઓની નામજોગ ફરિયાદ કરી છે.



હોમગાર્ડના કમાન્ડર સ્નેહલ પટેલ વિરુદ્ધ પણ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. તેમજ જવાબદાર ચૂંટણી અધિકારી સામે પણ કાર્યવાહી થવી જોઈએ તે માટે પાંચ નામ આરોપી તરીકે આપવામાં આવ્યા છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, ચૂંટણી અધિકારી હાજર ન હોવા છતાં બેલેટ પેપર પર એક જ વ્યક્તિ 50થી 60 સિક્કા મારવામાં આવતા હતા. જેથી બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પણ હોમગાર્ડ ઓફિસ ખાતે પહોંચી ગયા હતાં. તેમજ તપાસ કરવા ચૂંટણી અધિકારીની હાજરી વગર જ બેલેટ પેપરથી સિક્કા મારવામાં આવતા હોવાથી કોંગ્રેસે હોબાળો કર્યો હતો. જો કે તે બાદ તાત્કાલિક પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. હોમગાર્ડ કમાન્ડર સ્નેહલ પટેલ ભાજપ સાથે જોડાયેલો હોવાથી ખોટું ચાલતું હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.કોંગ્રેસના ઉમેદવાર નાગજી દેસાઈએ પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપી છે. જેમાં પંકજ રાઠોડ, ગૌતમ પરમાર, વિજય જાદવ બેલેટ પેપરમાં સિક્કા મારતા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમજ હોમગાર્ડ કમાન્ડર સ્નેહલ પટેલ અને જવાબદાર ચૂંટણી અધિકારી સામે ફરિયાદ દાખલ કરવા માટે અરજી કરવામાં આવી છે. યોગ્ય તપાસ કરી જવાબદાર લોકોને જેલ ભેગા કરવાની પણ કોંગ્રેસે માંગ કરી છે.કોંગ્રેસના ઉમેદવાર નાગજી દેસાઈએ જણાવ્યું હતું કે, ગઈકાલે બેલેટ પેપરમાં સિક્કા મારતા હતા. જેમાં માત્ર હોમગાર્ડનું જ મતદાન થતું હતું. તેમજ હોમગાર્ ના વડા બંધારણીય રીતે સરકારના કાર્યકરો છે. અત્યારે જે કમાન્ડર છે તે ભાજપના પૂર્વ મહામંત્રી સ્નેહલ પટેલ છે. ગઈકાલે એક વ્યક્તિ 50થી 60 સિક્કા મારતા હતા. જેથી તપાસ કરવા માટે અમે અંદર ગયા અને વીડિયો ઉતારીને પોલીસને ફરિયાદ પણ કરવામાં આવી હતી. જે બાદ તપાસ કરતા એવું જાણવા મળ્યું કે ચૂંટણી અધિકારી તો હતા જ નહીં. જેથી વોર્ડના કાર્યકર્તાઓ પણ પહોંચી ગયા હતાં. જેથી મટીરીયલનો નાશ ન થાય તે માટે તાળું મારી દેવામાં આવ્યું હતું. જે બાદ તેની ચાવી પણ પોલીસને સોંપવામાં આવી છે. ચૂંટણી અધિકારી વગર જ ખોટી રીતે બેલેટ પેપરથી મતદાન થતું હોવાથી પોલીસને ફરિયાદ કરવામાં આવી છે.

વધુમાં નાગજી દેસાઈએ જણાવ્યું હતું કે, જો પોલીસ અધિકારી યોગ્ય રીતે તપાસ કરે તો ઘણું બધું સામે આવી શકે છે. અધિકારી હાજર ન હોવા છતાં મટીરિયલ કઈ રીતે આવ્યું તે સૌથી મોટો સવાલ છે. સિક્કા મરનાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવે તેવી અમારી માંગ છે. ચૂંટણી પંચના અધિકારી વગર મતદાન ન થઈ શકે તો આટલી હદે ખોટું ચાલી રહ્યું છે. હોમગાર્ડ ઓફિસમાં જ જો આ રીતે ખોટું ચાલતું હોય તો અમારું માનવું છે કે લોકશાહીનું હનન થઈ રહ્યું છે.પોલીસ ફરિયાદમાં ત્રણ સિક્કાવાળા વ્યક્તિઓની નામજોગ ફરિયાદ કરી છે. હોમગાર્ડના કમાન્ડર સ્નેહલ પટેલ વિરુદ્ધ પણ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. તેમજ જવાબદાર ચૂંટણી અધિકારી સામે પણ કાર્યવાહી થવી જોઈએ તે માટે પાંચ નામ આરોપી તરીકે આપવામાં આવ્યા છે. નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે તો સાચી હકીકત સામે આવશે. કોઈનો મત અન્ય કોઈ વ્યક્તિ આપી દે તે સૌથી મોટું પાપ છે. નિષ્પક્ષ તપાસ થશે તો ઘણા બધા લોકો જેલમાં પણ જશે.


# બંગાળમાં ભાજપનું મોટું ચૂંટણી કાર્ડ

### દીદી 'ઓને દર મહિને 3000 અને યુવાઓને બેરોજગારી ભથ્થું આપવાનું અમિત શાહનું વચન

કોલકાતા/અમદાવાદ: પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીનો માહોલ અત્યારથી જ ગરમાયો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંગાળની જનતાને સંબોધતા એક મોટી જાહેરાત કરી છે. તેમણે દાવો કર્યો છે કે જો બંગાળમાં ભાજપની સરકાર બનશે, તો રાજ્યની દરેક મહિલા (દીદી)ના ખાતામાં દર મહિને 3000 જમા કરવામાં આવશે.

બેરોજગાર યુવાનો માટે પણ મોટી જાહેરાત

મહિલાઓ ઉપરાંત, અમિત શાહે બંગાળના યુવાનોને આકર્ષવા માટે રોજગારીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.




તેમણે વચન આપ્યું કે ભાજપ શાસિત બંગાળમાં દરેક બેરોજગાર યુવાનને દર મહિને 3000નું આર્થિક ભથ્થું આપવામાં આવશે, જેથી તેઓ તેમના ઉજ્જવળ ભવિષ્યની તૈયારી કરી શકે.

શાહનો મમતા સરકાર પર પ્રહાર:

* પરિવર્તનનો નારો: અમિત શાહે જણાવ્યું કે બંગાળમાં અત્યારે ભ્રષ્ટાચાર અને ઘુસણખોરીનું શાસન છે, જેને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે ભાજપ સજ્જ છે.
* આર્થિક સશક્તિકરણ: 3000ની આ યોજના 'લક્ષ્મી ભંડાર' જેવી હાલની યોજનાઓ કરતા પણ મોટી હોવાનું મનાય છે, જે સીધો તૃણમૂલ કોંગ્રેસના વોટબેંક પર પ્રહાર છે.
* વિકાસનો વાયદો: 'તમે એકવાર કમળ ખીલવી દો, અમે બંગાળને સોનાની લંકા જેવું સમૃદ્ધ બનાવીશું,' તેવું આહવાન શાહે કર્યું હતું.

# કાશ્મીર આતંકી હુમલાની વરસી: ન્યાય અને મદદની આશ હજુ અકબંધ

### એક વર્ષ વીત્યું પણ પીડિત પરિવારોના આંસુ સુકાયા નથી

સ્પેશિયલ રિપોર્ટ: કાશ્મીરની ખીણમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા એ કાયરતાપૂર્ણ આતંકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. સમય ભલે વીતી ગયો હોય, પણ જે પરિવારોએ પોતાના સ્વજન ખોયા છે અથવા જેમના ઘરના મોભી હંમેશા માટે અપંગ બની ગયા છે, તેમના માટે આ એક વર્ષ સંઘર્ષ અને વેદનાની પરાકાષ્ઠા સમાન રહ્યું છે. 'પાક્કો ગુજરાત' દ્વારા પીડિત પરિવારો સાથે વાતચીત કરતા તેમની આંખમાં હજુ પણ એ કાળી રાતનો ખૌફ અને અધૂરા વચનોનો વસવસો જોવા મળ્યો હતો.હુમલામાં જીવ ગુમાવનાર



એક પ્રવાસીના પત્નીએ ડૂસકું ભરતા જણાવ્યું કે, 'એક વર્ષ થઈ ગયું, સરકારે વળતરની જાહેરાત કરી હતી, પણ ફાઈલો હજુ ટેબલો પર જ ફરી રહી છે. બાળકોના ભણતર અને ઘરનું ગુજરાન ચલાવવું હવે પહાડ જેવું અઘરું લાગે છે. અમને પૈસા કરતા વધારે જરૂર એ ન્યાયની છે કે જેણે અમારા ઘર ઉજાડ્યા એ આતંકીઓને સખત સજા મળે.'

પીડિતોની મુખ્ય વેદના:

* અધૂરી આર્થિક સહાય: અનેક પરિવારોનો આક્ષેપ છે કે શરુઆતમાં મળેલી મદદ બાદ લાંબા ગાળાના પુનઃવસન માટે આપેલા વચનો હજુ પૂરા થયા નથી.
* માનસિક આઘાત: હુમલામાં બચી ગયેલા પ્રવાસીઓ હજુ પણ રાત્રે અચાનક જાગી જાય છે. ગોળીબારના અવાજો અને ચીચીયારીઓ તેમના કાનમાં હજુ ગુંજે છે.
* સલામતીનો સવાલ: પરિવારો પૂછી રહ્યા છે કે, 'શું હવે કાશ્મીર જવું સુરક્ષિત છે? શું બીજા કોઈ પરિવારને અમારા જેવું દુઃખ સહન નહીં કરવું પડે તેની ગેરંટી કોણ આપશે?'

તંત્ર સામે રોષ:

પીડિતોનું કહેવું છે કે નેતાઓ શ્રદ્ધાંજલિ આપીને ભૂલી જાય છે, પણ જેમના ઘરે કાયમી અંધકાર છવાઈ ગયો છે તેમને દરરોજ નવી લડાઈ લડવી પડે છે. 'અમે કોઈ ભીખ નથી માંગતા, પણ જે આતંકવાદે અમારા હક છીનવી લીધા છે, તેની સામે સરકાર અમને મજબૂત ટેકો આપે તેવી અપેક્ષા છે.'

## રાશીફળ (તા.23-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહભર્યો રહેશે. નોકરીમાં પ્રગતિના યોગ છે અને લાંબા સમયથી અટકેલા કામ પૂરા થશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. |
| વૃષભ (બ.વ.ઉ) | તમારે તમારી વાણી પર સંયમ રાખવો પડશે, નહીંતર પરિવારમાં વિવાદ થઈ શકે છે. આર્થિક રોકાણ કરતા પહેલા વડીલોની સલાહ લેવી હિતાવહ છે. |
| મિથુન (ક.છ.ઘ) | વેપારમાં નવા સોદા ફાયદાકારક સાબિત થશે. મિત્રો સાથે સારો સમય વિતાવશો. જીવનસાથીનો ભરપૂર સહયોગ મળશે. |
| કર્ક (ડ.હ) | માનસિક શાંતિનો અનુભવ થશે. સંતાન પક્ષ તરફથી સારા સમાચાર મળી શકે છે. ખર્ચ પર થોડો કાબૂ રાખવો જરૂરી છે. |
| સિંહ (મ.ટ) | કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. વિદેશ જવા ઈચ્છતા લોકો માટે દિવસ અનુકૂળ છે. ભાગ્યનો પૂરો સાથ મળશે. |
| કન્યા (પ.ઠ.ણ) | તમારે ઉતાવળમાં કોઈ પણ નિર્ણય લેવાનું ટાળવું જોઈએ. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. મનમાં અકારણ ચિંતા રહી શકે છે. |
| તુલા (ર.ત) | સામાજિક કાર્યોમાં રુચિ વધશે. ધાર્મિક યાત્રાના યોગ બની રહ્યા છે. વેપારમાં ભાગીદારીથી લાભ થવાની શક્યતા છે. |
| વૃશ્ચિક (ન.ય.) | સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે દિવસ શુભ છે. શત્રુઓ પરાજિત થશે અને તમારી આત્મવિશ્વાસમાં વધારો થશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | પ્રેમ સંબંધોમાં મધુરતા આવશે. જૂની સમસ્યાઓનો ઉકેલ મળશે. આર્થિક રીતે દિવસ મજબૂત રહેશે, અણધાર્યા ધનલાભના યોગ છે. |
| મકર (ખ.જ) | ઘરના રિનોવેશન કે નવી વસ્તુની ખરીદીમાં વ્યસ્ત રહેશો. માતાના સ્વાસ્થ્યની ચિંતા થઈ શકે છે. પ્રોપર્ટીના વ્યવહારમાં સાવધ રહેવું. |
| કુંભ (ગ.શ.સ.ષ) | તમારા પરાક્રમમાં વધારો થશે. નાના ભાઈ-બહેનો સાથેના સંબંધો સુધરશે. ટૂંકી મુસાફરીના યોગ છે જે ફાયદાકારક રહેશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | પરિવારમાં માંગલિક પ્રસંગનું આયોજન થઈ શકે છે. તમારી બચત વધશે. કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી મન પ્રસન્ન રહેશે.a |

# નશાની લતે ચડેલા પતિનું 181 અભયમે કર્યું હૃદય પરિવર્તન, તૂટતો પરિવાર બચાવ્યો

### 181 અભયમ મહિલા હેલ્પલાઇનના અસરકારક કાઉન્સેલિંગને કારણે એક હસતો-રમતો પરિવાર બરબાદ થતા બચી ગયો

ગાંધીનગર : આજના આધુનિક યુગમાં પણ ઘરેલું હિંસા અને નશાખોરી સામાજિક દૂષણ બનીને અનેક પરિવારોને વેરવિખેર કરી રહી છે. તાજેતરમાં આવી જ એક ઘટના સામે આવી હતી.જેમાં 181 અભયમ મહિલા હેલ્પલાઈનના અસરકારક કાઉન્સેલિંગને કારણે એક હસતો-રમતો પરિવાર બરબાદ થતા બચી ગયો છે.

આ ઘટનાની વિગત મુજબ એક પીડિત મહિલાએ લાચારીની સ્થિતિમાં 181 અભયમ હેલ્પલાઈનનો સંપર્ક સાધ્યો હતો. મહિલાએ રડતા અવાજે જણાવ્યું કે, તેના પતિ કેફી દ્રવ્યોના રવાડે ચડી ગયા છે. નશો કરીને ઘરે આવ્યા બાદ તેઓ પત્ની સાથે મારપીટ કરે છે અને સતત માનસિક ત્રાસ આપે છે. આ કેસમાં કરુણતા એ હતી કે આ દંપતીએ એક જ ગામમાં રહીને પ્રેમ લગ્ન કર્યા હતા. પ્રેમ લગ્નને કારણે પિયર પક્ષે સંબંધો તોડી નાખ્યા હતા. જેના કારણે મહિલા પાસે કોઈનો સહારો રહ્યો નહોતો.

આ ઘટનાની જાણ થતાં જ 181 અભયમની ટીમ પીડિત મહિલાના ઘરે પહોંચી હતી. પીડિત મહિલાએ કાઉન્સેલિંગ દરમિયાન જણાવ્યું હતું કે, તેઓ સાસુ સસરાથી અલગ રહે છે અને તેમને બે નાનાં બાળકો છે. પતિ છેલ્લા એક વર્ષથી કામ ધંધામાં અનિયમિત થઈ ગયા હતા. નશાની આદતને કારણે ઘરમાં પૈસા આપવાને




બદલે તેઓ પત્ની પાસે જ પૈસાની માંગણી કરતા હતા. બાળકો નાના હોવાથી મહિલા પોતે કમાવા જઈ શકતી નહોતી.પરિણામે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હતું .

બાદમાં અભયમની ટીમે મામલાની ગંભીરતાને સમજીને બંને પક્ષોને સામસામે બેસાડીને સમજાવટની પ્રક્રિયા હાથ ધરી હતી. ટીમે મહિલાના પતિને કડક શબ્દોમાં કાયદાકીય પાઠ ભણાવ્યા હતા અને તેને સમજાવ્યું હતું કે તેનું આ વર્તન તેને જેલના સળિયા પાછળ ધકેલી શકે છે. ઉપરાંત પતિને અહેસાસ કરાવ્યો હતો કે નશાને કારણે તે માત્ર પોતાનું સ્વાસ્થ્ય જ નહીં પરંતુ પોતાના માસૂમ બાળકોનું ભવિષ્ય પણ અંધકારમાં ધકેલી રહ્યો છે.

આખરે અભયમ ટીમના કાઉન્સેલિંગને અંતે પતિના હૃદયમાં પસ્તાવાની લાગણી જન્મી હતી. તેણે પોતાની ભૂલનો સ્વીકાર કરીને ભવિષ્યમાં ક્યારેય કેફી દ્રવ્યોનું સેવન ન કરવાની અને પરિવારની જવાબદારી નિભાવવાની ખાતરી આપી હતી. આમ અભયમના કારણે એક વિખેરાતો પરિવાર ફરી એકવાર સુખદ સમાધાન સાથે એક થયો હતો.

# 'સુખી રહેવું અને સુખી દેખાવું એમાં ઘણો ફરક છે

સુખી થવા માટે આપણો નિરંતર પ્રયાસ હોય છે..પણ સુખી કેમ રહેવું? કેમ બનવું ? એ આપણે જાણીએ અને સમજીએ. માત્રને માત્ર સુખી થવા આપણે આપણો દ્રષ્ટિકોણ અને સમજણને બદલવી પડે છે..જીવનમાં સુખ માટે આપણી ગમે તેટલી કોશિશ હશે પણ જ્યાં સુધી સાચાં સુખને સમજશુ નહીં ત્યાં સુધી સુખને પકડવા આપણે મહેનત કરતા જ રહેશું..દરેક સમયે આપણી કોશિશ માન પ્રતિષ્ઠા વધે કે નામ વધે એનાં માટે કરતા હોઈએ છીએક્યારેક આપણે સાધનો, સગવડતાઓ કે સંપત્તિને પણ સુખ માનીએ છીએ.

ક્યારેક ઘર બદલવું, કાર બદલવી કે વ્યક્તિ બદલવાથી સુખ મળી જાય એવું લાગે..આપણો સતત પ્રયત્ન સુખી રહેવા માટે કે સુખી બનવા માટે જ હોય છે. દરેક વખતે બધું બદલવું એ ઈરાદો જ સુખને ટકવા નથી દેતું. આપણી દ્રષ્ટિ ક્યારેય એક સુખ ઉપર ટકતી જ નથી.હમેશા બદલતી રહે છે વધું સારું મેળવવાની આશા જીંદગી પ્રત્યેનો અસંતોષ માણસને સાચાં સુખ તરફ નથી લઈ જતો. દરેક સમયે આપણે સુખને અધુરુ જ લાગે છે. સુખ પાછળની દોડમાં આપણે ખરુ જીવન માણવાનુ ચુકી જઈએ છીએ. વધુ પડતી લાલસા કે વધુ પડતો લોભ અપેક્ષા માણસને સુખ આપી શકતુ નથી. સુખને સમજવા આપણી પાસે નિરાંતની પળ જ નથી. વર્તમાન ભુલી ક્યારેક ભુતકાળ વાગોળીને દુઃખી થઈએ છીએ તો ક્યારેક ભવિષ્યની ચિંતામાં વર્તમાન ભુલી જઈએ છીએ..પરંતુ વર્તમાન સ્વીકારી સમજીને રહીએ એ જ સુખ.

૧)સુખી થવા માટે જીવનમાં ઘણુંછોડવું પડે છે. સુખી રહેવા ઘણું એડજેસ્ટમેન્ટ કરવું પડે છે.ટુકમા સુખ સાધનોની સાથે સાથે વ્યક્તિઓ સાથે પણ જોડાયેલુ છે..

૨) સુખી દેખાવવું સહેલું છે પણ સુખી રહેવું અઘરું છે જેનાં માટે હંમેશા કોમ્પ્રોમાઈઝ કરવું પડે છે. જેના માટે બધું ભેગું કરીએ છીએ એ ભોગવવા આપણી દરેક સમયે બાંધછોડ અનિવાર્ય છે.

૩)સુખ ક્યારેય વેચાતું નથી મળતું પણ આપણને મળેલી ખુશીને વહેંચવાથી સુખ બમણું થાય છે..આપણો ખુશી આનંદ બીજા સાથે શેર કરવાથી સુખ તરફ ચલાય છે..

૪) જીવનની દ્દ્ષ્ટિની સકારાત્મકતા, સ્વભાવમાં શાંતિ, વિચારોમાં સ્થિરતા ભાવનાઓ ચોખ્ખી હશે તો સુખને પચાવી શકશું અને સુખ ટકશે

૫) દુઃખને રોકવું નહીં એને વિદાય આપતા શીખવું અને સુખને ભુલવું નહીં જે દરેક વખતે હાજરજ છે. આપણે એની નોંધ લેતાં નથી..જો આપણી દ્રષ્ટિ દુઃખ પર જશે તો દુઃખ આવશે અને સુખ પર જશે તો સુખ બનશે આપણા દ્રષ્ટિકોણ પર આપણાં સુખ આધારિત છે..

પેપરલીક કાંડનો 'કાપો'

# બાયડ ભાજપ યુવા પ્રમુખ આકાશ પટેલની હકાલપટ્ટી, માનવ પટેલને સોંપાયું સુકાન

• રિપોર્ટરઃ પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

અરવલ્લી જિલ્લાના બાયડ રાજકારણમાંથી સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ભાજપ સંગઠને શિસ્તબદ્ધ પગલાં લેતા બાયડ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ આકાશ પટેલને પદ પરથી દૂર કર્યા છે. વિવાદોમાં ઘેરાયેલા આકાશ પટેલની હકાલપટ્ટી બાદ હવે સંગઠને વ પટેલની નવા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક કરી છે.

[વિવાદનું મૂળઃપેપરલીક કાંડ]

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં પેપરલીક કાંડને લઈને ભારે હોબાળો મચ્યો છે. આ વિવાદની ગૂંજ બાયડ સુધી પહોંચી હતી.

* ગંભીર આરોપઃ આકાશ પટેલનું નામ પેપરલીક કાંડના વિવાદમાં ઉછળતા પક્ષની છબી ખરડાઈ હતી.

* સંગઠનનો એક્શન પ્લાનઃ પેપરલીક કાંડમાં નામ આવતા જ સ્થાનિક કાર્યકરો અને જનતામાં રોષ જોવા મળ્યો હતો, જેને ધ્યાને રાખી ભાજપ હાઈકમાન્ડે તપાસ બાદ આકરો નિર્ણય લીધો છે.

* જિલ્લા પ્રમુખનો નિર્ણયઃ અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ દ્વારા સત્તાવાર રીતે આકાશ પટેલને હોદ્દા પરથી મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

[નવી નિમણૂકઃ માનવ પટેલને જવાબદારી]

ચૂંટણીના માહોલ વચ્ચે સંગઠનમાં ગાબડું ન પડે તે માટે તાત્કાલિક અસરથી નવા પ્રમુખની વરણી કરવામાં આવી છે.

* આકાશ પટેલની જગ્યાએ હવે માનવ પટેલ બાયડ શહેર યુવા મોરચાનું સુકાન સંભાળશે.

* પક્ષે યુવા કાર્યકરોમાં નવો જોશ ભરવા અને વિવાદો ઠારવા માટે આ ફેરફાર કર્યો હોવાનું મનાય છે.

[વિશેષ નોંધ]

» 'પક્ષમાં કોઈ પણ પ્રકારની ગેરશિસ્ત કે વિવાદ ચલાવી લેવામાં આવશે નહીં.' - આ સંદેશ સાથે ભાજપે સ્પષ્ટ કર્યું છે કે ભ્રષ્ટાચાર કે કાંડમાં સંડોવાયેલા નેતાઓ માટે સંગઠનમાં કોઈ સ્થાન નથી.

» [નિષ્કર્ષ]સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા બાયડ ભાજપમાં આવેલું આ રાજકીય તોફાન આગામી સમયમાં કેવા વળાંક લેશે તે જોવું રહ્યું. શું નવા પ્રમુખ માનવ પટેલ યુવા મોરચાને એકજૂથ રાખી શકશે? તે મોટો પ્રશ્ન છે.

પળેપળની અપડેટ માટે વાંચતા રહો -પાક્કો ગુજરાત ન્યૂઝ!

# વિશેષ અહેવાલઃ શું છે આ 'ગઝવા-એ-હિંદ'? ચૂંટણી ટાણે કેમ ઉછળે છે આ શબ્દ અને શું છે તેની હકીકત?

અમદાવાદઃ સોશિયલ મીડિયા હોય કે રાજકીય મંચ, ચૂંટણી નજીક આવતા જ 'ગઝવા-એ-હિંદ' શબ્દ વારંવાર સાંભળવા મળે છે. સામાન્ય નાગરિકો માટે આ શબ્દ એક રહસ્ય કે ભય સમાન છે. ઘણા લોકોએ મૌલવીઓ કે મુસ્લિમ સમાજના જાણકારોને પૂછ્યું છતાં સચોટ જવાબ મળતો નથી. તો ચાલો સમજીએ કે આખરે આ વિવાદિત શબ્દનો અર્થ શું છે અને ભારત માટે તેનો સંદર્ભ શું છે.'ગઝવા' એ અરબી શબ્દ છે, જેનો અર્થ એવું 'યુદ્ધ' થાય છે જેમાં ઈસ્લામિક પયગંબર પોતે સામેલ હોય અથવા તેના આદેશથી લડાયું હોય. 'હિંદ' એટલે ભારત કે ભારતીય ઉપખંડ. ધાર્મિક માન્યતાઓ મુજબ, કેટલીક હદીસો (પયગંબરના કથનો) માં એવો ઉલ્લેખ હોવાનું દાવો કરવામાં આવે છે કે એક સમય એવો આવશે જ્યારે ઈસ્લામિક સૈન્ય ભારત પર વિજય મેળવશે.

એલ.સી.બી

અમદાવાદ ખાતે પોરબંદર એલ.સી.બી .ને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

# પોરબંદર કંચાર હોટલમાં ટુર પેકેજની લાલચ આપી છેતરપિંડી કરવાના ગુન્હામાં ૪ વર્ષથી વોન્ટેડ ઈસમ ઝડપાયો

**લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અમદાવાદ ખાતેથી દબોચ્યોઃ વર્ષ ૨૦૨૨માં કંચાર હોટલમાં મીટીંગ કરીને અનેક લોકોને ઉતાર્યા હતા બોટલમાં**

• ગોસા(ઘેડ)તા.૦૫

પોરબંદરમાં વર્ષ ૨૦૨૨ ની સાલમાં કંચાર હોટલમાં મીટીંગ કરીને ટુર પેકેજના નામે મોટી છેતરપિંડી કરવાના કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં ૪ વર્ષથી વોન્ટેડ ઈસમને અમદાવાદ ખાતે પોરબંદર એલ.સી.બી .ને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ગત તા.૧૨/૦૯/૨૦૨૨ ના રોજ રજી. થયેલ અને સદરહું ગુનામાં આ કામના આરોપીઓએ અગાઉથી નક્કી કર્યા મુજબ એમ.જી.રોડ પર આવેલ કંસાર નામની હોટલના મીટીંગ હોલમાં આ કામના ફરિયાદી તથા સાહેદોનો ટેલીફોનીક સંપર્ક કરી મીટીંગમાં બોલાવી ફરિયાદી તથા સાહેદોને ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી નામની કંપનીના નામ પર ખોટી ઓળખ આપી. ખોટી સ્કીમ બનાવી. ફરિયાદી તથા સાહેદોના ખોટા એગ્રીમેન્ટ બનાવી તેમા સહીઓ લઈ ક્રેડીટકાર્ટથી ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી ફરિયાદી તથા સાહેદોના ખોટા એગ્રીમેન્ટ બનાવી તેમા સહીઓ



લઈ ક્રેડિટકાર્ડ ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી ફરીયાદી તથા સાહેદોના અલગ-અલગ રકમ મળી કુલ રૂ. ૩,૫૦,૦૦૦/ ઓનલાઈન ટ્રાન્સફર કરી ફરિયાદી તથા સાહેદો સાથે છેતરપીંડી કરી ગુનો કરેલ હોવાનો ગુનો રજી. થયેલ.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસ મા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના કરવામાં આવેલ.

જેના અનુસંધાને એલ.સી.બી. ઈન્ચાર્જ ઈન્સપેક્ટર આર.કે. કાંબરીયા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના એ.એસ. આઈ. રાજેન્દ્રભાઈ જોષી તથા હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ જાડેજા ને ખાનગીરાહે હકીક્ત મળેલ કે, ઉપરોક્ત ગુનામાં લાલશાહી થી નાસતા ફરતા આરોપી પુરણસિંગ ઉર્ફે આશુ રાજપુત સ./ઓ. શિવરાજસિંગ કુશવાહા રહે. અમદાવાદવાળો હાલ અમદાવડત ખાતે હોવાની હકીકત મળેલ હોય. જેથી ઉપરોકત હકીકત આધારે

એ.એસ.આઈ.ગોવિંદભાઈ મકવાણા તથા હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ ઓડેદરા અને પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ ને અમદાવાદ ખાતે ઉપરોક્ત આરોપીની તપાસમાં મોકલતા

આરોપી અમદાવાદ નરોડા કઠવાડ ગામ નિલકંઠ રેસિડેન્ટી ખાતે થી મળી આવતા આરોપી પુરણસિંગ ઉર્ફે આશુ રાજપુત સ./ઓ. શિવરાજસિંગ કુશવાહા ઉ.વ.૨૯ રહે. હાલ અમદાવાદ નરોડા કઠવાડ રેસિડેન્ટી બ્લોક સી. નં.૧૦૪ અમદાવાદ વાળાને ઉપરોક્ત ગુનાના કામે વધુ પુછપરછ અર્થે અત્રે એલ.સી.બી. ઓફીસ ખાતે લઈ આવી આગળ ની કાર્યવાહી કરવા માટે કમલા બાગ પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરીમાં એલ.સી.બી. ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયા તથા એ.એસ. આઈ. બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, ઉદયભાઈ વરુ તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણ ભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા. પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઈ વસાવા વિગેરે રોકાયેલ હતા.

રિપોર્ટરઃ- વિરમભાઈ કે.આગઠ

કલોલની ફાર્મા કંપની સાથે 72.33 લાખની છેતરપિંડી

# કમિશન એજન્ટે હરિયાણા, હિમાચલની કંપનીઓને માલ અપાવી નાણાં પડાવ્યા,સાત વિરુધ ગુનો નોંધાયો

નાણાં પડાવ્યા

આરોપી રવિ કાલરાએ અગાઉ કંપનીના ડાયરેક્ટર સાથે સંપર્ક કરી માર્કેટિંગનું કામ કરવાની તૈયારી બતાવી હતી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ GIDC ફેઝ-2માં ભુગન લાઈફ સાયન્સ પ્રા. લી નામની કંપની સાથે અંદાજે 72.33 લાખ રૂપિયાની મોટી છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ ગુનામાં કંપનીના જ માર્કેટિંગ કર્મચારી અને કમિશન એજન્ટ રવિ ઓમપ્રકાશ કાલરા સહિત અન્ય છ શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કંપનીના ઓપરેશન હેડ તરીકે ફરજ બજાવતા મનન પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, હરિયાણાના અંબાલાનો રહેવાસી આરોપી રવિ કાલરાએ




અગાઉ કંપનીના ડાયરેક્ટર સાથે સંપર્ક કરી માર્કેટિંગનું કામ કરવાની તૈયારી બતાવી હતી.જે અન્વયે શરૂઆતમાં નાના ઓર્ડરો અપાવી સમયસર પેમેન્ટ કરાવીને તેણે કંપનીનો વિશ્વાસ જીતી લીધો હતો. જેના પગલે ફેબ્રુઆરી 2024માં તેને માસિક 60 હજારના પગાર અને કમિશનની શરતે નોકરી પર રાખવામાં આવ્યો હતો. જોકે આ નિમણૂક બાદ રવિએ મળતિયાઓ સાથે મળીને કંપનીને આર્થિક નુકસાન પહોંચાડવાનું કાવતરું ઘડ્યું હતું.બાદમાં રવિ કાલરાએ મે અને જૂન 2024 દરમિયાન હિમાચલ પ્રદેશ અને ચંદીગઢની વિવિધ કંપનીઓ જેવી કે મેડોક્ષ લાઈફ સાયન્સ,માસ્ટર હેલ્થ કેર,એરિયોન હેલ્થકેર અને નવકાર લાઈફ સાયન્સના મોટા ઓર્ડરો અપાવ્યા હતા.જેથી કંપનીએ વિશ્વાસ રાખી કુલ રૂ.72,33,636ની કિંમતનો ફાર્માસ્યુટીકલ રોમટીરીયલ્સનો માલ કુરિયર મારફતે મોકલી આપ્યો હતો.આ ઠગાઈના ભાગરૂપે પેમેન્ટની ખાતરી પેટે અપાયેલા ચેકો બેંકમાં ન નાખવા માટે આરોપીઓએ ટેકનિકલ ખામીના બહાના હેઠળ ગલ્લાતલ્લા કર્યા હતા. જોકે લાંબો સમય વીતવા છતાં અને વારંવારની ઉઘરાણી છતાં નાણાં પરત ન મળતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

આ સમગ્ર મામલે કલોલ તાલુકા પોલીસે રવિ કાલરા (રહે.અંબાલા), તરુણ જગ્ગી (રહે.કાંગરા), રજાક ખાન અને માજીદ ખાન (રહે. સોલન), અભય જૈન અને રવિ (રહે.ચંદીગઢ) તેમજ માજીદ મહોમ્મદ (રહે.બદ્દી) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈલેક્શન એક્સપ્લેનર : મુસ્લિમ બહુમતી વાળા 6 જિલ્લામાં વસે છે મમતાનો જીવ

**મમતા બેનર્જીની સત્તાનો અસલી કિલ્લો , શું ભાજપ કાપશે TMCની લાઈફલાઈન?**

તારીખ- 25 ફેબ્રુઆરી 2026, જગ્યા- પૂર્ણિયા એરપોર્ટ. એરસ્ટ્રીપ પર બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય અને ભાજપના પ્રદેશ પ્રમુખ સંજય સરાવગી સહિત ઘણા નેતાઓ અને અધિકારીઓ ઉભા હતા. સાંજે લગભગ 5 વાગ્યે BSFનું એક ખાસ વિમાન ઉતરે છે અને તેની સાથે જ શરૂ થાય છે પશ્ચિમ બંગાળના રાજકારણને હચમચાવી દેનારી ભાજપની એ રણનીતિ, જેનું કેન્દ્ર છે 'ચિકન નેક' કોરિડોર. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ની મજબૂતીનું સૌથી મોટું કારણ મુસ્લિમ બહુમતી ધરાવતા 6 જિલ્લાઓ છે. મુર્શિદાબાદ, માલદા, ઉત્તર દિનાજપુર, દક્ષિણ દિનાજપુર, દક્ષિણ 24 પરગણા અને ઉત્તર 24 પરગણા - આ એવા વિસ્તારો છે જ્યાંથી મમતા બેનર્જીને અડધાથી વધુ સીટો મળે છે. વર્ષોથી આ 'વોટ બેંક' મમતાના અભેદ કિલ્લા સમાન રહી છે.શું છે ભાજપનો 'ચિકન નેક'




પ્લાન?ભૌગોલિક રીતે ભારતને ઉત્તર-પૂર્વના રાજ્યો સાથે જોડતો સાંકડો રસ્તો એટલે 'ચિકન નેક'. આ વિસ્તારની આસપાસ જ મમતાની વોટબેંક વસેલી છે. ભાજપ હવે આ વિસ્તારમાં ઘૂસણખોરી, રાષ્ટ્રીય સુરક્ષા અને સીમાંકન (Delimitation)ના મુદ્દે મમતાના સકંજાને ઢીલો કરવા માંગે છે. પૂર્ણિયા એરપોર્ટ પર ભાજપના દિગ્ગજ નેતાઓની આ હલચલ સંકેત આપે છે કે સીમાંત વિસ્તારોમાં ભાજપ હવે 'આક્રમક ફિલ્ડિંગ' ભરવાની તૈયારીમાં છે.જો ભાજપ આ 6 જિલ્લાઓમાં મુસ્લિમ મતોનું વિભાજન કરવામાં અથવા હિન્દુ મતોનું પ્રચંડ ધ્રુવીકરણ કરવામાં સફળ રહે છે, તો મમતા બેનર્જી માટે સત્તા બચાવવી મુશ્કેલ બની શકે છે. અમિત શાહની '3000' વાળી સ્કીમ અને હવે આ વ્યૂહાત્મક ગોઠવણી સાબિત કરે છે કે બંગાળમાં આ વખતે જંગ માત્ર ભાષણોની નથી, પણ ભૌગોલિક અને વસ્તીવિષયક ગણિતની પણ છે.

# અમદાવાદના હોક્કો કીચનની દાળ ખીચડીમાં વંદો નીકળ્યો

**એક વર્ષના બાળકે ખીચડી ખાતાં માતા-પિતામાં ભારે રોષ**

• અમદાવાદ

હોક્કો કીચનના આસિસ્ટન્ટ મેનેજરે કહ્યું, ક્યાંથી ભૂલ થઈ તેની તપાસ કરી રહ્યા છીએ. AMCએ તપાસ કરીને રૂ. 10 હજારની પેનલ્ટીની કાર્યવાહી કરી છે. અમદાવાદના ખાણીપીણીમાં સ્વચ્છતાને લઈને ફરી એક વાર સવાલ ઉઠ્યા છે. નવરંગપુરામાં આવેલા 1944 હોક્કો કીચનમાં એક ગ્રાહકે મંગાવેલી દાળ ખીચડીમાંથી વંદો નીકળ્યો હતો. એક વર્ષના બાળકે ખીચડી ખાધી પણ હતી, રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહીની માંગ જેથી ગ્રાહકે રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. જ્યારે AMCએ તપાસ કરીને રૂ. 10 હજારની પેનલ્ટીની કાર્યવાહી કરી છે.

નવરંગપુરાના 1944 હોકો કીચનમાં એક યુવક પરિવાર સાથે જમવા ગયો હતો. યુવકે રૂ. 479ની દાલ-ખીચડી મંગાવી હતી. ખીચડી તેના એક વર્ષના દીકરાને ખવડાવતો હતો અને અચાનક તેમાં વંદો દેખાતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. નાના બાળકે પણ ખીચડી ખાધી હોવાથી માતા-પિતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રાહકે આ ઘટનાના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર પુરાવા તરીકે શેર કર્યા છે. ઘટનાએ રેસ્ટોરન્ટમાં જળવાતી સ્વચ્છતા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. 1994 હોક્કોકીચન મોટી બ્રાન્ડ હોવા છતાં ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે આ પ્રકારે ચેડા થઈ રહ્યાં છે. ઘટનાને પગલે ગ્રાહકે એએમસીના ફૂડ વિભાગ પાસે રેસ્ટોરન્ટ સામે તપાસ કરવાની માગ કરી છે. એટલું જ નહીં રેસ્ટોરન્ટને લાઈસન્સ રદ્દ કરી તેને દંડ ફટકારવાની પણ માંગ કરી છે.ટેલિફોનિક વાતમાં હોક્કો કીચનના આસિસ્ટન્ટ મેનેજર કેશવભાઈએ જણાવ્યું હતું કે, ઘટના બની હતી પરંતુ ક્યાંથી ભૂલ થઈ તેની તપાસ કરવામાં આવી રહી છે.કોર્પોરેશનની ટીમ પણ અમારા ત્યાં આવીને ગઈ છે.AMCના ફૂડ વિભાગના વડા ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે, નવરંગપુરા વિસ્તારમાં આવેલા ચીજ વસ્તુઓમાં જીવાત નીકળી હોવા અંગેની ઓનલાઈન ફરિયાદ મળી હતી તેના આધારે ફૂડ વિભાગ દ્વારા ત્યાં તપાસ કરવામાં આવી હતી.

# GTના સ્પિનર રાશિદ ખાને અમદાવાદની જામા મસ્જિદમાં દુઆ કરી



• અમદાવાદ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે સાંજે 4 એપ્રિલે GT vs RRની મેચ છે. તે પહેલાં ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓ ભગવાન અને અલ્લાહના આશીર્વાદ લેતા જોવા મળ્યાં હતાં. ક્રિકેટરો સાથે સેલ્ફી અને ઓટોગ્રાફ માટે ચાહકોની ભીડ જોવા મળી હતી. ગુજરાત ટાઈટન્સના સ્ટાર સ્પિનર અને અફઘાનિસ્તાનના ક્રિકેટર રાશિદ ખાને મેચ પહેલાં 3 એપ્રિલે અમદાવાદની જામા મસ્જિદમાં જઈને દુઆ માંગી હતી. તો બીજી તરફ, રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓએ મોટેરા સ્ટેડિયમના હનુમાન મંદિરે જઈને પૂજા અર્ચના કરીને જીત માટે આશીર્વાદ માંગ્યા. બન્ને ટીમોના ખેલાડીઓએ પોતાના પોતાના ધર્મ અનુસાર પ્રાર્થના કરીને મેચ માટે તૈયારીઓ કરી છે.ક્રિકેટર યશસ્વી જયસ્વાલ અને ધ્રુવ જુરેલ અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલા 'Komo by Kaffa' કેફે ખાતે આજે જોવા મળ્યા હતા.

કાળજું કંપાવી દેતી ઘટના

# માસૂમ દીકરીની બીમારી સામે માતા-પિતા હાર્યા, જન્મ દિવસના આગલા દિવસે જ આખા પરિવારે દુનિયા છોડી

કુરુક્ષેત્ર/અમદાવાદ: હરિયાણાના કુરુક્ષેત્રમાં બનેલી એક કરુણ ઘટનાએ માનવતાને હચમચાવી દીધી છે. પ્રેમનગર વિસ્તારમાં રહેતા રેલવે કર્મચારી જતીંદર (30), પત્ની મંજૂ (28) અને તેમની માત્ર 3 વર્ષની માસૂમ દીકરી અદ્વિકાના મૃતદેહો ઘરના પંખે લટકતી હાલતમાં મળી આવ્યા હતા. આ ઘટના પાછળ કોઈ ગુનો નહીં, પણ એક લાચાર પિતા અને માતાની અસહ્ય વેદના છુપાયેલી છે.



માસૂમ અદ્વિકાના મગજમાં પાણી ભરાઈ જવાની બીમારી હતી. દિલ્હીથી ચંડીગઢ સુધીની મોંઘી સારવાર છતાં સુધારો ન થતા માતા-પિતા ભાંગી પડ્યા હતા. સ્યૂસાઈડ નોટમાં લખ્યું હતું કે, 'અમારી દીકરીનું દુઃખ હવે અમારાથી જોવાતું નથી.' સૌથી હૃદયદ્રાવક બાબત એ છે કે, 20 એપ્રિલે અદ્વિકાનો ત્રીજો જન્મદિવસ હતો, જેની ખુશી મનાવવાને બદલે પરિવારે 19 એપ્રિલની રાત્રે મોતની પથારી પસંદ કરી.

20 પાનાની સ્યૂસાઈડ નોટ: મોત પહેલાની આખરી વ્યવસ્થા

જતીંદરે મોતને પણ 'શેડ્યૂલ' કર્યું હતું. તેમણે સ્યૂસાઈડ નોટમાં ભાઈ માટે લખ્યું, 'નવી થાર ગાડી પર અદ્વિકાનું સ્ટીકર છે, તેને તેની નિશાની તરીકે સાચવજો.' જીજાને મેસેજ કર્યો કે ચાવી વોશબેસિનમાં છે. ફોરેન્સિક તપાસ મુજબ, પહેલા માસૂમ દીકરીને ફાંસો અપાયો અને બાદમાં દંપતીએ જીવ આપ્યો. શ્મશાનમાં જ્યારે માતા અને દીકરીની ચિતા એકસાથે સળગી ત્યારે પથ્થર દિલના માણસોની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

સમાજ સામે સળગતા સવાલો:આ ઘટના આપણી સિસ્ટમ અને સામાજિક જવાબદારી સામે મોટા સવાલો ઉભા કરે છે. શું ગંભીર બીમારીઓથી લડતા પરિવારો માટે માત્ર દવાઓ જ પૂરતી છે? શું તેમને માનસિક સહાય અને સાંત્વના આપવા માટે આપણી પાસે કોઈ વ્યવસ્થા નથી? જો કોઈ સ્વજને તેમની લાચારી પારખી લીધી હોત, તો કદાચ આજે અદ્વિકા પોતાનો ત્રીજો જન્મદિવસ ઉજવતી હોત.

AIMIM

### અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું- અમદાવાદમાં સ્લોટર હાઉસ બનવું જરૂરી, ભારતમાં મુસ્લિમની નેતાગીરી હોવી જોઈએ

# અમદાવાદમાં AIMIMની જાહેર સભામાં ભાજપ-કોંગ્રેસ પર પ્રહાર

### જૂનાગઢના ભેસાણમાં એક જાહેર સભામાં AAP નેતા ગોપાલ ઈટાલિયા ગાળ બોલ્યા છે. બાદમાં ત્યાં હાજર આગેવાનોએ ધ્યાન દોરતા લાજવાને બદલે ગાજ્યા ને કહ્યું કે ભાવનગરમાં નોર્મલ છે

• અમદાવાદ

પાલિકા-પંચાયતની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થવાને હવે ત્રણ દિવસ બાકી રહ્યા છે. રાજકીય પક્ષો મતદારોને રિઝવવા માટે કોઈ કચાશ રાખવા માગતા ન હોય તે રીતે પ્રચારમાં તેજી આવી છે. પ્રચાર દરમિયાન અનેક જગ્યાએ નેતાઓ ભાન પણ ભૂલી રહ્યા છે અને વિવાદો સર્જાઈ રહ્યા છે. વડોદરામાં ભાજપના ઉમેદવારને જનતાએ ગંદકી બતાવતા કાર્યકરોએ 'જય શ્રીરામ'ના નારા લગાવ્યા. નારા લાગતા જ સ્થાનિકો અકળાયા અને કહ્યું કે રામના 10 નામ બોલો, સવાલ કરીએ એટલે 'જય શ્રી રામ' યાદ આવે છે?, આવતાની સાથે જ 'ભારત માતા કી જય'-'વંદે માતરમ' કરવા માંડો છો.

ગાળ બોલ્યા બાદ પણ ઈટાલિયાના ચહેરા પર સંકોચ જેવો કોઈ ભાવ જોવા મળ્યો નહોતો. જૂનાગઢના ભેસાણમાં એક જાહેર સભામાં AAP નેતા ગોપાલ ઈટાલિયા ગાળ બોલ્યા છે. બાદમાં ત્યાં હાજર આગેવાનોએ ધ્યાન દોરતા લાજવાને બદલે ગાજ્યા ને કહ્યું કે ભાવનગરમાં નોર્મલ છે, બહેનો-ભાઈઓ બધા બોલે, સુરતમાં નથી સાવ ગાળુ બોલતા. વડોદરાના ભાજપ નેતાએ સ્થાનિકને 'એ શાંતિ રાખજે' કહીને ધક્કો મારતા સ્થાનિકે કહ્યું હતું કે, બે પૈસાના લુખ્ખાને બહુ ચરબી છે. વડોદરાના ભાજપ નેતાએ સ્થાનિકને 'એ શાંતિ રાખજે' કહીને ધક્કો મારતા સ્થાનિકે કહ્યું હતું કે, બે પૈસાના લુખ્ખાને બહુ ચરબી છે.વડોદરામાં પૂર્વ કોર્પોરેટર હિતેન્દ્ર પટેલ સહિતના નેતાઓ ચૂંટણી પ્રચારમાં ગયા હતા. આ સમયે એક યુવકે તેમની સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. જેથી ભાજપના કાર્યકરે યુવક સાથે મારામારી કરી હતી. સુરતના વોર્ડ-2 અમરોલી મોટા વરાછા કઠોરમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પ્રચાર અર્થે પહોંચ્યા હતા. તેઓની સભા ચાલુ થાય તે પહેલા રસિકભાઈ નામના એક વ્યક્તિએ સભાને સંબોધન શરૂ કર્યું હતું અને તેમાં તેણે ચારેય ઉમેદવારોને ટકોર કરી હતી કે, આ વોર્ડમાં ઘણા બધા કામો બાકી છે. જે તમે ચૂંટાઈને જાવ તો પાછા કરજો. વરાછાની ગંદકી વિશે અને ટ્રાફિક વિશે પણ વેદક ભાષણ કર્યું હતું. મનસુખ માંડવીયાની સભા પૂર્ણ થયા બાદ ઉમેદવારોએ રસિકભાઈને ઘેરી લીધા હતા અને કહ્યું તમારે આજ કરવાનું હતું અને રકજક કરવા લાગ્યા હતા.

અમદાવાદ શહેરના જમાલપુર વોર્ડમાં મિરઝાપુરના કુરેશી ચોકમાં AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ જાહેર સભા યોજી હતી. જેમાં અસદુદ્દીન ઓવૈસી ભાજપ અને કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. ઓવૈસીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં રોડ, ગટર, વરસાદી પાણીના નિકાલની જરૂર છે. અમદાવાદમાં સ્લોટર હાઉસ બનવું જરૂરી છે. કુરેશી સમાજના લોકો જ્યારે પશુઓ લઈને આવે છે ત્યારે ગૌરક્ષક અને RSS રોકે છે.



ભારતમાં મુસ્લિમની નેતાગીરી હોવી જોઈએ. માત્ર જો વોટર બનશો તો તમારી તકલીફો દૂર નહીં થાય. લોકો મારા પર આરોપ લગાવે છે કે, હું ચૂંટણી લડું છું. પશ્ચિમ બંગાળમાં અનેક પાર્ટીઓ ચૂંટણી લડે છે, પરંતુ માત્ર મારા પર ભાજપને જીતાડવાનો આરોપ લગાડવામાં આવે છે. જે વધુ સીટ પર લડે છે એમને કોઈ પૂછવા આવતું નથી. જ્યારે મુસ્લિમની નેતાગીરી હશે અને તેમને રોકશે નહીં. સુરતમાં પ્રજાનો આક્રોશ સહન ન થતાં ભાજપના કાર્યકરો હિંસા પર ઉતર્યા હતા. ભાજપના ગઢ ગણાતા અડાજણ-ગોરાટમાં પહેલીવખત ભાજપ સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પહેલા દિવસથી જ ગોરાટ વિસ્તારમાં સોસાયટીઓએ ભાજપે પ્રચાર માટે આવવું નહીં તેવા બેનરો લગાવી દીધાં હતાં. તેમ છતાં ભાજપના ઉમેદવાર અને ગાર્ડન ગ્રુપના હર્ષ મહેતા તેના ટેકેદારો અને પૂર્વ મેયર હેમાલી બોઘાવાલા સહિત ભાજપના કાર્યકરો સાથે અહીં પ્રચારમાં પહોંચતાં સ્થાનિક મહિલાઓ સહિત લોકોએ ભેગા મળી ઉધડો લીધો હતો.

આ દૃશ્યો ગાર્ડન ગ્રુપના ટેકેદારો જોઈ શક્યા નહીં અને સોસાયટીમાં બળજબરીપૂર્વક ઘૂસી ગયા ત્યારે વિરોધ કરતી એક મહિલાને રીતસરનો ધક્કો મારતાં દીવાલ સાથે અથડાઈ હતી. આ દૃશ્ય ફૂટેજમાં પણ સ્પષ્ટ દેખાતું હતું. કેટલીક મહિલાનાં તો કપડાં પણ ફાડી નાખ્યાં. શિસ્તની દુહાઈ દેતી ભાજપના આ પ્રકારના વલણ સામે અન્ય મહિલાઓએ વિરોધ કરતા તેમને પણ ગાળો ભાંડી હતી. વડોદરાના ભાજપ નેતાએ સ્થાનિકને 'એ શાંતિ રાખજે' કહીને ધક્કો મારતા સ્થાનિકે કહ્યું હતું કે, બે પૈસાના લુખ્ખાને બહુ ચરબી છે. વડોદરાના ભાજપ નેતાએ સ્થાનિકને 'એ શાંતિ રાખજે' કહીને ધક્કો મારતા સ્થાનિકે કહ્યું હતું કે, બે પૈસાના લુખ્ખાને બહુ ચરબી છે.વડોદરામાં પૂર્વ કોર્પોરેટર હિતેન્દ્ર પટેલ સહિતના નેતાઓ ચૂંટણી પ્રચારમાં ગયા હતા. આ સમયે એક યુવકે તેમની સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. જેથી ભાજપના કાર્યકરે યુવક સાથે મારામારી કરી હતી. સુરતના વોર્ડ-2 અમરોલી મોટા વરાછા કઠોરમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પ્રચાર અર્થે પહોંચ્યા હતા. તેઓની સભા ચાલુ થાય તે પહેલા રસિકભાઈ નામના એક વ્યક્તિએ સભાને સંબોધન શરૂ કર્યું હતું અને તેમાં તેણે ચારેય ઉમેદવારોને ટકોર કરી હતી કે, આ વોર્ડમાં ઘણા બધા કામો બાકી છે. જે તમે ચૂંટાઈને જાવ તો પાછા કરજો. વરાછાની ગંદકી વિશે અને ટ્રાફિક વિશે પણ વેદક ભાષણ કર્યું હતું. મનસુખ માંડવીયાની સભા પૂર્ણ થયા બાદ ઉમેદવારોએ રસિકભાઈને ઘેરી લીધા હતા અને કહ્યું તમારે આજ કરવાનું હતું અને રકજક કરવા લાગ્યા હતા.

### ધો.12 પાસ સોમપુરીએ ટ્રેડિંગના નામે સુરતી વેપારીના 56 લાખ ખંખેર્યા

# 400 કરોડ ફ્રોડના માસ્ટરમાઈન્ડનો ખાસ સાગરીત વડોદરાથી દબોચાયો


ફ્રોડ

### TLC કોઈન અને 10 ટકા કમિશનની લાલચની મોડસ ઓપરેન્ડી, દુબઈ-બેંગકોકની 18 વખત ટ્રીપનો ખુલાસો

• સુરત

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે વડોદરાથી સોમપુરી કિશનપુરી ગોસ્વામી નામના શખ્સની ધરપકડ કરી છે. આ આરોપીએ ફરિયાદીને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી દર મહિને 5થી 6 ટકા પ્રોફિટ મેળવવાની લાલચ આપી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ BOTALPHA.ME નામની વેબસાઈટ પર એકાઉન્ટ બનાવી ફરિયાદી પાસેથી ટુકડે ટુકડે કુલ 56,92,480 રૂપિયા પડાવી લીધા હતાં. આ ગુનાની તપાસમાં દુબઈ બેઠેલા કુખ્યાત ઠગ લવિશ ચૌધરીનું નામ ખુલતા પોલીસ પણ ચોંકી ઉઠી છે.

પકડાયેલ આરોપી સોમપુરી ગોસ્વામી માત્ર ધોરણ 12 પાસ છે, પરંતુ તેના સંપર્ક સીધા દુબઈમાં બેઠેલા લવિશ ચૌધરી સાથે છે. લવિશ ચૌધરી



એ જ વ્યક્તિ છે જેના પર અગાઉ ED દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી અને 400 કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા હતાં. સોમપુરી રાજસ્થાનમાં એક કબડ્ડી ટૂર્નામેન્ટ દરમિયાન લવિશના સંપર્કમાં આવ્યો હતો. ત્યારપછી તે લવિશના ઈશારે ભારતમાં નેટવર્ક ચલાવી ફોરેક્સ અને ક્રિપ્ટો ટ્રેડિંગના નામે લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.ડીસીપી બિશાખા જૈન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આરોપી સોમપુરી રોકાણકારોને માત્ર નફાની જ નહીં, પણ વધારાના ગિફ્ટ તરીકે 'TLC Coin' આપવાની લાલચ આપતો હતો. તેણે ફરિયાદીને વિશ્વાસ અપાવ્યો હતો કે આ કોઈનના 2 ટકા દર મહિને રોકડમાં ઉપાડી શકાશે. આ આખી સિસ્ટમમાં સોમપુરીને રોકાણકારોના નફા પર 10 ટકા જેટલું તગડું કમિશન મળતું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, સોમપુરીને દર મહિને અંદાજે 1,50,000 રૂપિયા જેટલું કમિશન આ ઠગાઈના નેટવર્કમાંથી મળતું હતું, જે તેને લવિશ ચૌધરીના માધ્યમથી પ્રાપ્ત થતું હતું.સાયબર સેલની તપાસમાં વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ફરિયાદીએ જે ત્રણ બેંક ખાતાઓમાં (AXIS, SBI, IDFC) પૈસા ટ્રાન્સફર કર્યા હતા, તે ખાતાઓની NCCRP પોર્ટલ પર તપાસ કરતા જાણવા મળ્યું કે આ ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાં કુલ 50 ફરિયાદીઓએ ફરિયાદ નોંધાવી છે. આ ખાતાઓમાં કુલ 10,02,76,635 રૂપિયાના ફ્રોડના વ્યવહારો મળી આવ્યા છે. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે આ ગેંગે માત્ર સુરત જ નહીં પણ આખા દેશમાં રોકાણકારોને નિશાન બનાવ્યા છે.આરોપી સોમપુરી અગાઉ રેસ્ટોરન્ટ ચલાવતો હતો, પરંતુ કોવિડના સમયમાં તેનો વ્યવસાય ઠપ થઈ ગયો હતો. આર્થિક સંકડામણના કારણે તે રાજસ્થાનના દીપક ગોસ્વામી નામના શખ્સના સંપર્કમાં આવ્યો હતો. દીપક ગોસ્વામીએ જ સોમપુરીની મુલાકાત લવિશ ચૌધરી સાથે કરાવી હતી. 2023થી સોમપુરી આ ઠગાઈના નેટવર્કમાં સક્રિય થયો હતો અને ટૂંકા સમયમાં વિદેશ પ્રવાસો કરી લવિશનો ખાસ વિશ્વાસુ બની ગયો હતો.

# પીએમ આવાસ યોજનાના નામે 40 લાખથી વધુની છેતરપિંડી

### મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરીને મકાન અપાવવાના બહાને 16 લોકો પાસેથી પૈસા પડાવનાર ઝડપાયો

• વડોદરા

વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને 16 જેટલા લોકો પાસેથી 40.17 લાખ રૂપિયાની છેતરપીંડી કરનાર ઠગની ગોરવા પોલીસે ધરપકડ કરી છે અને પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને શિકાર બનાવ્યા હતા અને તેમની પાસેથી નાણાં પડાવ્યા હતા.વડોદરા શહેરના ગોરવા સુભાનપુરા વિસ્તારમાં સમતા રોડ ઉપર આવેલા વૈકુંઠ ફ્લેટમાં રહેતા વર્ષાબેન પાઠકે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી હરીશ જશુભાઈ ચૌહાણે મકાન અપાવવાના બહાને વિશ્વાસ જીત્યો હતો. પોતાની ઓફિસ મારફતે તેમણે પોતે વડોદરા મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરીને પ્રોસેસિંગ માટે રૂપિયાની માંગણી કરી હતી. જાન્યુઆરી 2025થી ઓક્ટોબર 2025 દરમિયાન આરોપીએ અલગ-અલગ તારીખે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા




રૂપિયા 1.83 લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. આરોપીએ મકાન ફાળવણીના ખોટા કાગળો અને પાવતી આપી વધુ વિશ્વાસ કેળવ્યો હતો.આરોપીએ ડિસેમ્બર 2025 સુધીમાં મકાન આપવાનો વાયદો આપ્યો હતો. પરંતુ સમય પસાર થયા છતાં મકાનનો કબજો ઠગ દ્વારા આપવામાં આવ્યો નહીં. ત્યારબાદ તેમણે અને તેમના પતિ સાથે ઠગની ઓફિસ પર પહોંચતા ઓફિસ બંધ હતી અને ફોન પણ ઉપાડતો ન હતો. જેથી તેમણે તપાસ કરી હતી. આ હરીશ ચૌહાણે અન્ય 15 લોકોને સાથે રૂપિયા લઈ લીધા હતા પરંતુ, મકાન અપાવ્યું ન હતું.

હરીશ ચૌહાણે 16 લોકોને આવાસ યોજનામાં મકાન અપાવવાનો ખોટો વાયદો કરીને તેમની પાસેથી 40.17 પડાવી લીધી હતું અને મકાન ખરીદનારને ખોટા દસ્તાવેજો બનાવી પધરાવી દીધા હતા. વર્ષાબેન સહિત અન્ય 15 લોકોએ આરોપી હરીશ ચૌહાણ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેને આધારે ગોરવા પોલીસે આરોપી હરીશ ચૌહાણની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# સુરત પોલીસનું 'ઓપરેશન ઝારખંડ':રૂ.50 માટે હત્યા કરી ફરાર આરોપીને પકડવા પોલીસે વેશ ધારણ કર્યો

• સુરત

સુરતની વરાછા પોલીસે 18 વર્ષ જૂના હત્યાના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલા એક રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. માત્ર 50 રૂપિયાની ઉઘરાણી જેવી નજીવી બાબતે યુવકની હત્યા કરી નાસી છૂટેલો આરોપી રાજેશ રાય આખરે કાયદાના સકંજામાં આવ્યો છે. આરોપીને પકડવા માટે સુરત પોલીસની ટીમે ઝારખંડના જંગલોમાં સાત દિવસ સુધી આદિવાસીનો વેશ ધારણ કરીને ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડ્યું હતું. 2008માં સુરતના વરાછા વિસ્તારમાં લોહીયાળ ખેલ ખેલાયો હતો. 40 વર્ષીય આરોપી રાજેશ ઉર્ફે રાકેશ રોશન (રહે. ઝારખંડ)એ બબલુ નામના યુવક પાસે 50 રૂપિયાની ઉઘરાણી કરી હતી. આ નજીવી રકમ બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આરોપીએ બબલુની નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા બાદ આરોપી ધરપકડના ડરથી સુરત છોડીને ભાગી ગયો હતો. વરાછા પોલીસ સ્ટેશનના પી.આઈ. અને તેમની ટીમે પેન્ડિંગ ગુનાઓના નિકાલ માટે તપાસ તેજ કરી હતી. સી.આર.પી.સી. કલમ 70 મુજબના વોરંટના આધારે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસને જાણવા મળ્યું કે આરોપી ઝારખંડના દુમકા જિલ્લાના જંગલ વિસ્તારમાં છુપાયેલો છે. આરોપી અત્યંત ચતુર હોવાથી પોલીસની ઓળખ છુપાવવી જરૂરી હતી. વરાછા પોલીસની ટીમે ઝારખંડના દુમકાના જંગલોમાં 7 દિવસ સુધી આદિવાસીનો વેશ ધારણ કર્યો હતો.આરોપી પોલીસથી બચવા વારંવાર પોતાની જગ્યા બદલતો હતો, પરંતુ સતત વોચ રાખ્યા બાદ અંતે 19 માર્ચ, 2026ના રોજ પોલીસે તેને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. આરોપી 18 વર્ષથી પોતાની ઓળખ છુપાવી અલગ-અલગ રાજ્યોમાં મજૂરી કામ કરતો હતો. તે વતન ઝારખંડના જંગલ વિસ્તારમાં હોવાની ચોક્કસ બાતમી મળતા અમારી ટીમે ત્યાં રહીને સ્થાનિકો જેવો વેશ ધારણ કરી તેને ઝડપી પાડ્યો છે.

# દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માત

• વડોદરા

વડોદરા નજીક હાંડોદ ગામ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરત તરફ જતાં ઠંડા પાણી ભરેલો આઈશર ટ્રક અન્ય ટ્રક પાછળ ધડાકાભેર અથડાયો હતો. એક્સપ્રેસ વે પર સર્જાયેલો આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ટક્કર થતા જ આઈસર ટ્રકનું કેબિન આગળની તરફ નમી ગયું હતું અને ડ્રાઈવરની બોડી લટકતી હાલતમાં જોવા મળી હતી. ડ્રાઈવર કેબિનમાં ફસાઈ જતા ફાયર વિભાગે કેબિન કાપી તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.આ ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં આધુનિક હોલમેટ્રો કટીંગ ટૂલ્સનો ઉપયોગ કરીને કેબિનના પતરાં કાપીને ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો. આ કામગીરી કરતા ફાયર વિભાગને દોઢ કલાકની ભારે જહેમત ઉઠાવી હતી પરંતુ ડ્રાઈવરનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું.

આ અકસ્માતની ઘટનામાં મૃતક ડ્રાઈવરની ઓળખ ભરત હરમાનભાઈ પરમાર (ઉ.વ. 46)(રહે. સોખડા ગામ, ઉગમણું ફળીયું, તાલુકો-માતર, જિલ્લો-ખેડા) તરીકે થઈ છે. તેઓ વ્યવસાયે ડ્રાઈવર હતા. કરજણ પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પાટીદારો હવે માત્ર ભાજપ સાથે, AAP-કોંગ્રેસના સુપડા સાફ થશે

# સુરત મનપા ચૂંટણી પહેલાં અલ્પેશ કથિરીયાનો હુંકાર

• સુરત

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ખાસ કરીને સુરત મહાનગરપાલિકાની જંગ માટે અત્યારથી જ રાજકીય મોરચાબંધી શરૂ થઈ ગઈ છે. પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) ના પૂર્વ કન્વીનર અને એક સમયે આમ આદમી પાર્ટીના મજબૂત સ્તંભ ગણાતા અલ્પેશ કથિરીયાએ ભાજપના સમર્થનમાં આક્રમક નિવેદન આપીને વિરોધ પક્ષોની ઊંઘ ઉડાડી દીધી છે.

સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં અલ્પેશ કથિરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'આ વખતે પાટીદાર સમાજ કોઈ પણ ભ્રમમાં રહ્યા વગર માત્ર વિકાસની રાજનીતિ કરનાર ભાજપને જ મત આપશે. કોંગ્રેસ કે આમ આદમી




પાર્ટીને પાટીદાર મતોનો એક અંશ પણ મળશે નહીં.' તેમણે દાવો કર્યો હતો કે વિરોધ પક્ષોએ પાટીદારોનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો છે, જ્યારે ભાજપ સરકારે સમાજના પ્રશ્નો સાંભળ્યા છે.

ગઈ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ સુરતમાં ૨૭ બેઠકો જીતીને જે ઈતિહાસ રચ્યો હતો, તેના પર કટાક્ષ કરતા અલ્પેશ કથિરીયાએ કહ્યું કે, 'ગઈ વખતની સ્થિતિ અલગ હતી, પરંતુ હવે જનતા સત્ય સમજી ગઈ છે. આગામી ચૂંટણીમાં સુરત મહાનગરપાલિકામાં વિરોધ પક્ષને એક પણ બેઠક નહીં મળે અને ભાજપ ક્લીન સ્વીપ કરશે.'

અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવીયા જેવા પાટીદાર ચહેરાઓ જ્યારે 'આપ' માં હતા, ત્યારે સુરતના પાટીદાર પ્રભુત્વ ધરાવતા વિસ્તારો (વરાછા, કતારગામ) માં 'આપ' નો દબદબો હતો. પરંતુ ૨૦૨૪ માં તેમના ભાજપમાં જોડાવાથી અને હવે આ પ્રકારના હુંકારથી 'આપ' ના ગઢમાં ગાબડું પડવાની પૂરી શક્યતા છે.

મુખ્ય મુદ્દાઓ જે અલ્પેશ કથિરીયાએ હાઈલાઈટ કર્યા:

* નૈતિક વિજય: પાટીદારો પરના કેસો પરત ખેંચાતા સમાજમાં ભાજપ પ્રત્યે સકારાત્મક વલણ.
* વિકાસવાદ: સુરતના વિકાસ માટે ભાજપનું શાસન અનિવાર્ય હોવાનો તર્ક.
* વિરોધ પક્ષની નિષ્ફળતા: વિપક્ષ પાસે કોઈ નક્કર વિઝન ન હોવાનો આક્ષેપ.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# ભાજપ માટે પ્રતિષ્ઠાનો સવાલ મમતા એકલા હાથે ઝઝુમે છે

પશ્ચિમ બંગાળની ચૂંટણીના પ્રથમ તબક્કાના ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. બે તબક્કામાં યોજાનાર ચૂંટણીનો બીજો તબક્કો ૨૯મી તારીખનો છે. અહીં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ સામસામે છે. ચૂંટણી જંગની તમામ વ્યૂહ રચનાનો ઉપયોગ બંને પક્ષોએ કર્યો છે. ભાજપે ચૂંટણી પ્રચારમાં ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યાનાથને મેદાનમાં ઉતારીને મતદારોમાં ભાજપ તરફી મોજું ઉભું કરવા પ્રયાસ કર્યો છે. એવીજ રીતે આસામના મુખ્યપ્રધાન પણ પ્રચારમાં આવી ગયા છે. સોશ્યલ નેટવર્ક પર તૃણમૂલ કોંગ્રેસ જીતતી હોય એવું દેખાઈ રહ્યું છે પરંતુ પાયાના પ્રચારમાં ભાજપ તૃણમૂલ કોંગ્રેસને હંફાવી રહ્યું હોય એમ લાગી રહ્યું છે. પ.બંગાળમાં મમતા બેનરજી એકલા હાથે ભાજપ સામે લડી પણ રહ્યા છે અને ભાજપને હંફાવી પણ રહ્યા છે. પ.બંગાળમા મતદારોને સમજવા બહુ અઘરા છે. જ્યોતી બાસુના શાસન અને તેમના પક્ષને પ્રેમ કરનાર લોકોએ તેમના પક્ષના મુખ્યપ્રધાનને ઉથલાવીને મમતા બેનરજીને સત્તા સોંપી હતી. આ મતદારો ક્યારે કઈ દિશા પકડશે તે સમજી શકાતું નથી. આ જંગમાં કોંગ્રેસ છે પરંતુ કોંગ્રેસે તેના પ્રચારકોની કોઈ ફોજ ઉતારી નથી. વાચકોને યાદ હશે કે બિહારની ચૂંટણીમાં શરૂઆતનું વાતાવરણ તેજસ્વી યાદવ તરફી હતું. રાહુલ ગાંધી અને તેજસ્વીએ મજબૂત પ્રચાર કર્યો હતો અને ભાજપને પરસેવો છૂટી ગયો ત્યારે યોગી આદિત્યનાથને પ્રચાર માટે ઉતાર્યા હતા અને તેમણે ભાજપ તરફી મોજું ઉભું કર્યું હતું જેના પગલે ભાજપ-જનતાદળ(યુ) ની સરકાર રચી શકાઈ હતી. રાજકીય નિરીક્ષકો માને છે કે કોંગ્રેસ તૃણમૂલ કોંગ્રેસને મળતા વોટમાં ભાગ પડાવશે જેનો લાભ ભાજપને મળી શકે છે. ભાજપના નેતાઓને સાંભળવા હજારો લોકો ઉમટે છે તે જોઈને ભાજપ ફૂલાઈ રહ્યું છે પરંતુ પાંચ વર્ષ પહેલાં પણ ભાજપના નેતાઓને સાંભળવા હજારો લોકો આવ્યા હતા છતાં ભાજપ ૧૦૦ બેઠકો સુધી પહોંચી શક્યું નથી. નેતાઓને સાંભળવા આવતા લોકો મતમાં પરિવર્તિત થતા નથી તેનો અનુભવ પાંચ વર્ષ પહેલાં ભાજપને થઈ ચૂક્યો છે. આ વખતે ગૃહપ્રધાન અમિત શાહ પ.બેંગાળમાં ડેરા તંબુ નાખીને બેઠા છે. પ.બંગાળમાં ગુંડાઓને હાંકી કાઢવામાં આવશે તેવા ભાષણો કરી રહ્યા છે. અમિતશાહની વ્યૂહ રચના પ્રમાણે ભાજપ આગળ વધી રહ્યું છે.ભાજપ જ્યારે મહિલા અનામત બિલ લોકસભામાં પસાર ના કરાવી શક્યું ત્યારે મમતાએ સૌ પહેલાં આપેલા પ્રત્યાઘાતમાં જણાવ્યું હતું કે ભાજપનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. જોકે ભાજપે વિપક્ષની મહિલા વિરોધી નીતિનો પર્દાફાશ કરીને તેમાં મમતા બેનરજીને પણ સાણસામાં લીધા હતા. હકીકત એ પણ છે કે પ.બંગાળમાં વધુ મહિલાઓ રાજકારણમાં આવી શકત. અનેક મહિલાઓને નેતા બનવાનું સપનું છે. મમતા બેનરજીની જેમ અનેક મહિલાઓ આગળ આવવા મથે છે પરંતુ તેમાટેની જગ્યા નથી. મહિલા આરક્ષણ બિલ આવશે તો મહિલાઓનું નેતૃત્વ વધશે પરંતુ તે બિલ પાસ થઈ શક્યું નથી તેને કમનસીબી કહી શકાય.મમતા પોતાના નંબર ટુ તરીકે ભત્રીજા અભિષેકને રાખીને વંશવાદનું રાજકારણ રમ્યા છે. મમતાએ પોતાના પક્ષમાંથી કોઈ નેતાને આગળ વધવાનો ચાન્સ નથી આપ્યો જેવા મુદ્દા તેમને નડી શકે છે. અનેક મહિલાઓને નેતા બનવાનું સપનું છે. મમતા બેનરજીની જેમ અનેક મહિલાઓ આગળ આવવા મથે છે પરંતુ તેમાટેની જગ્યા નથી. મહિલા આરક્ષણ બિલ આવશે તો મહિલાઓનું નેતૃત્વ વધશે પરંતુ તે બિલ પાસ થઈ શક્યું નથી તેને કમનસીબી કહી શકાય.મમતા પોતાના નંબર ટુ તરીકે ભત્રીજા અભિષેકને રાખીને વંશવાદનું રાજકારણ રમ્યા છે. મમતાએ પોતાના પક્ષમાંથી કોઈ નેતાને આગળ વધવાનો ચાન્સ નથી આપ્યો જેવા મુદ્દા તેમને નડી શકે છે.

# વધતી ગરમીથી એક દાયકામાં ખેત ઉત્પાદન 30 ટકા ઘટી શકે

## 2040 સુધીમાં જો સરેરાશ તાપમાન 1.5 ડિગ્રી વધ્યું તો ખેત ઉત્પાદન અને તેની પાક ગુણવત્તામાં વ્યાપક ઘટાડો નોંધાશે




**છેલ્લાં ચાર દાયકામાં આપણી પૃથ્વીનું તાપમાન 0.5 ડિગ્રી વધ્યું છે જેના કારણે વારંવાર પૂર, દુકાળ અને વાવાઝોડા જેવી સમસ્યાઓ અને કુદરતી આપત્તીઓમાં વધારો થયો છે. ભારતમાં મોટાભાગના ખેડૂતો પાસે નાની અને ઓછી જમીનો છે તેના કારણે તેમની ઉપજ અને આવકને વ્યાપક અસર પડી રહી છે : 2040 સુધીમાં જો તાપમાનમાં સરેરાશ 1.5 ડિગ્રીનો વધારો થશે તો ખેત ઉત્પાદન અને તેની ગુણવત્તા ઉપર વ્યાપક નકારાત્મક અસર પડશે. વધતા કાર્બન ઉત્સર્જનને કારણે આ સદીમાં જ દુનિયાભરમાં ભુખમરો, પૂર, દુકાળ અને નાગરિકોના પલાયન જેવી મોટી સમસ્યાઓ ઊભી કરી દીધી છે : આ સદીના અંત સુધીમાં પૃથ્વીનું તાપમાન 3.7 ડિગ્રીથી 4.8 ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી શકે છે.**

ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગને પગલે જે સ્થિતિ સર્જાઈ છે તેનાથી સમગ્ર વિશ્વ પરેશાન છે. આ એવી સમસ્યા છે જેનાથી કોઈ એક દેશ નહીં પણ સમગ્ર વિશ્વમાં સમસ્યા સર્જાઈ છે કારણ કે પૃથ્વીને જે હાની પહોંચી છે તેનું જ પરિણામ હાલ ભોગવવામાં આવી રહ્યું છે. તેના કારણે જ સમગ્ર વિશ્વમાં ગમે ત્યારે વરસાદ, ગરમી, ઠંડી, અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, ખાદ્ય સંકટ અને હવામાન અને વાતાવરણમાં પલટો જેવી સમસ્યાઓ અને બિમારીઓમાં વધારો જેવી ચિંતાઓ વધી છે. તેમાંય ભારતની વાત કરીએ તો અહીંયા ખેતીને વ્યાપક અસર પડી છે. ભારતમાં અંદાજે ૬૦ ટકા લોકો તો ખેતી ઉપર જ આધારિત છે. ગ્લોબલ વોર્મિંગની સૌથી મોટી અસર ખેતી ઉપર પડી છે અને આગામી સમયમાં સ્થિતિ વધારે ખરાબ થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. વાતાવરણમાં જે રીતે વારંવાર પલટો આવી રહ્યો છે તેના કારણે માત્ર ખેત ઉત્પાદનને જ અસર થઈ રહી છે તેવું નથી. તેના કારણે પાકની ગુણવત્તાને પણ વ્યાપક અસર પડી રહી છે. વાતાવરણમાં થઈ રહેલા વારંવાર પલટાના કારણે દેશમાં ખેતીને મોટું જોખમ ઊભું થયું છે અને તેના પગલે ખાદ્ય સુરક્ષાને મોટું જોખમ પણ સર્જાયું છે. ઉલ્લેખનીય છે કે, યુએન અને તેને સંલગ્ન અન્ય સંગઠનો દ્વારા તથા ખાદ્ય અને કૃષિ સંગઠનો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, સતત વધી રહેલી ગરમી, દુકાળ, પૂર, જમીનના પોષકતત્ત્વોમાં થઈ રહેલો ઘટાડો દુનિયાભરને નુકસાન કરી રહ્યો છે. તેમાં પણ મધ્ય-પૂર્વમાં આવેલા દેશોને તેના કારણે વધારે નુકસાન થઈ રહ્યું છે. ક્લાઈમેટ ચેન્જના કારણે ખેતી ઉપર મોટું જોખમ સર્જાયું છે. જાણકારો એવું માને છે કે, ૨૦૪૦ સુધીમાં જો તાપમાનમાં સરેરાશ ૧.૫ ડિગ્રીનો વધારો થશે તો ખેત ઉત્પાદન અને તેની ગુણવત્તા ઉપર વ્યાપક નકારાત્મક અસર પડશે. વધતા કાર્બન ઉત્સર્જનને કારણે આ સદીમાં જ દુનિયાભરમાં ભુખમરો, પૂર, દુકાળ અને નાગરિકોના પલાયન જેવી મોટી સમસ્યાઓ ઊભી કરી દીધી છે. હવે જો ગરમીમાં વધારો થશે તો એશિયાના દેશોમાં ખેત ઉત્પાદનોમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિશ્વમાં વિકાસની આંધળી દોટમાં આપણે એ ભુલી રહ્યા છીએ કે આજે પણ દુનિયામાં એવા કરોડો લોકો છે જેમને રોજિંદા ભોજન માટે પણ વલખાં મારવા પડે છે. તેમને બે ટાઈમ ભોજન પણ મળતું નથી. તેના કારણે સ્થિતિ એવી આવી ગઈ છે કે, ૨૦૩૦ સુધીમાં દુનિયામાંથી ભુખમરો દૂર કરવાનું વૈશ્વિક લક્ષ્યાંક પણ સિદ્ધ થાય તેવું હાલમાં લાગતું નથી. બીજી તરફ દેશમાં જે સરેરાશ વરસાદ થઈ રહ્યો છે તેમાં પણ મોટો તફાવત આવ્યો છે. ઓગણીસમી સદીમાં થઈ રહેલા સરેરાશ વરસાદ કરતા વીસમી સદીમાં વરસાદ ઘટયો છે. આ



ઉપરાંત ગંગોત્રી હિમનદી પણ પ્રતિવર્ષ સુકાઈ રહી છે. અન્ય નદીઓના જળસ્તરમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. પાણીમાં થઈ રહેલા ઘટાડાના કારણે ખેતીમાં પણ મુશ્કેલી આવી રહી છે.

ચિંતાજનક બાબત એ છે કે, એક તરફ ક્લાઈમેટ ચેન્જની અસર ખેત ઉત્પાદન ઉપર પડી રહી છે તો બીજી તરફ પરોક્ષ રીતે પાકની ગુણવત્તામાં ઘટાડો, અનાજની વધતી કિંમતો અને ખેડૂતોની આવકમાં થઈ રહેલો ઘટાડો પણ અસર કરી રહ્યો છે. પાક ઉત્પાદન વધારવામાં ઉપજાઉ જમીન, પાણી, અનુકુળ વાતાવરણ, રોગ અને જીવજંતુઓથી રક્ષણ જેવી બાબતો પણ વ્યાપક અસર કરે છે. આ તમામ પાસાઓમાંથી એકપણ પાસું યોગ્ય ન રહે તો પાક ઉત્પાદનને અસર પડે જ છે. તેમાંય ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે છેલ્લાં એક દાયકામાં તાપમાન વધ્યું છે અને બીજી પણ સમસ્યાઓ સર્જાઈ છે.

કેટલાક પાક એવા હોય છે જેમને ચોક્કસ તાપમાન અને વાતાવરણની જરૂર હોય છે. વાતાવરણમાં ફેરફાર આવે કે તાપમાન વધે એટલે તેમના ઉપર નકારાત્મક અસર શરૂ થઈ જાય છે. ઘઉં, સરસવ, જવ અને બટાકાના ઉત્પાદન માટે ઓછા તાપમાનની જરૂર હોય છે. જેમ જેમ ગરમી વધતી જાય તેમ તેમ તેમના પાકને અસર થવા લાગે છે. તેવી જ રીતે જો ગરમી વધી જાય તો મકાઈ, જુવાર અને અન્ય અનાજને પણ નુકસાન થવાની શક્યતાઓ રહેલી છે. વધુ ગરમીના કારણે આ પાકમાં દાણા ભરાતા નથી અને તેની ગુણવત્તા ઘટી જાય છે. તેના પગલે સરેરાશ નુકસાન જાય છે. ખાસ વાત એ છે કે, ગ્લોબલ વોર્મિંગ ખાદ્ય સુરક્ષાના ચારેય પાસા જેવા કે ભોજનની ઉપલબ્ધતા, ભોજનની પહોંચ, ભોજનનો ઉપયોગ અને ખાદ્ય પદ્ધતિની સ્થિરતા તમામને અસર કરે છે. જો સરેરાશ ગરમીમાં મોટો વધારો થવા લાગે તો આપણી સામે ભોજનની અછત અથવા તો તેની સાથે સંકળાયેલા જોખમો ઊભા થવા માંડે છે. હાલમાં જે રીતે ગરમી વધી રહી છે અને કાર્બન ઉત્સર્જન થઈ રહ્યું છે તેના આધારે એક અંદાજ માંડવામાં આવ્યો છે કે, આ સદીના અંત સુધીમાં પૃથ્વીનું તાપમાન ૩.૭ ડિગ્રીથી ૪.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી શકે છે. સ્વાભાવિક રીતે તેની સીધી અસર ખેતી અને ખેતપેદાશો ઉપર દેખાવાની છે. ઘઉં, જવાર, સરસો, બટાકા જેવા પાકની ખેતી કરવામાં મોટી સમસ્યા આવશે. વધતી ગરમીના કારણે આ પાક ઓછા લેવાશે અથવા તો વારંવાર નિષ્ફળ જાય તેવું પણ બનશે.બીજી તરફ મકાઈ, જવાર અને અન્ય અનાજના પાકમાં પણ જો ભરાયેલા દાણા નહીં આવે અને ગુણવત્તા ઓછી આવશે તો તેની ખેતી પણ નિષ્ફળ જશે. ખેડૂતોને પાક લેવા છતાં નુકસાન જશે. આ અનાજની ખેતી કરવું પણ મુશ્કેલ અથવા તો અશક્ય થવા લાગશે. તાપમાન વધવાથી વરસાદના પ્રમાણમાં પણ ઘટાડો થશે તે સ્વાભાવિક છે. તેના કારણે જમીનના ભેજને પણ નુકસાન થશે. જમીનનો ભેજ ઘટવા લાગશે તો દુકાળ થવાની શક્યતાઓ વધી જશે. ક્લાઈમેટ ચેન્જના કારણે જમીનના પોષણની ગણવત્તાને પણ નુકસાન થઈ શકે છે કારણ કે વધતી ગરમીથી જમીનમાં રહેલો નાઈટ્રોજન ઓછો થવા લાગે છે. તેને વધારવા માટે રાસાયણિક ખાતરોનો હાલમાં પણ વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે અને ભવિષ્યમાં તેનું પ્રમાણ અનેકગણું વધી જશે. તેના પગલે જમીનની પોષણક્ષમતા અને ઉપજાઉ ક્ષમતા ઘટવા લાગશે.

# હેલ્થ કેર વિશેની ચેટબોટ ઉપર અપાતી માહિતી ભરોસાપાત્ર નથી હોતી

ડોક્ટરે લખી આપેલી સલાહ લોકો તરતજ ચેટજીપીટી, જેમીની કે ગ્રોક ખોલીને ચેક કરે છે. લોકો એમ માની બેઠા છે કે ચેટબોટ પર પરફેક્ટ જવાબો મળે છે. આવા લોકો પોતાની જાતને બહુ બાહોશ માનવા લાગે છે અને પોતાને મેડિકલ ક્ષેત્રનું જ્ઞાન હોવાનો ફાંકો રાખતા થઈ જાય છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ChatGPT, Gemini અને Grok મેડિકલ ક્ષેત્રે સલાહ આપવાના બદલે તેમને ગેરમાર્ગે દોરે છે. લોકો તેમની સલાહ સાચી માનીને ભૂલ ભરેલા નિર્ણય લેતા હોય છે.એક મેડિકલ જર્નલમાં પ્રકાશિત થયેલ એક સંશોધન દર્શાવે છે કે લોકપ્રિય AI ચેટબોટ્સ દ્વારા આપવામાં આવતી તબીબી સલાહમાંથી લગભગ ૫૦% સલાહ ખોટી હોય છે. આ સંશોધનમાં પાંચ પ્લેટફોર્મ્સનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જાણવા મળ્યું હતું કે ઓપન-એન્ડેડ -સીધા પૂછપરછમાં ગંભીર ગોટાળા જોવા મળે છે.

જ્યારે હેલ્થકેર માટે AI ના ઉપયોગ અંગે ઘણી ચર્ચાઓ થઈ રહી છે, ત્યારે મેડિકલ જર્નલમાં પ્રકાશિત થયેલા એક નવા



અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લોકપ્રિય AI ચેટબોટ્સ દ્વારા આપવામાં આવતી લગભગ અડધી સલાહ ખોટી હોય છે. અહેવાલમાં કરાયેલા આ અભ્યાસે પાંચ મુખ્ય AI પ્લેટફોર્મનું મૂલ્યાંકન કર્યું હતું, જેથી જનરેટિવ AI પ્લેટફોર્મ્સ સાથે સંકળાયેલા વધતા સ્વાસ્થ્ય જોખમો પર પ્રકાશ પાડી શકાય.આ અઠવાડિયે પ્રકાશિત થયેલા સંશોધનમાં ChatGPT, Gemini, Meta AI, Grok, અને DeepSeeનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંશોધકોએ દરેક ચેટબોટને પાંચ આરોગ્ય શ્રેણીઓમાં ૧૦ પ્રશ્નો પૂછ્યા હતા:

કુલ જનરેટ થયેલા જવાબોમાંથી ૫૦ ટકા જવાબોમાં સમસ્યારૂપ અને ગેરમાર્ગે દોરતી તબીબી માહિતી હતી. અભ્યાસમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે લગભગ ૨૦ ટકા જવાબો 'અત્યંત ગોટાળા વાળા હતા.

અમેરિકા, કેનેડા અને યુકેના સંશોધકોએ શોધી કાઢ્યું કે જ્યારે કેન્સર અને રસી જેવા સ્થાપિત તબીબી વિષયો પર 'હા' કે 'ના' માં જવાબ આપી શકાય તેવા પ્રશ્નો પૂછવામાં આવ્યા, ત્યારે AI એ પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું.

ન્યુટ્રિશન (પોષણ) અને સ્ટેમ સેલ્સ જેવા જટિલ વિષયો અથવા ખુલ્લા પ્રશ્નોના કિસ્સામાં મોડેલો સુરક્ષિત જવાબો આપવામાં નોંધપાત્ર રીતે નિષ્ફળ રહ્યા હતા.રિપોર્ટમાં ઉઠાવવામાં આવેલી એક મોટી ચિંતા એ છે કે આ મોડેલો ક્લિનિકલ જજમેન્ટ અથવા મેડિકલ ડાયગ્નોસિસ માટેના લાઈસન્સ ધરાવતા ન હોવા છતાં અત્યંત સત્તાવાર અને આત્મવિશ્વાસભર્યા લહેજામાં વાત કરે છે.

સંશોધકોએ નોંધ્યું કે AI ચેટબોટ્સ સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નોના જવાબો એટલી ચોકસાઈ અને ખાતરી સાથે આપતા હતા કે જાણે તે સંપૂર્ણ સાચા હોય, ભલે તેઓ તેમના દાવાઓને સમર્થન આપવા માટે સચોટ તબીબી સંદર્ભોની સૂચિ આપી શકતા ન હતા. ચેટબોટ દરેક મડિકલ ક્ષેત્રના જવાબો આપે છે. તેને ના ખબર હોય ત્યારે ભળતી માહિતી આપે છે. અભ્યાસ પરથી એમ કહી શકાય કે યોગ્ય દેખરેખ અને જાહેર શિક્ષણ વિના આ ચેટબોટ્સનો ઉપયોગ ખોટી માહિતીના ફેલાવાને વધારી શકે છે. સંશોધકોએ અહેવાલમાં સમજાવ્યું કે, 'આ પ્રણાલીઓ અધિકૃત લાગે તેવા પણ સંભવિત ખામીયુક્ત જવાબો પેદા કરી શકે છે.'આ અભ્યાસ એવા સમયે આવ્યો છે જ્યારે AI કંપનીઓ હેલ્થકેરમાં તેમના ટૂલ્સને વધુ પ્રબળ બનાવી રહી છે. OpenAI આ વર્ષની શરૂઆતમાં ChatGPT Health લોન્ચ કર્યું હતું, જ્યારે Anthropic એ પણ પેઈડ યુઝર્સ માટે Claude for Healthcare લોન્ચ કર્યું છે, જે વપરાશકર્તાઓને તેમના મેડિકલ રેકોર્ડ્સ સુરક્ષિત રીતે કનેક્ટ કરવાની મંજૂરી આપે છે.

# એન્ટાર્કટિકા પર માલિકી હક્ક માટેના હાસ્યાસ્પદ પ્રયાસ

એન્ટાર્કટિકા પર પોતાના માલિકી હક્ક પ્રસ્થાપિત કરવાના પ્રયાસ આર્જેન્ટિના અને ચિલી, એમ બે દેશોએ કર્યા હતા. વર્ષ ૧૯૭૮ થી ૧૯૮૪ દરમિયાનના છ વર્ષમાં આ બે દેશોએ અલગ અલગ સમયે સગર્ભા સ્ત્રીઓને એન્ટાર્કટિકા મોકલી હતી અને ત્યાં જ સગર્ભાઓની પ્રસુતિ કરાવી હતી. આર્જેન્ટિનાએ લશ્કરના એક કેપ્ટનની સગર્ભા પત્નીને જ્યારે સાતમો મહિનો ચાલતો હતો, ત્યારે તેને એન્ટાર્કટિકા મોકલી હતી. બે મહિના પછી ૭મી જાન્યુઆરી ૧૯૭૮ ના દિવસે કેપ્ટનની પત્નીએ બાળકને જન્મ આપ્યો, જેનું નામ રાખવામાં આવ્યું, એમિલિઓ માર્કોસ પાલ્મા. એક વર્ષ પછી ચિલી દેશ, આર્જેન્ટિનાથી એક કદમ આગળ વધી ગયો. ચિલીએ તો એક દંપતીને જ ત્યાં મોકલી આપ્યું. આ દંપતીએ એન્ટાર્કટિકા ખંડમાં સંસાર માંડયો અને ૨૧મી નવેમ્બર ૧૯૮૪ ના રોજ બાળકને જન્મ આપ્યો. ચિલી દેશના લોકોને તો લાગ્યું કે એન્ટાર્કટિકા પર આપણા દેશનો દાવો આર્જેન્ટિના કરતા વધારે મજબૂત બની ગયો કારણ ચિલીના પતિ-પત્ની એન્ટાર્કટિકા પ્રદેશમાં જ રહ્યા અને પત્ની ત્યાં સગર્ભા બનીને ત્યાં જ બાળકને જન્મ આપ્યો છે...! આ રીતે આર્જેન્ટિના અને ચિલીએ વારાફરતી પોતાને ત્યાંની કેટલીક સગર્ભા સ્ત્રીઓને દક્ષિણ ધ્રુવના પ્રદેશમાં મોકલવા માંડી, અને છ વર્ષના સમયગાળામાં આ બે દેશોના મળીને કુલ ૧૧ બાળકો એન્ટાર્કટિકામાં જન્મ્યા. વધારે આશ્ચર્યની હકીકત તો એ છે કે એન્ટાર્કટિકાના પ્રદેશમાં મેડિકલ સવલત નહિવત છે અને ભયંકર ઠંડી હોવા છતાં આ ૧૧ બાળકો જીવતા રહ્યા છે. પણ એ પછીની વિવાદાસ્પદ વાત એ છે કે તમે આજે પ્રશ્ન પૂછો કે એન્ટાર્કટિકા ખંડની માલિકી કોની છે? તમે આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, ચિલી, ફ્રાન્સ, ન્યુઝિલેન્ડ નોર્વે અને યુ.કે.ને પુછો તો એ દેશો કહેશે માલિકી અમારી છે, પણ તમે વિશ્વના બીજા દેશોને પૂછો તો તેઓ કહે છે કે એન્ટાર્કટિકા પર કોઈની માલિકી નથી. છેવટે આજની સ્થિતિ એ છે કે એન્ટાર્કટિકા ખંડ પર એક પણ દેશની માલિકી નથી. તા. ૧ ડિસેમ્બર ૧૯૫૯ ના દિવસે થયેલી ''The Antarctic Treaty '' મુજબ લગભગ ૫૦ દેશોના ગુરૂપ દ્વારા હાલ એન્ટાર્કટિકાનું સંચાલન થાય છે. આ વિસ્તારમાં વૈજ્ઞાનિક સંશોધન માટે તેમજ ટૂરિઝમ માટે જ મંજૂરી અપાય છે. આ વિસ્તારમાં કોઈપણ પ્રકારની લશ્કરી પ્રવૃત્તિ કે ખાણ-ખનિજ માટે ખોદકામની મંજૂરી નથી અપાતી. એન્ટાર્કટિકા પાંચમો સૌથી મોટો ખંડ છે. યુરોપ કરતાં તે ૪૦ ટકા મોટો છે. ૧,૪૨,૦૦,૦૦૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલા આ સમગ્ર ખંડમાં બરફની ચાદર છવાયેલી છે. અગાઉ જોયું તેમ એન્ટાર્કટિકા ''ice Sheet '' ની સરેરાશ જાડાઈ ૧.૯ કિ.મી. જેટલી છે. પૃથ્વી પરના એક અલગ પ્રકારના ખંડની ખાસિયતો અને અવનવી લાક્ષણિકતાઓ જાણી-સમજી લીધા પછી હવે આપણે મૂળ વિષય પર આવીએ--બ્રિટિશ સાહસવીર અર્નેસ્ટ શેકલટનની સાહસકથા. એન્ટાર્કટિકાના સંશોધકો પૈકી અર્નેસ્ટ શેકલટનનું (૧૮૭૪-૧૯૨૨) નામ સૌથી મોટું છે. અને અત્યંત આદરપૂર્વક લેવાય છે. દક્ષિણ ધ્રુવ સર કરનાર કેપ્ટન સ્કોટ (૧૯૦૧-૧૯૦૩) ની સાહસિક ટીમના શેકલટન એક સભ્ય હતા અને તે પછી ૧૯૦૭ માં શેકલટન પોતાની બીજી ટીમ સાથે ફરી સાઉથ પોલની સાહસયાત્રાએ નીકળ્યા હતા. જે બદલ બ્રિટિશ સરકારે તેમને નાઈટહુડના ખિતાબથી નવાજ્યા હતા.

# ડિજિટલ પેમેન્ટ જોખમી બની રહ્યા છેઃ ઓનલાઇન સ્કેમર્સ વધુ સ્માર્ટ

ડિજિટલ ભારતમાં વધતી કેટલીક સવલતોની સાથે તેને પડકારતાં કેટલાંક દૂષણો પણ આવી જાય છે. જેમ કે ડિજીટલ પેમેન્ટ્સ આશિર્વાદરૂપ બન્યું છે. નાના-મોટા સૌ તેનો આસાનીથી ઉપયોગ કરી રહ્યા છે. આ ટ્રાન્ઝેક્શન્સ ખૂબ જ ઝડપથી થાય છે, પરંતુ તેની સાથે છેતરપિંડીના કિસ્સાઓ પણ તેટલી જ ઝડપથી વધી રહ્યા છે. ડિજિટલ ભારતમાં નવી ટેકનોલોજી આપતા સોફ્ટવેર ટેકનોલોજીસ્ટો જેટલા સ્માર્ટ છે તેટલા જ, કદાચ તેનાથી વધુ સ્માર્ટ ઓનલાઈન સ્કેમ કરનારાઓ છે.ઓનલાઈન પેમેન્ટ્સ સેકન્ડોમાં થાય છે, અને છેતરપિંડી પણ એટલી જ ઝડપથી વધી રહી છે. ભારતની ડિજિટલ ક્રાંતિએ પેમેન્ટ્સને સરળ બનાવ્યું છે. દુર્ભાગ્યે તેનો દુરુપયોગ કરવાનું પણ તેટલું જ સરળ બન્યું છે. નકલી ઓળખથી લઈને ડિજિટલ એરેસ્ટ સુધીની છેતરપિંડી કરનારાઓને રોકવા માટે બનેલી સિસ્ટમ કરતાં વધુ ઝડપથી સ્કેમ કરનારા આગળ વધી રહ્યા છે, અને વપરાશકર્તાઓએ તેની કિંમત ચૂકવવી પડી રહી છે.


મોટાભાગના મોટા ફ્રોડમાં લોન સ્ટેકીંગ (ર્નચહ જાચબૈંહય), સિન્થેટિક આઈડેન્ટિટી અને મુલે એકાઉન્ટ્સનો ઉપયોગ થાય છે. ૨૦૨૬માં ડિજિટલ છેતરપિંડી સામે લડવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નવા નિયમો બનાવ્યા પાછળનો મૂળ હેતુ સાયબર ફ્રોડ અટકાવવાનો છે. અનેક નિષ્ણાતોને સાથે સઘન ચર્ચા કર્યા બાદ નવા નિયમો બનાવાય છે, પરંતુ સાયબર ફ્રોડ કરનારાઓને રોકવા કે તેમની ગેંગને પકડવા સુધી પહોંચી શકાતું નથી. ફ્રોડ કરનારા માત્ર વિદેશમાં નહીં, પણ ભારતમાં જ નાના ટાઉન લેવલે પણ માથું ઉંચકી રહ્યા છે. સ્થાનિક સ્તરે ચાર-પાંચ લોકોની ટોળકી ભેગી થઈને સિનિયર સિટીઝનને ડિજિટલ એરેસ્ટ હેઠળ ખંખેરી લેતી હોય છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા હવે ઈન્સ્ટન્ટ ટ્રાન્સફરને રોકવા માગે છે. પૈસા ત્વરિત ટ્રાન્સફર થતા હોવાથી સ્કેમ કરનારાના મૂળ સુધી પહોંચી શકાતું નથી.


ઝડપને કારણે તપાસ માટે સમય ન મળતો હોવાથી ચોક્કસ વ્યવહારો માટે થોડો વિલંબ (જર્રિ ગીનચઅજ) દાખલ કરવા જેવા વિચારો પર કામ કરી રહી છે, જેથી છેતરપિંડી પકડવા માટે સમય મળી રહે. મૂલે એકાઉન્ટ જેવાં ખાતાં છે જેનો ઉપયોગ ચોરીના પૈસા ફેરવવા માટે થાય છે. આવા ૧૧ લાખથી વધુ ખાતાં મળી આવ્યાં છે. હજુ આવાં ખાતાં ધરાવનારા પકડાઈ રહ્યા છે.ઓનલાઈન ફ્રોડ કરનારાની સંખ્યા વધી રહી છે, કેમ કે હવે તો ઝારખંડ અને ઈન્દોર જેવાં શહેરોમાં ફ્રોડ કરવાનું શીખવાડતા ક્લાસીસ શરૂ થયા છે. યુવાનો તેને આસાન બિઝનેસ સમજી બેઠા છે. હવે છેતરપિંડી કરવા માટે કોઈ ખાસ ટેકનિકલ જ્ઞાનની જરૂર નથી. સ્કેમ કરવા માટેના ટૂલ્સ અને ડેટા ઓનલાઈન ભાડે મળે છે.કેટલાક આંકડા ચોંકાવી દે તેવા છે. ૨૦૨૫માં ફ્રોડ કેસની સંખ્યા ૨૮ લાખ હતી. ફ્રોડની કુલ રકમ (૨૦૨૫) રૂ. ૨૨,૯૩૧ કરોડ હતી. દર પાંચમાંથી ૧ યુઝર વ્યક્તિ છેતરપિંડીનો ભોગ બની છે. બેંક ફ્રોડની રકમ (૨૦૨૪-૨૫) રૂા. ૩૬,૦૧૪ કરોડ પર પહોંચી છે. હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર ૨૫ લાખ જેટલી ફરિયાદો મળી છે. નાના-મોટા ૨૧,૮૫૭ ફ્રોડ કરનારા ધરપકડ કરાઈ છે.ખરેખર છેતરપિંડી કરનારાઓ હવે વધુ સ્માર્ટ બન્યા છે. તેઓ હવે નાના ફ્રોડ કરવાને બદલે મોટાં ટાર્ગેટ પર ધ્યાન આપી રહ્યા છે. ટેકનોલોજી જેટલી ઝડપથી વધી રહી છે, સુરક્ષા માટેના પગલાં પણ તેટલા જ કડક હોવા જરૂરી છે.

ઓસ્કર મેળવવા 'રામાયણ'ના મેકર્સનો માસ્ટરસ્ટ્રોક

# અમેરિકામાં ગણ્યા-ગાંઠ્યા લોકોને સ્પેશિયલ ફૂટેજ દેખાડ્યા, વોર્નર બ્રધર્સ સાથે મોટી ડીલની ચર્ચા

## અમેરિકાના લાસ વેગાસમાં યોજાયેલા સિનેમા જગતના મોટા ઈવેન્ટ 'સિનેમાકોન' (CinemaCon)માં આ ફિલ્મનું લગભગ 20 મિનિટનું અનસીન ફૂટેજ બતાવવામાં આવ્યું





રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'ને લઈને ગ્લોબલ લેવલ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. અમેરિકાના લાસ વેગાસમાં યોજાયેલા સિનેમા જગતના મોટા ઈવેન્ટ 'સિનેમાકોન' (CinemaCon)માં આ ફિલ્મનું લગભગ 20 મિનિટનું અનસીન ફૂટેજ બતાવવામાં આવ્યું. પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા અને યશે માત્ર ફિલ્મની પહેલી ઝલક જ રજૂ કરી નથી, પરંતુ વિદેશી મીડિયા સાથે પણ વાત કરી હતી. ફૂટેજ જોનારા નિષ્ણાતોનું માનવું છે કે આ ફિલ્મ ભારતીય સિનેમા માટે ઓસ્કરનો માર્ગ મોકળો કરી શકે છે. સિનેમાકોન સંબંધિત રિપોર્ટ્સ અનુસાર, વોર્નર બ્રધર્સ આ ફિલ્મના ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીબ્યુટર તરીકે જોડાઈ શકે છે. જો આવું થાય છે, તો ફિલ્મને અમેરિકા સહિત દુનિયાભરમાં મોટું પ્રમોશન મળશે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, ફિલ્મ આ વર્ષે નવેમ્બરમાં લગભગ 4500 સ્ક્રીન્સ પર વૈશ્વિક સ્તરે રિલીઝ કરવામાં આવશે. જોકે, હજુ સુધી મેકર્સ કે વોર્નર બ્રધર્સ તરફથી આ ડીલ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.તાજેતરમાં જ્યારે 'રામાયણ'ની પહેલી ઝલક સામે આવી હતી, ત્યારે સોશિયલ મીડિયા પર તેના VFXની ઘણી ટીકા થઈ હતી. પરંતુ સિનેમાકોનમાં ફૂટેજ જોનારા નિષ્ણાતોનું કહેવું છે કે ફિલ્મના વિઝ્યુઅલ્સમાં કોઈ કમી નથી.તેમના મતે, જે પ્રકારની નેરેટિવ સ્ટાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો છે,તે દર્શકોને ફિલ્મ સાથે જોડી રાખશે. નોંધનીય છે કે, આ ફિલ્મના VFXની જવાબદારી નમિત મલ્હોત્રાની કંપની 'પ્રાઈમ ફોકસ' સંભાળી રહી છે, જે હોલીવુડની ઘણી મોટી ફિલ્મો પર કામ કરી ચૂકી છે.આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ અને સાઈ પલ્લવી માતા સીતાના પાત્રમાં જોવા મળશે. KGF સ્ટાર યશ ફિલ્મમાં રાવણનો રોલ ભજવી રહ્યો છે. મેકર્સ તેને ફક્ત ભારત પૂરતું સીમિત ન રાખીને આખી દુનિયા સામે એક ભારતીય મહાકાવ્ય તરીકે રજૂ કરવા માંગે છે.

યુટ્યુબ ચેનલ 'Mr Like It Or Not' ના ક્રિએટરે દાવો કર્યો છે કે તેઓ તે 15 લોકોમાં સામેલ હતા, જેમને ફિલ્મનો 20 મિનિટનો ફૂટેજ બતાવવામાં આવ્યો હતો. તેમના મતે, ફિલ્મના વિઝ્યુઅલ્સ ખૂબ જ શાનદાર છે અને આ એક ભવ્ય એપિક વાર્તા લાગી રહી છે.ક્રિએટરે કહ્યું, 'આ ફિલ્મ ઈન્ટરનેશનલ લેવલ પર મોટો ધમાકો કરશે. મને પૂરો વિશ્વાસ છે કે મેકર્સ તેને ઓસ્કરમાં 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ' કેટેગરી માટે ચોક્કસ મોકલશે.'

આ વર્ષે હનુમાન જયંતિના અવસરે 'રામાયણ'માંથી રામના પાત્રનું પહેલું ટીઝર રિલીઝ કરાયું હતું.આ વર્ષે હનુમાન જયંતિના અવસરે 'રામાયણ'માંથી રામના પાત્રનું પહેલું ટીઝર રિલીઝ કરાયું હતું.

સિનેમાકોન સંબંધિત રિપોર્ટ્સ અનુસાર, વોર્નર બ્રધર્સ આ ફિલ્મના ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીબ્યુટર તરીકે જોડાઈ શકે છે. જો આવું થાય છે, તો ફિલ્મને અમેરિકા સહિત દુનિયાભરમાં મોટું પ્રમોશન મળશે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, ફિલ્મ આ વર્ષે નવેમ્બરમાં લગભગ 4500 સ્ક્રીન્સ પર વૈશ્વિક સ્તરે રિલીઝ કરવામાં આવશે. જોકે, હજુ સુધી મેકર્સ કે વોર્નર બ્રધર્સ તરફથી આ ડીલ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.તાજેતરમાં જ્યારે 'રામાયણ'ની પહેલી ઝલક સામે આવી હતી, ત્યારે સોશિયલ મીડિયા પર તેના VFXની ઘણી ટીકા થઈ હતી. પરંતુ સિનેમાકોનમાં ફૂટેજ જોનારા નિષ્ણાતોનું કહેવું છે કે ફિલ્મના વિઝ્યુઅલ્સમાં કોઈ કમી નથી.તેમના મતે, જે પ્રકારની નેરેટિવ સ્ટાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે દર્શકોને ફિલ્મ સાથે જોડી રાખશે. નોંધનીય છે કે, આ ફિલ્મના VFXની જવાબદારી નમિત મલ્હોત્રાની કંપની 'પ્રાઈમ ફોકસ' સંભાળી રહી છે, જે હોલીવુડની ઘણી મોટી ફિલ્મો પર કામ કરી ચૂકી છે.આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ અને સાઈ પલ્લવી માતા સીતાના પાત્રમાં જોવા મળશે. KGF સ્ટાર યશ ફિલ્મમાં રાવણનો રોલ ભજવી રહ્યો છે. મેકર્સ તેને ફક્ત ભારત પૂરતું સીમિત ન રાખીને આખી દુનિયા સામે એક ભારતીય મહાકાવ્ય તરીકે રજૂ કરવા માંગે છે.

વિવાદ વધતા ક્લોથિંગ બ્રાન્ડે આપ્યો ઉદ્ધત જવાબ

# આલિયા ભટ્ટના નામે પાકિસ્તાનમાં મોટી છેતરપિંડી એક્ટ્રેસના ફોટો સાથે AIથી છેડછાડ કરી કપડાંનું વેચાણ



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સામાન્ય માણસોની સાથે સાથે સેલિબ્રિટીઓ માટે પણ જોખમી બની રહ્યુ છે. તાજેતરમાં પાકિસ્તાની એક કપડાંની બ્રાન્ડએ બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટની AIથી મોર્ફ્ડ કરેલી તસવીરો પોસ્ટ કરી છે. જેને લઈને સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો છે. વાસ્તવમાં પાકિસ્તાની ક્લોથિંગ બ્રાન્ડ 'વજાયશા ઓફિશિયલ'એ પોસ્ટ કરેલા ફોટોમાં આલિયા તેમના બ્રાન્ડના એથનિક કલેક્શન પહેરેલી જોવા મળી રહી છે. પાકિસ્તાની બ્રાન્ડે સોશિયલ મીડિયા પર પોતાના કલેક્શનને પ્રમોટ કરવા આલિયાના ફોટોઝનો ઉપયોગ કર્યો છે. નોંધનીય છે કે, આ કોઈ ઓફિશિયલ શૂટ નથી, પરંતુ આલિયાની જૂની તસવીરોને AI અને ડિજિટલ એડિટિંગ દ્વારા બ્રાન્ડના કપડાં પર સુપરઈમ્પોઝ (ચોંટાડવામાં) કરવામાં આવી છે. પાકિસ્તાની બ્રાન્ડ આલિયાની AI તસવીરો દ્વારા તેના સિલ્ક કલેક્શનનું પ્રમોશન કરી રહ્યું છે.બ્રાન્ડે પોતાના કપડાં પર આલિયા ભટ્ટનો ચહેરો AIથી લગાવ્યો છે.આ રીતે બ્રાન્ડની ચોરી પકડાઈ 16 એપ્રિલે બ્રાન્ડે ઈન્સ્ટાગ્રામ પર એક કેરોયુઝલ પોસ્ટ કરી. તેમાં આલિયાને ઘેરા લાલ, ટીલ અને બ્લેક કલરના સિલ્ક સૂટમાં બતાવવામાં આવી હતી. બ્રાન્ડે કેપ્શનમાં લખ્યું- 'આલિયા ભટ્ટને પણ અમારું શીશા સિલ્ક કલેક્શન પસંદ છે.' પરંતુ ધ્યાનથી જોતા ખબર પડે છે કે આ તસવીરો એક્ટ્રેસની અલગ-અલગ ઈવેન્ટ્સમાંથી લેવામાં આવી છે.તેમાં આલિયાનો 2024નો લોરિયલ પેરિસ રેમ્પ વોકનો 'વેટ હેર લુક' અને તેના સબ્યસાચી ફોટોશૂટના ઘરેણાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ફેબ્રુઆરી 2026ના ગુચી મિલાન ફેશન વીકના તેના લુકને પણ એડિટ કરવામાં આવ્યો છે.બ્રાન્ડે દાવો કર્યો કે, 'આલિયા ભટ્ટને અમારું કલેક્શન પસંદ પડી રહ્યુ છે.' બ્રાન્ડે દાવો કર્યો કે, 'આલિયા ભટ્ટને અમારું કલેક્શન પસંદ પડી રહ્યુ છે.' બ્રાન્ડ બોલી- 'અમને વાયરલ કરી દો' આ પોસ્ટ પર ચાહકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. ઘણા યુઝર્સે પૂછ્યું કે, 'શું આલિયાને આ વિશે ખબર પણ છે?' આના પર બ્રાન્ડે કોઈપણ ડર વિના હસતા ઈમોજી સાથે જવાબ આપ્યો- 'કૃપા કરીને તેને વાયરલ કરી દો, જેથી તેમને પણ ખબર પડી જાય.' જ્યારે એક યુઝરે ચેતવણી આપી કે 'તેઓ તમારા પર કેસ (Sue) કરશે.' ત્યારે બ્રાન્ડે જવાબ આપ્યો- 'ના, તેઓ આવું નહીં કરે.'યુઝર્સે આલિયાને ટેગ કરીસોશિયલ મીડિયા પર હવે આ બ્રાન્ડને ખૂબ ટ્રોલ કરવામાં આવી રહી છે. ઘણા યુઝર્સે તેને કોપીરાઈટનું ઉલ્લંઘન ગણાવ્યું છે. એક યુઝરે લખ્યું, 'આ સંપૂર્ણપણે AIનું કામ છે, હું આ આલિયાને મોકલીશ.' ચાહકો સતત આલિયા ભટ્ટ અને તેની ટીમને ટેગ કરી રહ્યા છે, જેથી આ કોમર્શિયલ છેતરપિંડી પર કાર્યવાહી કરી શકાય.

પરંતુ ધ્યાનથી જોતા ખબર પડે છે કે આ તસવીરો એક્ટ્રેસની અલગ-અલગ ઈવેન્ટ્સમાંથી લેવામાં આવી છે.તેમાં આલિયાનો 2024નો લોરિયલ પેરિસ રેમ્પ વોકનો 'વેટ હેર લુક' અને તેના સબ્યસાચી ફોટોશૂટના ઘરેણાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ફેબ્રુઆરી 2026ના ગુચી મિલાન ફેશન વીકના તેના લુકને પણ એડિટ કરવામાં આવ્યો છે.બ્રાન્ડે દાવો કર્યો કે, 'આલિયા ભટ્ટને અમારું કલેક્શન પસંદ પડી રહ્યુ છે.' બ્રાન્ડે દાવો કર્યો કે, 'આલિયા ભટ્ટને અમારું કલેક્શન પસંદ પડી રહ્યુ છે.' બ્રાન્ડ બોલી- 'અમને વાયરલ કરી દો' આ પોસ્ટ પર ચાહકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. ઘણા યુઝર્સે પૂછ્યું કે, 'શું આલિયાને આ વિશે ખબર પણ છે?' આના પર બ્રાન્ડે કોઈપણ ડર વિના હસતા ઈમોજી સાથે જવાબ આપ્યો- 'કૃપા કરીને તેને વાયરલ કરી દો, જેથી તેમને પણ ખબર પડી જાય.' જ્યારે એક યુઝરે ચેતવણી આપી કે 'તેઓ તમારા પર કેસ (Sue) કરશે.' ત્યારે બ્રાન્ડે જવાબ આપ્યો- 'ના, તેઓ આવું નહીં કરે.'યુઝર્સે આલિયાને ટેગ કરીસોશિયલ મીડિયા પર હવે આ બ્રાન્ડને ખૂબ ટ્રોલ કરવામાં આવી રહી છે. ઘણા યુઝર્સે તેને કોપીરાઈટનું ઉલ્લંઘન ગણાવ્યું છે. એક યુઝરે લખ્યું, 'આ સંપૂર્ણપણે AIનું કામ છે, હું આ આલિયાને મોકલીશ.' ચાહકો સતત આલિયા ભટ્ટ અને તેની ટીમને ટેગ કરી રહ્યા છે, જેથી આ કોમર્શિયલ છેતરપિંડી પર કાર્યવાહી કરી શકાય.જોકે, હજુ સુધી આલિયા ભટ્ટ દ્વારા આ અંગે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

સ્ટાર કિડનાં આ ટ્રાન્સફોર્મેશને બધાનું ધ્યાન ખેંચ્યું

# ઐશ્વર્યાએ દીકરીને આપી ખાસ સરપ્રાઇઝ, :એરપોર્ટ પર મમ્મીને જોઈ આરાધ્યા ભેટી પડી, માથા પર ટોપી-લાંબા વાળ



વિશ્વ સુંદરી' ઐશ્વર્યા રાય બચ્ચન તેના પરિવારને પ્રાધાન્ય આપે છે, તે વાત કોઈનાથી છુપાયેલી નથી. તેવામાં એક્ટ્રેસનો એક સુંદર વીડિયો સામે આવ્યો છે, જેમાં તે દીકરી આરાધ્યાને લેવા માટે મુંબઈ એરપોર્ટ પર પહોંચી હતી. મમ્મીને જોઈને આરાધ્યા પણ સરપ્રાઈઝ થઈ ગઈ હતી. આ દરમિયાન ઐશ્વર્યા દીકરી અને તેના મિત્રો માટે પર્સનલ ફોટોગ્રાફર પણ બની ગઈ હતી.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં ઐશ્વર્યા રાય બચ્ચન મુંબઈ એરપોર્ટ પર અરાઈવલ પાસે ઊભી હોય છે. જેવી આરાધ્યા એરપોર્ટની બહાર નીકળી, ઐશ્વર્યા તેને જોઈને હરખાઈ ગઈ અને પોતાનો ફોન કાઢીને દીકરીના ફોટો અને વીડિયો લેવાનું શરૂ કરી દીધું. આરાધ્યાની ખુશીનો પણ પાર ન રહ્યો અને તે સીધી મમ્મી ઐશ્વર્યાને ગળે વળગી ગઈ.આરાધ્યાને જોતા જ ઐશ્વર્યાએ પોતાનો ફોન કાઢ્યો અને ફોટો-વીડિયો લેવા લાગી.

સરપ્રાઈઝ થઈ ગયેલી આરાધ્યા પણ દોડતી આવીને સીધી મમ્મી ઐશ્વર્યાને ગળે વળગી ગઈ.એટલું જ નહીં, ઐશ્વર્યાએ આરાધ્યા અને તેના મિત્રોના પણ ફોટો અને વીડિયો ક્લિક કર્યાં હતાં. વાસ્તવમાં આરાધ્યા પોતાની સ્કૂલ ટ્રિપ પરથી પરત ફરી હતી, ત્યારે તેને આ સરપ્રાઈઝ મળ્યું હતું.ઐશ્વર્યાએ આરાધ્યાના મિત્રોના ફોટો પણ ક્લિક કર્યાં.આરાધ્યાના ટ્રાન્સફોર્મેશને ચાહકોના દિલ જીત્યાઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની 14 વર્ષની દીકરી આરાધ્યાનું ભલે પોતાનું કોઈ સોશિયલ મીડિયા એકાઉન્ટ ન હોય, પરંતુ તે સતત યુઝર્સ વચ્ચે ચર્ચાનું કારણ રહે છે. આરાધ્યા હંમેશા તેની મમ્મી સાથે જોવા મળે છે. અત્યારસુધી આરાધ્યા મોટાભાગે ફ્રન્ટ બેંગ્સ હેરસ્ટાઈલમાં જોવા મળતી હતી. પરંતુ ગત વર્ષે અનંત અંબાણીના પ્રી-વેડિંગ ફંક્શન્સમાં તેનો લુક થોડો બદલાયેલો દેખાયો હતો. જોકે, તાજેતરમાં એરપોર્ટ પર તેનો ઘણો અલગ લુક જોવા મળી રહ્યો હતો.ટીનેજર આરાધ્યાએ વ્હાઈટ ટી-શર્ટ અને બ્લેક ટ્રાઉઝર પહેર્યાં હતાં. આ સાથે જ તેણે લાંબા વાળને ખુલ્લા રાખ્યાં હતાં અને એક કેપ પહેરી હતી. આરાધ્યાનો આ ફિનિશ્ડ અને પરિપક્વ લુક ચાહકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. તેની એનર્જી જોઈને ચાહકો પ્રેમ વરસાવી રહ્યા છે.

સ્કૂલ ટ્રિપ પરથી પરત ફરેલી આરાધ્યાનો સ્પોર્ટી લુક જોવા મળ્યો હતો.અભિષેક બચ્ચને પણ અગાઉ એક ઈન્ટરવ્યુમાં ઐશ્વર્યાના 'હેન્ડ્સ-ઓન મોમ' હોવાના વખાણ કર્યા હતા. તેણે કહ્યું હતું કે, ઐશ્વર્યાના કારણે જ તેઓ નિશ્ચિંત થઈને બહાર કામ કરી શકે છે. અભિષેક અનુસાર, 'ઐશ્વર્યાએ આરાધ્યાને ખૂબ જ સામાન્ય બાળપણ આપ્યું છે.'

અભિષેક બચ્ચને ઐશ્વર્યાના ખોબલે ખોબલે વખાણ કર્યા હતા.અભિષેકે આગળ કહ્યું, 'ઘરમાં આટલા મોટા કલાકારો અને ખ્યાતિ હોવા છતાં, આરાધ્યાને ક્યારેય એવું અનુભવવા દેવામાં આવ્યું નથી કે, તેનો પરિવાર ખૂબ જ ખાસ છે. તે એક સામાન્ય બાળકની જેમ શાળાએ જવાનું અને મિત્રો સાથે રમવાનું પસંદ કરે છે.'

મોહનલાલનો તોડ્યો રેકોર્ડ

# 10 કરોડનું બજેટ અને 200 કરોડની કમાણી! 'વાઝા 2'એ બોક્સ ઓફિસ પર મચાવી ધૂમ




મલયાલમ સિનેમા હંમેશા તેની વિશિષ્ટ વાર્તાઓને કારણે જાણીતું રહ્યું છે, પરંતુ તાજેતરમાં બોક્સ ઓફિસ પર 'વાઝા 2: બાયોપિક ઓફ અ બિલિયન બોયઝ' ફિલ્મે અકલ્પનીય સફળતા મેળવીને સૌને ચોંકાવી દીધા છે. જ્યાં મોટા બજેટની ફિલ્મોને 100 કરોડ સુધી પહોંચતા પરસેવો પડી જાય છે, ત્યાં 'વાઝા 2' એ રિલીઝના માત્ર 20 દિવસમાં જ વિશ્વભરમાં 200 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કરીને મોલિવૂડના અનેક જૂના રેકોર્ડ્સ તોડી નાખ્યા છે. આ ફિલ્મની સફળતામાં 'વર્ડ ઓફ માઉથ' એટલે કે લોકોની પ્રશંસાએ મુખ્ય ભૂમિકા ભજવી છે, જેના કારણે રિલીઝના ત્રીજા અઠવાડિયે પણ સિનેમાઘરોમાં પ્રેક્ષકોની ભીડ યથાવત જોવા મળી રહી છે. આંકડાકીય દૃષ્ટિએ જોઈએ તો, 'વાઝા 2' એ ભારતીય બોક્સ ઓફિસ પર અત્યાર સુધીમાં આશરે 111.10 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી લીધું છે. આ સાથે જ તેણે મલયાલમ સુપરસ્ટાર મોહનલાલની ફિલ્મ 'L2: Empuraan'ના 106.77 કરોડના લાઈફટાઈમ કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે. વિશ્વભરના આંકડાની વાત કરીએ તો, ભારતમાં 128.47 કરોડ ગ્રોસ અને વિદેશોમાં 83.55 કરોડની કમાણી સાથે ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ કલેક્શન 212.02 કરોડને પાર કરી ગયું છે. 200 કરોડની ક્લબમાં સામેલ થનારી આ પાંચમી મલયાલમ ફિલ્મ બની ગઈ છે.સાવિન સાના નિર્દેશનમાં અને વિપિન દાસ દ્વારા લખાયેલી આ ફિલ્મની વાર્તા હાસિર, આલન, અજીન અને વિનાયક નામના ચાર મિત્રોની આસપાસ ફરે છે. સમાજ અને પરિવાર જેમને 'લૂઝર્સ' માને છે, તેવા આ ચાર યુવકો કેવી રીતે પોતાની ઓળખ શોધવા માટે સેલ્ફ-ડિસ્કવરીની સફર પર નીકળે છે, તેનું ભાવુક અને મનોરંજક નિરૂપણ કરવામાં આવ્યું છે. આ યુવાનોનો લડકપનથી મેચ્યોરિટી સુધીનો પ્રવાસ દર્શકોને ખૂબ જ સ્પર્શી ગયો છે.

સલમાન ખાનની 'રાજા શિવાજી'માં એન્ટ્રી

# રિતેશ દેશમુખે 'બિગ બોસ મરાઠી'માં જાહેરાત કરી, પાત્ર અંગે સસ્પેન્સ યથાવત



બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે, જેણે ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જગાવ્યો છે. એક્ટર-ડિરેક્ટર રિતેશ દેશમુખે તેની આગામી ફિલ્મ 'રાજા શિવાજી'માં સલમાનની એન્ટ્રી કન્ફર્મ કરી દીધી છે.રિતેશ દેશમુખે આ જાહેરાત તાજેતરમાં 'બિગ બોસ મરાઠી સીઝન 6' દરમિયાન કરી હતી. તેણે સ્પષ્ટ કહ્યું કે, 'સલમાન ખાન આ ફિલ્મમાં એક મોટી અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાના છે.' આ ખુલાસા પછી સોશિયલ મીડિયા પર ફિલ્મને લઈને ચર્ચા તેજ બની ગઈ છે અને ચાહકો હવે સલમાનના પાત્રને લઈને અટકળો લગાવી રહ્યા છે.રાજા શિવાજી'માં સલમાન ખાન 'જીવા મહાલા'નું પાત્ર ભજવે તેવી શક્યતા છે. જોકે, ફિલ્મમાં સલમાન ખાન કઈ ભૂમિકામાં જોવા મળશે, તે અંગે હજુ સસ્પેન્સ યથાવત છે. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તે છત્રપતિ શિવાજી મહારાજના નજીકના સહયોગી જીવા મહાલાનું પાત્ર ભજવી શકે છે, પરંતુ મેકર્સે આ અંગે સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી.

'રાજા શિવાજી' એક ભવ્ય ઐતિહાસિક ફિલ્મ છે, જે મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજના જીવન, વીરતા અને નેતૃત્વ પર આધારિત છે. આ ફિલ્મમાં રિતેશ દેશમુખ પોતે શિવાજી મહારાજની ભૂમિકા ભજવી રહ્યા છે અને તેના ડિરેક્શનની કમાન પણ તેણે જ સંભાળી છે.ફિલ્મની સ્ટાર કાસ્ટ પણ ઘણી દમદાર છે. તેમાં અભિષેક બચ્ચન, સંજય દત્ત, વિદ્યા બાલન અને જેનેલિયા દેશમુખ સહિત ઘણા મોટા નામ સામેલ છે. સલમાન ખાનના જોડાવાથી ફિલ્મનો સ્કેલ વધુ મોટો થઈ ગયો છે, જેનાથી તેને પાન-ઈન્ડિયા સ્તરે જબરદસ્ત ફાયદો મળવાની અપેક્ષા છે.આ ફિલ્મ 1 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ શકે છે. હાલમાં, સલમાન ખાનના રોલને લઈને બનેલો સસ્પેન્સ જ આ ફિલ્મની સૌથી મોટી ચર્ચા બની ગયો છે.પિતાને યાદ કરીને રિતેશ દેશમુખ સ્ટેજ પર રડી પડ્યો:છત્રપતિ શિવાજીનું પાત્ર ભજવતી વખતે પિતાની ખોટ સાલી, પત્ની જેનેલિયા પણ આંસુ રોકી ન શકીરિતેશ દેશમુખની ફિલ્મ 'રાજા શિવાજી'નું દમદાર ટ્રેલર રિલીઝ થયું છે. મુંબઈમાં ફિલ્મની ટ્રેલર લોન્ચ ઈવેન્ટ યોજાઈ હતી. આ દરમિયાન રિતેશ દેશમુખ ભાવુક થઈ ગયો હતો. 'છત્રપતિ શિવાજી મહારાજ'ના પાત્ર વિશે વાત કરતા કરતા તેને ગળે ડુમો ભરાઈ ગયો હતો, અને તે સ્ટેજ પર જ રડી પડ્યો હતો. શિવાજીનું પાત્ર ભજવવાના પડકારો વિશે જણાવતા સમયે તેણે પિતા વિલાસરાવ દેશમુખને યાદ કર્યા હતા. દરમિયાન વાતાવરણ ભાવનાત્મક બની ગયું હતું. પતિની આંખોમાં આંસુ જોઈને જેનેલિયા ડિસોઝા પણ રડી પડી હતી.